MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૩૧-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મોદીએ સાબિત કરી બતાવ્યુ કે કોરોના સામે લડાઇ કેવી રીતે લડાયઃ નડ્ડા

5 વડાપ્રધાન મોદીએ ૬ વર્ષોમાં ઘણી ઐતિહાસિક ભૂલો સુધારીઃ અમિત શાહ

8 રીક્ષાચાલકોને ઉગારવા પ્રતિમાસ ૭ હજાર અને લાઇટબિલ-ફી માફ કરવા બાપુની માંગણી

12 કેવડિયા કોલોની તરફના ગામોમાં એક સાથે ૩૦૦થી વધુ કોરોના લગતા સેમ્પલ લેવાતા અનેક અટકળો

લોકડાઉનનો પાંચમો તબક્કો પહેલી જૂનથી શરૂ થવાની શક્યતા

કન્ટેન્મેન્ટ ઝોન સિવાય હોટલ, રેસ્ટોરન્ટ, ધર્મસ્થળોને ખોલાશે

કેન્દ્ર સરકારે હવે લોકડાઉન ખોલવાનું શરૂ કર્યું છે અને તેનું નામ અનલોક ૧ રાખ્યું છે : કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર તબક્કાવાર મુક્તિ આપવામાં આવશે

નવીદિલ્હી

ગૃહ મંત્રાલયે લોકડાઉન નાબૂદ કર્યું છે અને અનલોક ૧ માર્ગદર્શિકા અને નિયમો જારી કર્યા છે. આ અંતર્ગત કન્ટેન્ટ ઝોનની બહાર તબક્કાવાર મુક્તિ આપવામાં આવશે, પરંતુ હાલમાં કન્ટેનમેન્ટ ઝોનમાં સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો કે, જરૂરી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે. અનલોક ૧ ની આ માર્ગદર્શિકા ૧ જૂનથી ૩૦ જૂન સુધી ચાલુ રહેશે. ચાલો આપણે જાણીએ કે તેમાં શું ખોલવામાં આવશે. લોકડાઉનનું રાજ્ય રાજ્યો પર છોડવું જોઈએ અને કેન્દ્રોએ રાજ્યોને સંપૂર્ણ મદદ કરવી જોઈએ. રાજ્યોના ઘણા બધા નાણાં પણ કેન્દ્રને દેવું છે, તે તાત્કાલિક પરત આપવું જોઈએ. રાત્રિનું કર્ફ્યુ ચાલુ રહેશે. આવશ્યક બાબતો માટે કોઈ કર્ફ્યુ રહેશે નહીં. નાઈટ કર્ફ્યુ હવે સવારે ૯ થી સવારે ૫ વાગ્યા સુધી રહેશે. હમણાં સુધી તે સાંજના ૭ થી ૭ સુધીનો હતો. સરકાર શાળા-કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા પાછળથી નિર્ણય લેશે. મંદિર-મસ્જિદ-ગુરુદ્વારા-ચર્ચ ખોલવામાં આવશે.

ઘણા રાજ્યો ઇચ્છતા હતા કે મલ્લજલ તબક્કાવાર ખોલવામાં આવે. જુલાઈથી બીજા તબક્કામાં શાળાઓ અને કોલેજો ખોલવામાં આવી શકે છે. રેસ્ટોરાં અને હોટલો ૮ જૂનથી ખુલશે. સામાજિક અંતર અને માસ્ક પહેરવાનું જરૂરી રહેશે. ધાર્મિક સ્થળો અને સલુન્સ ખોલવામાં આવશે, પરંતુ કેટલીક શરતોનું પાલન કરવું પડશે. એક રાજ્યથી બીજા રાજ્યમાં જવા પરનો પ્રતિબંધ સંપૂર્ણપણે હટાવવામાં આવ્યો છે. રાજ્ય પણ એક જિલ્લાથી બીજા જિલ્લામાં જઈ શકશે, પરંતુ સામાજિક અંતરને અનુસરવું પડશે. ક્યાંક જતાં પહેલાં કોઈની પરવાનગી લેવાની જરૂર નથી. હવે રાજ્ય સરકારોને વધુ સત્તા આપવામાં આવી છે. રાજ્યોમાં બસ અને મેટ્રો સેવાઓ કેવી રીતે શરૂ થશે તે રાજ્ય સરકાર નક્કી કરશે. કેન્દ્ર સરકારે પ્રતિબંધ હટાવ્યો છે, પરંતુ રાજ્ય સરકાર તેના સ્તરે પ્રતિબંધ લાદી શકે છે. કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે

અનુસંધાન પાના નં. ૬

ચા-જ્યૂટ કંપનીઓ ૧૦૦ ટકા કર્મચારીઓ સાથે કામ શરૂ કરી શકશે

પશ્ચિમ બંગાળમાં આવતીકાલથી તમામ ધાર્મિક સ્થળો ખૂલશેઃ મમતા સરકાર

કોલકાત્તા

લોકડાઉન લંબાવાની શક્યતાઓ વચ્ચે પશ્ચિમ બંગાળમાં પહેલી જૂનથી તમામ ધાર્મિક સ્થળો ખોલી દેવાની વાત સામે આવી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે અધિકારીઓ સાથે યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લીધો હતો. આ સાથે જ પશ્ચિમ બંગાળમાં ૮મી જૂનથી ૧૦૦ ટકા કર્મચારીઓ સાથે તમામ સરકારી અને પ્રાઈવેટ ઓફિસ ખોલી દેવામાં આવશે.

પશ્ચિમ બંગાળમાં પહેલી જૂનથી ચા અને જ્યુટ ઉત્પાદક કંપનીઓ ૧૦૦ ટકા કર્મચારીઓ સાથે કામ શરૂ કરી શકશે અને રાજ્ય દ્વારા તેમને અનેક પ્રકારની રાહત આપવાની જાહેરાત કરવામાં આવેલી છે. આ તરફ શુક્રવારે

અનુસંધાન પાના નં. ૬

દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧,૭૩,૪૯૧,મૃત્યુઆંક ૪૯૮૦એ પહોંચ્યો

કોરોના બ્લાસ્ટઃ ૨૪ કલાકમાં વિક્રમજનક ૮૧૩૪ કેસો, ૨૬૫ના મોત

પહેલી વખત દેશમાં જેટલા દર્દી વધ્યા તેનાથી દોઢ ગણા સાજા થયા,૮૨૩૭૦ એક્ટિવ કેસ,છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૨૬૪ લોકો સ્વસ્થ્ય થયા, રિકવરી રેટ વધીને ૪૭% થયો,કુલ ૮૨,૩૭૦ લોકો કોરોના મુક્ત થયા

શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? ચર્ચાતો સવાલ

ન્યુ દિલ્હી

દેશમાં એક તરફ લોકડાઉન-૪માં વધારો કરવાની તૈયારીઓ સાથે જાણે એકાએક કોરોના વાઇરસનો બોંબ ફૂટ્યો હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૮,૧૩૪ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો હતો. તેની સાથે છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૬૫ દર્દીઓના મોત થયા છે. કેસો અને મોતનો આંકડો અત્યારસુધીમાં સૌથી વધારે છે. આવતીકાલ ૩૧ મેના રોજ લોકડાઉન-૪ની મુદત પૂરી થઇ રહી છે અને નવી ગાઇડલાઇન સાથે લોકડાઉન-૫ની જોહેરાતની પૂર્વ સંધ્યાએ જ કેસો અને મોતનો આંક ભયજનક માનવામાં આવી રહ્યાં છે. લોકડાઉન ખુલવાના સમયે જ કેસો વધારે બહાર આવતા હોવાની પણ એક પેટર્ન જોવા મળી રહી છે. દર્દીઓના કેસમાં ભારત દુનિયાના ૯મા નંબરે પહોંચી ગયું છે. હાલમાં અમેરિકા પહેલા સ્થાને છે. એશિયામાં કોરોનાથી સૌથી વધારે સંક્રમિત દેશ તરીકે ભારતની ગણના કરવામાં આવી રહી છે. જો કે ભારતમાં કોરોના રીકવરી રેટ વધીને ૪૭ ટકા સધી પહોંચી ગયો છે. દરમ્યાનમાં લોકડાઉનની વચ્ચે ભાજપે આજે મોદી સરકાર ૨.૦ના એક વર્ષની ઉજવણી લોકડાઉનના નિયમોના પાલન સાથે કરી હતી.

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને રોકવા માટે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા લોકડાઉન-૧ હવે લોકડાઉન-૫ એટલે કે પાંચમા તબક્કામાં પ્રવેશવાની તૈયારીમાં છે ત્યારે એકાએક કેસોની સંખ્યા વધી જતાં સત્તાવાળાઓ પણ ચિંતામાં મૂકાઇ ગયા હતા. શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? એવો સવાલ પણ

અનુસંધાન પાના નં. ૬

મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણઃ વડાપ્રધાને દેશવાસીઓને લખ્યો પત્ર

દેશ કોરોના સામેની જંગ જીતીને જ રહેશેઃ મોદીનો દૃઢ વિશ્વાસ

કોરોના જંગમાં ભારતે દુનિયાની વિચારસરણી બદલી,ધૈર્ય બનાવી રાખો, સામૂહિક પ્રયાસોથી જીત મળશે,હવે આપણે આપણા પગ પર ઉભા રહેવું જ પડશે,કોરોના સામેના યુદ્ધની માફક ૧૩૦ કરોડ ભારતીયો આર્થિક ક્ષેત્રે પણ પોતાના સામર્થ્યથી વિશ્વને અચંબિત અને પ્રેરિત કરે

ભારત અર્થવ્યવસ્થામાં પણ વિશ્વને આશ્ચર્યચકિત કરશે, તે પ્રેરણારૂપ બનશે

ન્યુ દિલ્હી

કોરોનાથી આખો દેશ લાંબી જંગ લડી રહ્યો છે. આ બધાની વચ્ચે ૨૯મી મેના રોજ મોદી સરકારના બીજા કાર્યકાળને એક વર્ષ પૂરું થયું. પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને લખેલા પત્રમાં કોરોનાની વિરૂદ્ધની લડાઇમાં એકજૂથતા અને દ્રઢ નિશ્ચયના જોરદાર વખાણ કર્યા છે. પીએમ પત્રમાં લખ્યું છે કે અત્યંત કષ્ટ ઉઠાવવા છતાંય દુનિયાભરમાં અર્થવ્યવસ્થા પર ચાલી રહેલી ચર્ચા અંગે વડા પ્રધાને કહ્યું, 'મને વિશ્વાસ છે કે અર્થતંત્ર કોરોનાથી કેવી રીતે બહાર નીકળશે, તેના માટે ભારત એક ઉદાહરણ બનશે. અર્થતંત્રના ક્ષેત્રો ૧૩૦ કરોડ ભારતીયો માત્ર વિશ્વને આશ્ચર્યચકિત જ કરશે નહીં પરંતુ તે એક પ્રેરણા પણ બનશે. અત્યારે સૌથી મોટી જરૂરિયાત આત્મનિર્ભર બનવાનું છે. આ દિશામાં તાજેતરમાં જ આપવામાં આવેલું ૨૦ લાખ કરોડનું આર્થિક પેકેજ એક મોટું પગલું છે.

દેશવાસીઓના મહાન પ્રયાસથી એ સુનિશ્ચિત થયું કે અસુવિધા એક તબાહીમાં બદલાઇ ના જાય.

પીએમ મોદીએ લખ્યું, 'તમે સાબિત કર્યું છે કે ભારતીયોની સામૂહિક શક્તિ અને તાકાત વિશ્વના અન્ય શક્તિશાળી અને સમૃદ્ધ દેશો કરતાં ઘણી આગળ છે. આટલા મોટા સંકટ સમયમાં એવો બિલકુલ દાવો કરી

અનુસંધાન પાના નં. ૬

ટ્રમ્પનો આરોપઃ ડબલ્યુએચઓ પર ચીનનું સંપૂર્ણ નિયંત્રણ

અમેરિકાના WHO સાથેના તમામ સંબંધોનો અંતઃ ટ્રમ્પનું એલાન

વોશિંગ્ટન

કોરોના વાઇરસ અને હોંગકોંગને લઈને ગુસ્સે ભરાયેલા અમેરિકાએ ચીનની સામે નવો મોરચો માંડ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીને કબજો કર્યો હોવાનો આરોપ લગાવતાં આ યુએન આરોગ્ય સંસ્થાથી અમેરિકાના તમામ સંબંધો ખતમ કરવાની જાહેરાત કરી છે. તેમણે ચીનની સામે નવા પ્રતિબંધ પણ જાહેર કર્યા હતા. આમાં હોંગકોંગમાં વહીવટ માટે જવાબદાર ચીની અધિકારીઓના અમેરિકામાં આવાગમન પર પ્રતિબંધો લાગુ કરવાની સાથે કેટલીક છૂટછાટને ખતમ કરવાની જાહેરાત કરી છે.

ચીન પર તીખો હુમલો કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે કોરોના વાઇરસના સંદર્ભે ચીની અધિકારીઓએ વિશ્વ આરોગ્ય સંસ્થાને રિપોર્ટિંગની પોતાની જવાબદારીને નજરઅંદાજ કરી છે અને વિશ્વને ગેરમાર્ગે કરીને વિશ્વ આરોગ્ય સંસ્થા પર દબાણ આણ્યું હતું.ચીનમાં પહેલી વાર થયેલી કોરોના વાઇરસની ઓળખ પછી અત્યાર સુધી લાખ્ખો લોકોનાં મોત થયાં છે અને બહુ ભારે આર્થિક નુકસાન થઈ ચૂક્યું છે.

વાઇટ હાઉસમાં ઉચ્ચ અધિકારીઓની સાથે મિડિયા સમક્ષ ટ્રમ્પે કહ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા પર ચીનનું સંપૂર્ણ નિયંત્રણ છે. જ્યારે ચીન વિશ્વ આરોગ્ય સંસ્થાને માત્ર ચાર કરોડ ડોલરનો ફાળો આપે છે, જ્યારે અમેરિકા ૪૫ કરોડ ડોલરનો ફાળો આપે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વહીવટમાં સુધારાનો હવાલો આપતાં તેમણે કહ્યું હતું કે આ બાબતે જરૂરી સુધારાને લાગુ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા, પરંતુ અમારી વિનંતી પર કોઈએ ધ્યાન ના આપ્યું અને ના તો જરૂરી સુધારાઓ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી., જેથી અમેરિકાએ વિશ્વ આરોગ્ય સંસ્થાથી સબંધો ખતમ કરવાનો નિર્ણય લીધો છે.

સોમવારથી એક રાષ્ટ્ર-એક રેશનકાર્ડનો અમલ શરૂ થઈ જશે

આવતીકાલથી દેશમાં ગમે ત્યાંથી સસ્તુ અનાજ મેળવી શકાશે

ન્યુ દિલ્હી

સોમવારથી ૨૦ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહત્ત્વાકાંક્ષી રેશનકાર્ડ પોર્ટેબિલિટી સેવા એક રાષ્ટ્ર–એક રેશનકાર્ડનો અમલ શરૂ થઈ જશે. વન નેશન, વન રેશન કાર્ડ યોજના અત્યારે ઘણી મહત્ત્વની સાબિત થઈ શકે છે. સુપ્રીમ કોર્ટ પણ કેન્દ્ર સરકારને કહી ચૂકી છે કે તે એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ યોજના અપનાવવાની સંભાવના પર વિચાર કરે જેથી કોરોના વાયરસ મહામારીને કારણે દેશમાં લાગુ લોકડાઉન દરમિયાન પલાયન કરનારા કામદારો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને રાહત દરે અનાજ મળી શકે.

મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું કે અત્યાર સુધી ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જોડવામાં આવ્યા છે અને ઓરિસ્સા, મિઝોરમ તેમજ નાગાલેન્ડ જેવા વધુ ત્રણ રાય પણ તૈયાર થઈ રહ્યા છે. કુલ ૨૦ રાય–કેન્દ્રશાસિત પ્રદેશ એક જૂનથી રેશન કાર્ડ પોર્ટેબિલિટીના શુભારભં માટે તૈયાર થશે. આ યોજના હેઠળ પીડીએસના લાભાર્થીઓની ઓળખ કરીને તેના આધાર કાર્ડ પર ઈલેકટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસથી કરવામાં આવશે. આ યોજનાને આખા દેશમાં લાગુ

અનુસંધાન પાના નં. ૬

ચીનની સાથે સરહદ પર તણાવ વચ્ચે રાજનાથસિંહનું મહત્ત્વપૂર્ણ નિવેદન

કોઈપણ સ્થિતિમાં ભારતના સ્વાભિમાન પર ઠેસ પહોંચશે નહીઃ રક્ષામંત્રી

પાડોશી દેશોની સાથે સારા સંબંધ બનાવીને ચાલવાની ભારતની સ્પષ્ટ નીતિ રહી છે,પીઓકે ભારતનું અભિન્ન અંગ,તેના પર નિયંત્રણની સંભાવનાને નકારી શકાય નહિ

ન્યુ દિલ્હી

ચીનની સાથે લદ્દાખ સરહદ પર તણાવની વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ટૂંક સમયમાં જ કેસ ઉકેલાઇ જશે. બંને દેશોની વચ્ચે મિલિટરી અને કૂટનીતિક રીતે વાતચીત ચાલુ છે. એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં રાજનાથ સિંહે કહ્યું કે દેશની પાસે આજે સક્ષમ નેતૃત્વ છે. દેશનું મસ્તક ઝૂકવા દેસે નહીં. દેશના લોકોને પણ તેનો પૂરો વિશ્વાસ છે. તેમણે નેપાળની સાથે પણ લિપુલેખ વિવાદની વાતચીતથી ઉકેલવાની આશા વ્યકત કરી.

રક્ષામંત્રી એ કહ્યું કે હું દેશને આશ્વાસન આપવા માંગું છું કે કોઈપણ સ્થિતિમાં ભારતના સ્વાભિમાન પર ઠેસ પહોંચશે નહીં. તેમણે કહ્યું કે ભારત કોઈને આંખ દેખાડવા માંગતું નથી. બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણ પર ચીનની આપત્તિથી જોડાયેલા પ્રશ્ન પર રાજનાથ સિંહે કહ્યું કે આ આપણો હક છે. તેમણે કહ્યું કે અમે જે કરી રહ્યા છીએ તે આપણી સરહદમાં કરી રહ્યા છીએ. ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવું એ આપણો હક છે.

રાજનાથસિંહે પીઓકેને ભારતનું અભિન્ન અંગ ગણાવતા કહ્યું કે નજીકના ભવિષ્યમાં દેશ તેના પર નિયંત્રની સંભાવનાને નકારી શકશે નહીં. રક્ષામંત્રીએ શનિવારના રોજ એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં સ્પષ્ટપણે કહ્યું છે

અનુસંધાન પાના નં. ૬

મોદી ૨.૦ને એક વર્ષ પૂર્ણ,ભાજપ અધ્યક્ષે સરકારની સિદ્ધિઓ ગણાવી

મોદીએ સાબિત કરી બતાવ્યુ કે કોરોના સામે લડાઇ કેવી રીતે લડાયઃ નડ્ડા

મોદીજીના બીજા કાર્યકાળમાં ઈચ્છા શક્તિવાળા નિર્ણય લેવાયા, અનુચ્છેદ ૩૭૦ હટાવવો મહત્વનો નિર્ણય,CAAથી બાંગ્લાદેશ જેવા દેશોમાંથી આવેલા લોકોને ન્યાય મળ્યો

ન્યુ દિલ્હી

મોદી સરકારના બીજા કાર્યકાળને શનિવારે એક વર્ષ પુરુ થયું છે.આ અંગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારની સિદ્ધી ગણાવી હતી. તેમણે કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં સરકારે અનુચ્છેદ ૩૭૦ હટાવ્યો અને ત્રણ તલાક પ્રથા નાબૂદ જેવા કાયદા બનાવીને ઘણા ઐતિહાસિક નિર્ણયો કર્યા છે. કોરોના મહામારી સામેની સંપૂર્ણ લડાઈ કેવી રીતે લડાય એ મોદીએ સાબિત કરીને બતાવ્યું છે.

સરકારે સૌથી પહેલા ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું. ૮૦ કરોડ લોકોના રાશનની વ્યવસ્થા કરી. ૨૦ કરોડ બહેનોના જનધન ખાતામાં ૫૦૦-૫૦૦ રૂપિયા ત્રણ મહિના નાંખવાનો પ્રયાસ કર્યો.વૃદ્ધોના ખાતમાં ૧૦૦૦-૧૦૦૦ કરોડ રૂપિયા આપવાનો પ્રયાસ કર્યો. મનરેગા હેઠળ મજૂરી અને રકમની ફાળવણી વધારી.

વડાપ્રધાને ૨૦ લાખ કરોડ રૂરિયાના પેકેજની જાહેરાત કરી. જેના વિશે નાણામંત્રી નિર્મલા સીતારામણે જણાવ્યું હતું. જેના દ્વારા દરેક સેક્ટરને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કોરોનાની લડાઈ સાથે તેને હોલિસ્ટિક રીતે કેવી રીતે લડી શકાય એ મોદીજીએ તેમના નેતૃત્વ ક્ષમતામાં બતાવ્યું. દેશને ધન્યવાદ આપવા માંગીશ કે વડાપ્રધાન એક એક અપીલને સાંભળી રહ્યા છે.

મોદીજીના બીજા કાર્યકાળના પહેલા વર્ષમાં ઘણી ઈચ્છાશક્તિવાળા નિર્ણય લેવાયા હતા. અનુચ્છેદ ૩૭૦ હટાવવો દેશની એકતા અને અખંડતા માટે મહત્વપૂર્ણ નિર્ણય હતો. આ નિર્ણયોના સૂત્રોધાર ગૃહમંત્રી અમિત શાહ બન્યા હતા. અનુચ્છેદને હટાવવાથી જમ્મુ-કાશ્મીરની જનતા મુખ્યધારામાં સામેલ થઈ ગઈ છે. જે દલિતો સાથે અન્યાય થઈ રહ્યો હતો. તેમને ન્યાય મળી રહ્યો છે. મહિલાઓને સંપત્તિ સાથે જોડાયેલા અધિકાર મળી રહ્યા છે. મોદીજી ત્રણ તલાકને ખતમ કરવા માટે કાયદો લઈને આવ્યા છે.

ઝછછ દ્વારા પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશમાંથી આવેલા લોકોને ન્યાય મળ્યો છે. આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો છે. પોક્સોનો નિર્ણય સાહસિક હતો. જેમાં મોતની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

બોડોલેન્ડની સમસ્યા લાંબા સમયથી હતી, તેનું સમાધાન કરવામાં આવ્યું. ઓછામાં ઓછા સમયમાં નાના મોટા ઘણા નિર્ણયો કરવામાં આવ્યા જેનાથી દેશ મોદીજીના નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે.

કુલગામમાં એક્કાઉન્ટર: સેનાએ બે આતંકીને ઠાર કર્યા

કુલગામ

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં પોલીસ અને સ્થાનીક સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. કુલગામના વામપોરામાં પોલીસને ગુપ્ત જાણકારી મળી હતી કે બે આતંકી છુપાયેલા છે, ત્યારબાદ તેને ઠાર કરી દેવામાં આવ્યા છે.

શરૂઆતી જાણકારી પ્રમાણે સુરક્ષાદળોને ઈનપુટ મળ્યા હતા કે બંન્ને આતંકી લશ્કર-એ-તૈયબાના હતા. હવે અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે, બંન્ને આતંકી હિઝ્બુલ મુઝાહિદીનના હતા. તેની ઓળખ અત્યાર સુધી થઈ શકી નથી.

માહિતી મળ્યા બાદ સુરક્ષાદળોએ આતંકીઓ વિરુદ્ધ સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. સૂત્રો પ્રમાણે વામપોરા વિસ્તારમાં ઓછામાં ઓછા બે આતંકીઓ છુપાયા હચા, જે કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ દેવાની તૈયારીમાં હતા. પરંતુ તેની પહેલા સુરક્ષાદળોએ તેનો ખાતમો કરી દીધો છે.

આ પહેલા સુરક્ષાદળ અથડામણ સ્થળ પર આતંકીઓના પરિવારને પણ બોલાવીને લાવ્યા હતા. આતંકીઓના પરિવારે અપીલ કરી હતી કે તે સેનાની સામે ખુદને સરેન્ડર કરી દે. ઘરના લોકોએ કહ્યાં બાદ પણ આતંકીઓએ સરેન્ડર કરવાની ના પાડી દીધી હતી, ત્યારબાદ તેને ઠાર કરવામાં આવ્યા હતા.



લોકડાઉનમાં અબોલ પશુ-પક્ષીઓને પણ ભૂખ્યા રહેવાનો વારો આવ્યો છે ત્યારે ચેમ્બુરમાં કબૂતરોને ચણ નાખતા પક્ષીપ્રેમી જોવા મળ્યા હતા.

રાહુલ ગાંધીનું તેમના મુખ્યમંત્રીઓ જ સાંભળતા નથીઃ રવિશંકર પ્રસાદ

ન્યુ દિલ્હી

કેન્દ્રિય કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે કૉંગ્રેસ પર ન્યાયતંત્ર પર દબાવ બનાવવાનો આરોપ લગાવતા સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણીમાં વારંવાર હારેલા લોકો આ રીતથી રાજનીતિને નિયંત્રિત ના કરી શકે. લૉકડાઉન પર કૉંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનાં પ્રશ્ન ઉઠાવવા પર પ્રસાદે કહ્યું કે તેમનું તો તેમના મુખ્યમંત્રીઓ જ નથી સાંભળતા. આનો એ જ મતલબ છે કે તેમની વાતમાં કોઈ વજન નથી અથવા તેમની વાતોને તેમના મુખ્યમંત્રીઓ ગંભીરતાથી નથી લેતા.

એક ખાનગી ન્યૂઝ ચેનલની સાથે વાતચીતમાં રવિશંકર પ્રસાદે કહ્યું કે સમય એકતાનો છે, રાજનીતિ તો પછી પણ કરી શકાય છે. ડૉક્ટરો, કોરોના વોરિયર્સનાં સન્માનમાં તાળી-થાળી વગાડવાનો વિરોધ કર્યો. દેશમાં દીવા પ્રગટ્યા, દેશમાં ઝુંપડીઓમાં પણ દીવા પ્રગટ્યા, પરંતુ તેનો પણ વિરોધ થયો. લૉકડાઉન પર રાહુલ ગાંધીનાં હુમલા પર વળતો પ્રહાર કરતા પ્રસાદે કહ્યું કે, તેમનું તો ખુદ તેમના મુખ્યમંત્રી જ નથી સાંભળતા.

કાયદામંત્રીએ કહ્યું કે, "પ્રશ્ન એ છે કે રાહુલ ગાંધીની વાત તેમના મુખ્યમંત્રી કેમ નથી સાંભળતા? અમરિંદર સિંહે પંજાબમાં સૌથી પહેલા કર્ફ્યૂ લગાવ્યું. લૉકડાઉન લગાવ્યું. રાજસ્થાને પણ આ જ કર્યું. મહારાષ્ટ્રમાં આ થયું કે ના થયું? તેમણે વડાપ્રધાનની બેઠક પહેલા જ કહી દીધું કે ૩૧ મે સુધી અમે લૉકડાઉન વધારી દીધું. અત્યારે દેશે એક સંકલ્પ સાથે કોરોના સામે લડવાનું છે. રાહુલને તેમના મુખ્યમંત્રીઓ જ નથી સાંભળતા તો આનો શું મતલબ નીકાળવામાં આવે? યા તો તેમની વાતમાં વજન નથી અથવા તેમને ગંભીરતાથી નથી લેવામાં આવતા.

ફેસબુક ઓનલાઈન વાતો કરનારા લોકોના સત્યની મધ્યસ્થતા નથી કરતુઃ ઝૂકરબર્ગ

કેલિફોર્નિયા

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રમ્પની કેટલીક ટ્વિટને લઈ માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર વચ્ચે જે અફડાતફડી ચાલી રહી છે તેના વચ્ચે ફેસબુકના સંસ્થાપક માર્ક ઝુકરબર્ગનું એક નિવેદન સામે આવ્યું છે. માર્ક ઝુકરબર્ગે પોતાની કંપની (ફેસબુક) સત્યની મધ્યસ્થતા નથી કરતી તેમ જણાવ્યું હતું.

એક ઈન્ટરવ્યુમાં માર્ક ઝુકરબર્ગે જણાવ્યું કે, 'હું દૃઢપણે માનું છું કે ફેસબુક જે વાતો લોકો ઓનલાઈન કરે છે તેના સત્યની મધ્યસ્થતા નથી કરતું. પ્રાઈવેટ કંપનીઓ ખાસ કરીને આ પ્રકારના પ્લેટફોર્મની કંપનીઓ આવું કરવાની સ્થિતિમાં ન હોવી જોઈએ.' અગાઉ ૨૦૧૭માં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફેસબુક પર તેમના વિરૂદ્ધ પ્રચાર કરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યાર બાદ ઝુકરબર્ગે ટ્રમ્પને જડબાતોડ જવાબ આપ્યો હતો. ટ્રમ્પે એક ટ્વિટમાં લખ્યું હતું કે, 'ફેસબુક હંમેશા ટ્રમ્પ વિરોધી રહ્યું છે. આ નેટવર્ક હંમેશા ટ્રમ્પ વિરોધી રહ્યું છે માટે જ ફેક ન્યૂઝ..ન્યૂયોર્ક ટાઈમ્સ અને વોશિંગ્ટન પોસ્ટ પણ ટ્રમ્પવિરોધી રહ્યા છે. કોઈ મિલિભગત છે?' ટ્રમ્પના આ આરોપોને ઝુકરબર્ગે પાયાવિહોણા ગણાવ્યા હતા.

એક દિવસમાં સૌથી વધુ ૮,૩૮૧ સંક્રમિતો થયા સ્વસ્થ

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૬૮૨ કેસ, ૧૧૬ લોકોના મોત

મુંબઈ

દેશભરમાં કોરોના વાઈરસના કેસો સતત વધી રહ્યાં છે, પરંતુ તેનો સૌથી વધુ પ્રકોપ મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં દિનપ્રતિદિન વધી રહી છે, ત્યારે આજે ફરીથી એક વખત એક જ દિવસમાં કોરોનાથી મરણનો રેકોર્ડ તૂટી ચૂક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે આજ સમયગાળા દરમિયાન ૨૬૮૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યાઝડપથી વધવાનો ટ્રેન્ડ સતત ચાલી રહ્યો છે. જો કે રાહતની વાત એ છે કે, શુક્રવારે ૮૩૮૧ કોરોના સંક્રમિત દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે પહોંચ્યાં છે. દેશમાં કોઈ પણ રાજ્યમાં આ એક દિવસમાં સ્વસ્થ થયેલા દર્દીઓનો સૌથી મોટો આંકડો છે.

મહારાષ્ટ્રમાં અનેક વિસ્તારો એવા છે, જ્યાંથી કોરોનાના સેંકડો કેસો દરરોજ સામે આવી રહ્યાં છે. સૌથી વધુ પ્રભાવિત મુંબઈ શહેર છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ કેસો અહીંથી જ છે.

મહારાષ્ટ્રમાં હવે કુલ કોરોના કેસોની સંખ્યા ૬૨,૨૨૮ સુધી પહોંચી ચૂકી છે. જ્યારે રાજ્યમાં આ વાઈરસથી ૨૦૯૮ લોકોના મરણ થયા છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા એક અઠવાડિયાની સ્થિતિ જોઈએ તો, અંદાજે ૧૬ હજાર કરતા વધુ કેસો સામે આવી ચૂક્યાં છે. જ્યારે એક સમાહમમાં ૪૦૦થી વધુ લોકોના મરણ નોંધાયા છે. માત્ર મુંબઈમાં કોરોના વાઈરસથી ૩૪ હજાર કરતાં વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યાં છે, જ્યારે ૧૦૦૦ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. અત્યાર સુધી મહારાષ્ટ્રના ૩૬ જિલ્લાઓ કોરોનાથી પ્રભાવિત છે. સૌથી વધુ કોરોના કેસ મુંબઈમાં છે. જે બાદ ઠાણે અને પૂણેમાં પણ સૌથી વધુ કેસો સામે આવી રહ્યાં છે.

Pfizer નામની કંપનીએ આશાનું કિરણ બતાવ્યુ

ઓક્ટોબર મહિના સુધી કોરોનાની વેક્સિન તૈયાર થઈ જવાનો અમેરિકન કંપનીનો દાવો

વોશિંગ્ટન

કોરોના વાયરસની વેક્સિન તૈયાર કરવા માટે હવે વધુ એક કંપનીએ વિશ્વને આશાનું કિરણ બતાવ્યું છે. વાયગ્રા જેવી દવાઓની શોધ કરનારી અમેરિકન ફાર્માસ્યુટિકલ કંપની ફાઈઝીએ ચાલુ વર્ષ દરમિયાન ઓક્ટોબર મહીનાના અંત સુધીમાં તેમની કોરોના વેક્સિન બનીને તૈયાર થઈ જશે તેવો દાવો કર્યો છે.

ફાઈઝીના સીઈઓ આલ્બર્ટ બુર્લાએ જણાવ્યું કે, 'જો બધું સરખી રીતે ચાલશે અને નસીબ સાથ આપશે તો ઓક્ટોબરના અંત સુધીમાં વેક્સિન તૈયાર થઈ જશે. એક ગુણકારી અને સુરક્ષિત વેક્સિન માટે તેઓ ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે.'

કંપનીના સીઈઓએ જણાવ્યું કે, તેમની કંપની જર્મનીની ફર્મ બાયોન્ટેક સાથે યુરોપ અને સંયુક્ત રાજ્ય અમેરિકામાં અનેક સંભવિત વેક્સિન માટે કામ કરી રહી છે. તે સિવાય એસ્ટ્રાજેનેકા નામની અન્ય એક કંપનીએ પણ આ વર્ષના અંત સુધીમાં એક કે તેનાથી વધારે વેક્સિન તૈયાર થઈ શકે છે તેવો દાવો કર્યો છે. એસ્ટ્રાજેનેકા હાલ ઓક્સફોર્ડ યુનિવર્સિટી સાથે મળીને વેક્સિન પર કામ કરી રહી છે અને એક વેક્સિનનું કામ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થઈ શકે છે. એસ્ટ્રાજેનેકાના પ્રમુખ પાસ્કલ સોરિએટ્સે જણાવ્યું કે, 'અમારી વેક્સિનથી અનેક લોકોમાં ઉમ્મીદ જાગી છે. જો તમામ તબક્કે સફળતા મળશે તો વર્ષના અંત સુધીમાં તેમના પાસે વેક્સિન આવી જશે.' એક અહેવાલ પ્રમાણે આગામી સમયમાં પડકાર વધુ આકરો બની શકે છે અને લોકોને મહામારીથી બચાવવા ૧,૫૦૦ કરોડ ડોઝ તૈયાર કરવા પડશે.

ગેહલોત સરકાર ખેડૂતોને ત્રણ ટકાના રાહત દરે લોન આપશે

જયપુર

કોરોના રોગચાળાની વચ્ચે ખેડૂતોને રાહત આપવા માટે રાજસ્થાન સરકાર પહેલી જૂનથી ખેડૂતોને ત્રણ ટકા વ્યાજદરે લોન આપશે. રાજયના બધા જિલ્લામાં એકસાથે પાક લોનનું વિતરણ શરૂ થશે. આ યોજના હેઠળ ખેડૂતોએ તેમના પાકને ગિરવી મૂકવા પર માત્ર ત્રણ ટકા વ્યાજદરે લોન મળી શકશે. આ લોનનો સાત ટકા વ્યાજદર સરકાર ભાર ઉપાડશે. આ માટે કૃષક કલ્યાણ કોષમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ કરોડનું અનુદાન આપવામાં આપવામાં આવશે. રાજયના સહકારપ્રધાન ઉદયલાલ આંજણાએ જણાવ્યું હતું કે લોનનું વિતરણ ચાર હજાર ગ્રામ સહકારી સમિતિઓના માધ્યમથી કરવામાં આવશે. લઘુ અને સીમાંત ખેડૂતોને રૂ. ૧.૫૦ લાખ અને મોટા ખેડૂતોને રૂ. ત્રણ લાખની પાકની સામે લોન મળશે અને બજારમાં સારા ભાવ મળશે ત્યારે ખેડૂત તેની ઊપજ વેચી શકશે. આ લોન મળવાથી ખેડૂતોની તાત્કાલિક નાણાકીય જરૂરિયાતો પૂરી થશે. આ યોજનાથી સહકાર વિભાગના મોટા નેટવર્કનો ઉપયોગ થઈ શકશે અને બીજી બાજુ અનુદાન આપવાની ખેડૂતોનો સીધો સહકારી સમિતિઓથી સંબંધ મજબૂત થશે. રાજ્ય સરકારની ઈચ્છા દર વર્ષે રૂ. ૨૦૦૦ કરોડ પાક સામે લોન ખેડૂતોને મદદ કરવાની છે.

નોબેલ વિજેતા પીટર ચાર્લ્સ હોડર્ટીનું નિવેદન

આગામી ૯-૧૨ મહિના કોરોનાની રસીની વાત જ ભૂલી જજો

મેલબર્ન

નોબેલ પારિતોષિક વિજેતા પીટર ચાર્લ્સ ડોહર્ટીએ કોરોના સામેની લડાઈ સરકારો માટે આવનારા દિવસોમાં ખૂબ જ અઘરી બની રહેશે તેમ જણાવ્યું છે. ઓસ્ટ્રેલિયાના ઈમ્યુનોલોજિસ્ટ પીટરના જણાવ્યા અનુસાર, ભારત જેવા ગીચ વસ્તી ધરાવતા દેશમાં લોકડાઉનમાં છૂટછાટ ચિંતાજનક છે. જોકે, સંપૂર્ણ લોકડાઉન સામાજીક અને આર્થિક રીતે અશક્ય હોવાનું પણ તેમનું માનવું છે.

આગામી દિવસોમાં કોરોનાના કેસો વધશે તેવી ચેતવણી આપતા પીટર ચાર્લ્સે કહ્યું છે કે આગામી ૯-૧૨ મહિના સુધી તેની સામે રક્ષણ આપે તેવી રસી શોધાવાની પણ શક્યતા નથી. તેમનું માનવું છે કે, જો તમામ પરિક્ષણો યોગ્ય રીતે પાર પડે તો પણ કોઈ રસી સુરક્ષિત અને અસરકાર છે તે જાણવામાં જ સપ્ટેમ્બર કે ઓક્ટોબર આવી જશે. ત્યારબાદ રસીનું ઉત્પાદન, કેટલી ઝડપથી તે બની શકે અને લોકોને અપાઈ શકાય તે પાછી અલગ અને લાંબી પ્રક્રિયા છે.

કોરોના વાયરસ ઈન્ફ્લુએન્ઝાની જેમ ઝડપથી પોતાનું સ્વરુપ નથી બદલતો. જેથી એક જ રસી આખી દુનિયાના લોકો પર અસર કરવી જોઈએ. યુનિ. ઓફ મેલબોર્નના ડીપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી એન્ડ ઈમ્યુનોલોજી સાથે સંકળાયેલા પીટર ચાર્લ્સ ૧૯૯૬માં નોબેલ જીત્યા હતા. શરીરની રોગપ્રતિકાર શક્તિ કઈ રીતે વાયરસગ્રસ્ત કોષને સામાન્ય કોષથી અલગ તારવી તેમને ઠીક કરી શકે છે તેના પર સંશોધન બદલ તેમને નોબેલ મળ્યું હતું.

લોકડાઉન અંગે પોતાનો મત વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે જો તે માત્ર સાયન્સનો જ મુદ્દો હોત તો દરેક જગ્યાએ તેનો અમલ થવો જોઈતો હતો, પરંતુ લોકડાઉન સામાજીક અને આર્થિક રીતે લાંબો સમય ખેંચવું અશક્ય છે. કોરોનાનો ચેપ કઈ રીતે અટકાવી શકાય તે અંગે તેમણે જણાવ્યું હતું કે લોકો જવાબદારીથી વર્તે અને રેપિડ રિસ્પોન્સ તેમજ કોન્ટેક્ટ ટેસ્ટિંગ વધારાય તો આ વાયરસનો ફેલાવો નિયંત્રણમાં લઈ શકાય.

કેરળમાં ચોમાસાનું આગમનઃ સ્કાઈમેટનો દાવો

ન્યુ દિલ્હી

પ્રાઈવેટ વેધર એજન્સી સ્કાઈમેટે દાવો કર્યો છે કે ૩૦ મે (શનિવારે)ના રોજ ચોમાસાનું કેરળમાં આગમન થયું છે. ઈન્ડીયન મેટ્રોલોજિકલ વિભાગએ ચોમાસુ ૧ જૂને કેરળમાં પહોંચવાની આગાહી કરી હતી. જોકે તેના બે દિવસ પહેલા જ ચોમાસાએ કેરળમાં એન્ટ્રી લીધી છે.

હવામાન વિભાગે એપ્રિલમાં કહ્યું હતું કે આ વખતે ચોમાસુ સામાન્ય રહેશે. વિભાગના જણાવ્યા મુજબ, ૯૬થી ૧૦૦ ટકા વરસાદને સામાન્ય ચોમાસુ માનવામાં આવે છે. ગત વર્ષે તે ૮ દિવસ મોડું એટલે કે ૮ જૂને કેરળના સમુદ્ર તટ સાથે અથડાયું હતું. ભારતમાં જૂનથી સપ્ટેમ્બરની વચ્ચે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાથી વરસાદ થાય છે.

પેટ્રોલ અને સીએનજીની હોમ ડિલિવરી કરવા કેન્દ્રની વિચારણા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના સંકટના કારણે હવે દરેક બિઝનેસનું ધ્યાન ઈ-કોમર્સ અને હોમ ડિલિવરી તરફ ગયું છે. ડીઝલની હોમ ડિલિવરી તો પહેલાથી જ થઈ રહી છે ત્યારે હવે સરકાર પેટ્રોલની હોમ ડિલિવરી અને સીએનજીની હોમ ડિલિવરી વિશે વિચારી રહી છે. આ જાણકારી પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આપી છે.

આ સિવાય સરકાર પેટ્રોલિયમ વ્યવસાયના મોડેલને પણ બદલવાનું વિચારી રહી છે. જેમાં એક જ સેન્ટર પર પેટ્રોલ, ડીઝલ, સીએનજી, એલએનજી અને એલપીજી ઉપલબ્ધ હશે. હાલ પેટ્રોલ–ડીઝલ એક પપં ઉપર અને સીએનજી માટે અલગ સેકશન હોય છે. એલપીજી સિલિન્ડરની ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ એકદમ અલગ છે.

અહીં ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન ઓઈલ કોપેરિશનએ વર્ષ ૨૦૧૮ના સપ્ટેમ્બર મહિનામાં ડીઝલની હોમ ડિલિવરી સર્વિસની શઆત કરી હતી. યારે પેટ્રોલ અને સીએનજીની હોમ ડિલિવરીના મુદ્દે એકસપર્ટનું માનવું છે કે તે ખૂબ જ વલનશીલ પદાર્થ હોય છે, માટે તેની હોમ ડિલિવરી સર્વિસ સેવા સુરક્ષિત નથી.

તેમણે જણાવ્યું કે દેશ ગેસ આધારિત અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું કે પીએનજી કસ્ટમર્સની સંખ્યા વર્ષ ૨૦૧૪માં ૨૫.૪ લાખ હતી જે હવે વધીને ૬૦.૬૮ લાખ થઈ ગઈ છે. યારે ઔધોગિક ગેસ કનેકશન ૨૮ હજારથી વધીને ૪૧ હજાર થઈ ગયા છે. આ રીતે હવે સીએનજી વાહનોની સંખ્યા ૨૨ લાખથી વધીને ૩૪ લાખ થઈ ગઈ છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

કોરાની રમત પર અસર

જીવલેણ સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થતંત્ર પર જ અસર થઈ રહી નથી બલ્કે હવે તેની અસર ચારેબાજુ જોવા મળી રહી છે. વૈશ્વિક રમતગમત પર પણ તેની માઠી અસર થઈ છે. દુનિયાભરમાં રમતના કાર્યક્રમ રદ કરવામાં આવતા અનેક મોટા સ્ટારની કેરિયર પૂર્ણ થવા આવી છે. આ ખેલાડી હવે આગામી સંબંધિત કાર્યક્રમમાં દેખાશે કે કેમ તેને લઈને ચર્ચા શરૂ થઈ રહી છે. જેમાં રોજર ફેડરર, મહેન્દ્રસિંહ ધોની અને સેરેના વિલિયસસન જેવી ખેલાડી સામેલ છે. આ તમામ આંતરરાષ્ટ્રીય સ્તર રમતા દેખાશે કે કેમ તેની ચર્ચા છેડાઈ ગઈ છે. આ તમામ ખેલાડીઓ નિવૃતિના આરે પહોંચેલા છે. કોરોના વાયરસના કારણે ઓલિમ્પિક, વિમ્બલ્ડન, ફ્રેન્ચ ઓપન સહિતની સ્પર્ધા મોકુફ કરી દેવામાં આવી છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે શ્રેણીને રદ કરવામાં આવ્યા બાદ આઈપીએલના આયોજનને પણ અસર થઈ છે. આઈપીએલના કાર્યક્રમને પણ પાછળ ટાળવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. અનેક ખેલાડીઓ પર વાયરસના સકંજામાં આવી ગયા છે. કોરોના વાયરસના વધતા જતા ભયના કારણે છેલ્લે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બાકીની બે વનડે મેચોને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બંને વનડે મેચો ક્રમશઃ ૧૫ અને ૧૮મી માર્ચના દિવસે લખનૌ અને કોલકાતામાં રમનાર હતી. અગાઉ આ બંને મેચોને ખાલી સ્ટેડિયમમાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ મોડેથી આ મેચો રદ કરવામાં આવી હતી. ખેલ જગતમાં કોરોનાના કારણે ભારે હાહાકાર છે. ચીનના વુહાનથી શરૂ થયા બાદ હવે સમગ્ર દુનિયામાં કોરોના વાયરસે આતંક મચાવી દીધો છે. મોતનો આંકડો લાખોમાં છે. કેસોન આંકડો ૬૦ લાખની આસપાસ છે. એકલા ભારતમાં દોઢ લાખ કેસ નોંધાઈ ચુક્યા છે. ભારતમાં આઈપીએલની સાથે સાથે અન્ય સ્પર્ધા મોકુફ રાખવામાં આવી ચુકી છે. છેલ્લે આર્જેન્ટિનામાં ફુટબોલની મેચ ખાલી મેદાનમાં રમાઈ હતી. જ્યા લાખો લોકો મેચ જોવા માટે પહોંચે છે તે મેદાન ખાલી રહેતા ચાહકો નિરાશ થયા હતા. બ્યુનોસ એરમાં ચાહકો વગર લીમા અને રેસિંગ ક્લબ વચ્ચે મેચ રમાઈ હતી. ટોકિયો ઓલિમ્પિકને આખરે ટાળી દેવામાં આવતા દુનિયાના એથલીટો નિરાશ થયા હતા. નિયમ પ્રમાણે ઓલિમ્પિકને આ વર્ષમાં જ યજમાન દેશને આયોજન કરવાનુ હોય છે પરંતુ તે વર્ષના અંત સુધી આનુ આયોજન કરી શકે છે. ઓલિમ્પિકને સ્થગિત કરવાનો વિકલ્પ યોગ્ય રહ્યો છે. હાલમાં તો દુનિયામાં કોરોના કારણે જુદી જુદી રમતના આયોજન જોરદાર રીતે ખોરવાઈ ગયા છે જે ચિંતાજનક બાબત છે. કોરોના વાયરસના કારણે દુનિયાભરમાં હાહાકર છે. સાથે સાથે લોકડાઉનની સ્થિતી રહેલી છે. તમામ લોકો ઘરમાં રહેલા છે. હવે દુનિયાના દેશો ધીમે ધીમે નિયમો હળવા કરી રહ્યા છે. સાથે સાથે આર્થિક ગતિવિધી પણ શરૂ કરવામાં આવી રહી છે.

લોકડાઉનમાં મુકાવી શકનાર "કોરોના" ભ્રષ્ટાચાર, કાળાબજાર, રાજકીયક્ષેત્રે પરાસ્ત કેમ.....?!

ભારતમાં ત્રણેક માસ પહેલા કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે દેશની પ્રજાને જણાવ્યું હતું કે કોરોના વાયરસથી ડરવાની જરૂર નથી તે લોકો દ્વારા ફેલાતો રોગ નથી. આ નિવેદન ટ્રમ્પની ભારત મુલાકાત પહેલા કર્યું હતું. દેશનું આરોગ્ય મંત્રાલય તજજ્ઞોની સલાહ લીધા વગર કે પૂછપરછ વગર કેવા મનઘડંત નિવેદનો કરે છે તેનો અનુભવ દેશની પ્રજાને આકરી કિંમત ચૂકવવા સાથે જઈ રહ્યો છે..... દેશભરમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧ લાખ ૬૮ હજાર થી આગળ વધી રહી છે. મૃતાંક ૪૭૮૯ પર પહોંચી ગયો છે. દેશમાં લોકડાઉન પછી લોકોમાં વિશ્વાસ પેદા થયો હતો કે કોરોનાની સાંકળ જરૂર તૂટી જશે અને સારા દિવસો આવશે..... પરંતુ બન્યુ તદ્દન ઊલટું દિન-બ-દિન કોરોના સંક્રમિતોની સંખ્યામાં વધારો થતો ગયો... તેમાં પણ ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચૂરીઓ, પોલીસો, પત્રકારો પણ કોરોનાની ચપેટમા આવી ગયા. દરમિયાન લોકડાઉન લંબાવવામાં આવતું રહ્યું..... તો હોસ્પિટલો, દવાખાનાઓમા ડૉક્ટર્સ-નર્સો, મેડિકલ કર્મચારીઓની સુરક્ષા માટે નિયમ અનુસાર જે માસ્ક ૯૫, પીપીઈ કિટ, વેન્ટીલેટર વગેરેની જરૂર હતી તે જોઈતા પ્રમાણમાં ન હતા. બીજી તરફ અમેરિકી રસ્તો અખત્યાર કરીને ભારત સરકારે અમેરિકાની જેમ જ ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા કેટલીક શરતોને આધીન છૂટછાટ આપવાનુ શરૂ કર્યુ.... પરંતુ જે રીતે તબક્કાવાર જે તે વિસ્તારની પરિસ્થિતિનું સાચું આકલન કરી છૂટછાટ આપવી જોઈએ તે તરફ આંખ મિચામણા કરી દરેકને એક જ ઝાટકે છૂટછાટ આપી...જેના પરિણામ આપણી સામે જ છે.....! દેશભરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધતી ચાલી છે....જે ક્યાં પહોંચશે તે કોઈ કહી શકે તેમ નથી.....! અને હવે મોદી સરકારનુ એક વર્ષ પુરુ થવામાં છે ત્યારે તેની સિધ્ધિઓની પ્રજા સમક્ષ રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે. દેશમાં લોકડાઉનમા જે પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાંથી કેન્દ્ર સરકારે હાથ ખેચી લઈ તમામ રાજ્યોને નિર્ણય લેવાની સત્તા સોંપી દેશે. જેથી અપયશનો ટોપલો રાજ્યના માટે થોપી શકાય.....! જોકે લોકો હવે જાગૃત થઈ ગયા છે... તે હકીકત છે.....!!

કોરોના ભારતમાં લોકડાઉન લાવી શક્યો, બધું જ બંધ કરાવી શક્યો અનેકોના જીવ લીધા, અનેકોને ઘેર બેઠા રોડ ઉપર લાવી દીધા, અનેકોને વતનની વાટ પકડારાવી દીધી.... પરંતુ કોરોનાને એક બાબતે પાછા પડવું પડ્યું તે ભ્રષ્ટાચાર- કાળાબજાર રોકી ન શક્યો કે બંધ પણ ન કરાવી શક્યો... જે હકીકત છે. તો રાજકીય ક્ષેત્ર પણ કોઈનું બગાડી ન શક્યો....! આજે પણ માનવતાને મહત્વ આપી મદદ કરતા પક્ષોને સત્તાધારીઓ સહન નથી કરતા.....! તો સત્તા પ્રાપ્તિ માટે ખેલ કરવામાં કોઈ કસર નથી રાખતા..... એ તો ઠીક લોકડાઉન નિયમો માત્ર આમ સામાન્ય પ્રજાએ જ પાળવાના ફરજીયાત છે. જ્યારે નેતાઓ માટે નહીં.... તેઓ ગમે ત્યાં ગમે ત્યારે લોકડાઉન નિયમનો ભંગ કરી શકે છે- ધજીયા ઉડાડી શકે છે કારણ કે તેમનો દંડ કરનાર કોઈ નથી કે દંડ કરવામાં આવતો જ નથી....! તો કોરોનાને નામે મજૂરોને, ગરીબોને, કામદારોને નુકસાન થાય તેવા નિયમો કે બંધનો થોપી દેવામાં આવે છે.....! તો લાખો લોકો ભુખથી તડપી રહ્યા છે.....! આમાં કેટલાક મૃત્યુ પણ પામ્યા... તો મોટા ભાગના સત્તાધારીઓ ચૂંટણી સમય પછી કોરેન્ટાઈન થઈ ગયા છે અને હજુ પણ બહાર આવ્યા નથી.....!રાજકીય ક્ષેત્રે માનવતા ભૂલી જવાઈ.... આવી દરેક રાજકીય ઘટમાળ સામે કોરોના પરાસ્ત થઈ ગયો છે તે હકીકત સ્વીકારવી રહી.....!

દેશના મોટાભાગના લોકો આજના સમયે ન્યાયની દેવડી એટલે કે સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચના આદેશો- નિર્દેશો આપવા સાથે ત્રીજું નેત્ર બતાવતા દેશભરની સરકારોની ઉંઘ હરામ કરી નાંખી છે... અને દોડતી કરી દીધી છે....! એસી ઓફીસમા બેઠા બેઠા મનઘડંત નિવેદનો કે વાતો કરતા તંત્ર અને તેના વાહકોને તેમના કાર્યક્ષેત્રમાં કામે લગાડી દેતા દેશના લાખો કોરોનાસંક્રમિતો અને તેમના સગા સંબંધીઓ સહિત દેશની પ્રજામાં આનંદ ફરી વળ્યો છે..... તે સાથે એક નવો આત્મવિશ્વાસ વધી ગયો છે.... લોકો સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચ ઉપર આફરીન થઈ ગયા છે. કારણ જે તે સરકારો કોરોના બાબતે જે કહેતી હતી કે નિવેદનો કરતી હતી તે બંધ થઈ ગયા છે.....!! તો દર્દીઓને લૂટતી ખાનગી હોસ્પિટલોને તેની મર્યાદા સમજાવવા સાથે માનવતા શું છે.....? કે કોને કહેવાય.....? તે સમજાવી દીધું છે. તો રાજ્ય સરકારોને પણ એકશનમાં આવવા સ્પષ્ટ સમજાવી દીધી અને આવા કારણોસર સામાન્ય પ્રજા ખુશ છે.... પરંતુ લોકોને અન્ય પ્રશ્નો નડે છે જેમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનો કૃત્રિમ ભાવ વધારો કરી પ્રજાને લુટવાનો, ખેડૂતોથી નહિવત કિંમતથી કૃષિ ઉત્પાદનો શાક- બકાલા, રવિ પાક વગેરે ખરીદી કરી ચાર કે છ ગણિત કિંમતો લઈ આમ પ્રજાને લુટવી.... અને આ કાળા બજાર- ખોટા ભાવ લેનારાઓને રોકનાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાં છે.....!! ત્યારે તેને જગાડવા કે દોડાવવા માટે અદાલતોએ લાલ આખ કરવી પડશે કે શું.....?

કરાંચીમાં લગ્નમાં ગયેલા ગોધરાના ૨૬ લોકો લોકડાઉનમાં ફસાયા, સરકાર નથી કરતી મદદ

ગોધરા

કોરોના વાયરસના કારણે અનેક ગુજરાતીઓ સહિત ભારતીયો વિદેશોમાં ફસાયા હોવાના અહેવાલ મળે છે, ત્યારે પંચમહાલના ગોધરાનાં ૨૬ લોકો પાકિસ્તાનમાં ફસાયા હોવાની વાત સામે આવી રહી છે. ૨ મહિના પહેલા ગોધરામાંથી ૨૬ લોકો કરાંચી લગ્નમાં ગયા હતા, પરંતુ અચાનક ભારત-પાકિસ્તાનમાં લોકડાઉન જાહેર કરી દેવામાં આવતા તેઓ પાકિસ્તાનમાં જ અટવાઈ પડ્યા હતા. હાલ તેમણે સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ કરી ભારત સરકાર પાસે મદદ માંગી છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે અનેક વખત ઈ-મેઈલથી જાણ કરી હોવા છતાં તેમને મદદ મળી રહી નહોતી. તમામ ૨૬ લોકોએ સરકારને મેઈલ કર્યો હોવાનો દાવો કર્યો છે. ૪ જૂને અમૃતસરથી ગોધરાની ટ્રેનની ટિકીટ પણ બુક કરાવી હતી.

પરંતુ તે ટ્રેન કેન્સલ થઈ હતી. આ વિશે મળતી માહિતી પ્રમાણે, પંચમહાલના ગોધરાના ૨૬ લોકો છેલ્લા ૨-૩ મહિનાથી પાકિસ્તાનના કરાચીમાં ફસાયા હોવાના એક અહેવાલ સામે આવ્યા છે. પાકિસ્તાનમાં એક લગ્ન સમારંભમાં ભાગ લેવા ગયેલા આ તમામ લોકો લોકડાઉનને કારણે પાકિસ્તાનમાં ફસાયા છે. આ લોકોએ પરિવાર વગર જ પાકિસ્તાનમાં રમજાન અને ઈદ મનાવી છે. તેમાંના કેટલાક લોકો ૨૨ ફેબ્રુઆરીએ પાકિસ્તાન ગયા હતા. જ્યારે અન્ય લોકો ૧૧મી માર્ચે ગયા હતા. હાલ સોશિયલ મીડિયા મારફતે તમામે વીડિયો અને ઈ-મેઈલ મારફતે ભારત પરત આવવા માટે તેમણે સરકાર પાસે મંજૂરી માગી હતી.

પરંતુ સરકારે તેમની મંજૂરી સ્વીકારી નહોતી. ૪ જૂને તેમણે અમૃતસરથી ગોધરાની ટ્રેનમાં ટિકિટ બુક કરી છે. તેમણે સરકાર પાસે અટારી-વાઘા બોર્ડરથી ભારતમાં આવવા માટે મંજૂરી માગી છે. પાકિસ્તાનના કરાંચીમાં રહેતા સામાજિક કાર્યકર સલીમ મુર્શાદ ગોધરાના લોકોએ પરત મોકલવામાં મદદ કરી રહ્યા છે.

રાજકોટ સિવિલમાં કોરોનાના દર્દીઓની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરાઈ શરૂ

૭૦ હજાર ઉકાળા અને ૧૨ લાખથી વધુ કીટનું વિતરણ

રાજકોટ

શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આજે હવે આયુર્વેદની દવાઓ અને ઉકાળા પ્રચલિત થયા છે. કોરોના મહામારી સમયે કેન્દ્રના આયુષ વિભાગની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકાર દ્વારા આયુર્વેદ પદ્ધતિથી ઉકાળા અને દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરી લોકોને કોરોના સામે સુરક્ષિતતા બક્ષી છે, ત્યારે સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ડોક્ટર જયેશ પરમારે જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં સંશમની વટી, ત્રિકટુ ચુર્ણ, યષ્ટિમધુ ઘનવટી, 'આયુ -૬૪', દશમુળ કવાથ, પખાવદી કવાથ શબ્દો આજકાલ ઘર ઘર પ્રચલિત થયા છે. આ માત્ર દવા જ નહી, પરંતુ આર્યુવેદની દેશ વિદેશમાં ખ્યાતિ, માન-સન્માન અને તેની મહત્તા સામે આવી છે.

કોરોના સામે રક્ષણ અર્થે કેન્દ્રના આયુષ વિભાગ દ્વારા ઉકાળા અને વિવિધ વટીનું રોજ સેવન કરો અને રોગ પ્રતિકારક શક્તિ વધારોનું મહાઅભિયાન દેશવ્યાપી છેડવામાં આવ્યું છે અને તે અસરકારક છે તેનું ઉદાહરણ આપતા ડો.પરમારે કહ્યું છે કે, રાજકોટનાં જંગલેશ્વરમાં પ્રથમ કેસ આવ્યા બાદ વહીવટી તંત્ર દ્વારા કહેવામાં આવ્યું કે જંગલેશ્વરમાં કેસ ના વધે તે માટે શું કરી શકાય? જેના પ્રત્યુત્તરમાં અમે માત્ર બે દિવસમાં ૭૦ હજાર ઉકાળા અને દવાની કીટનું વિતરણ કર્યું. લોકોને તેની મહતા સમજાવી કદાચ એ કામ કરી ગયું અને આ વિસ્તારમાં સંક્રમણ દર ઘટ્યો તેમ કહી શકાય.

ખરેખર આ ઉકાળા અને સંશમની વટી કેવી રીતે રોગપ્રતિકારક શક્તિ વધારે છે તેના જવાબમાં તેઓ જણાવે છે કે, આપણું શરીર ત્યારે જ નિરોગી કહેવાય જયારે કફ, પિત્ત અને વાયુ સપ્રમાણ હોવાથી શરીરમાં કફ અને વાયુ દોષ વધે, પાચન શક્તિ ઘટે એટલે વાઈરસનો પ્રભાવ વધે. જો ગળાની ચિકાસને કંટ્રોલમાં રાખીએ અને વાયુ જે વહનકર્તા છે તેને દાબમાં રાખીએ તો આ વાઈરસ આપણા શરીરમાં તેનું સંક્રમણ વધારી શકે નહીં. બસ આ જ કામ આ ઉકાળો અને ગોળી કરે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વધુ બે દર્દીઓએ કોરોનાને આપી મ્હાત આપી સાજા થયા

સુરેન્દ્રનગર

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી મોટી સંખ્યામાં કોરોનાને મ્હાત આપી રહ્યા છે. ત્યારે આજે સુરેન્દ્રનગર જિલ્લામાં બે દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. મૂળી તાલુકાના ઉમરડા ગામ બે કોરોના પોઝિટિવ દર્દીઓને સુરેન્દ્રનગર શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. પતિ-પત્ની કોરોના પોઝિટિવ આવતા સુરેન્દ્રનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૧૦ દિવસ બાદ સરકારની ગાઈડ લાઈન મુજબ લક્ષણો ન દેખાતા રજા આપવામાં આવી છે.

હજુ પણ સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ ૧૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જિલ્લાનો કુલ કોરોના પોઝિટિવ આંક ૩૩ છે. આજે મોરબી જિલ્લામાં પણ એક દર્દીએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૭૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે અને વધુ ૨૦ દર્દીઓનાં મોત થયા છે. જ્યારે ૬૦૮ દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ સંક્રમિત

દર્દીઓની આંકડો ૧૫૯૪૪ પર પહોંચ્યો છે અને મૃત્યુઆંક ૯૮૦ થયો છે. ગઈ કાલે નવા નોંધાયેલ કેસ પૈકી અમદાવાદ ૨૫૩, સુરત ૪૫, વડોદરા ૩૪, ગાંધીનગર ૮, મહેસાણા ૭, છોટા ઉદેપુર ૭, કચ્છ ૪, નવસારી ૨, બનાસકાંઠા, રાજકોટ, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર, ખેડા, ભરૂચ, સાબરકાંઠા, વલસાડ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને અન્ય રાજ્ય ૧-૧ કેસ નોંધાયા છે.

જુનાગઢ પંચાયત ગ્રાન્ટ કૌભાંડને લઈ કારોબારી ચેરમેનની ઓડિયો કલીપ વાયરલ

૨૦ ટકા કટકી આપી ગ્રાન્ટ વેચવામાં અને લેવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા પંચાયત કારોબારી સમિતિમાં ગ્રાન્ટ વેચવાનું કથિત કૌભાંડ થયું હોવાનું સામે આવ્યું હતું. સમિતિના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના કામોને મંજૂરી અપાઈ હતી. ત્યારે હવે આ વિવાદ વચ્ચે કારોબારી ચેરમેન લાલજી ડોબરીયાની પાતાપુરના સરપંચ બિજલભાઈ સાથેની કથિત ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે. જેમાં ૨૦ટકા કટકી આપી ગ્રાન્ટ વેચવામાં અને લેવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

જૂનાગઢ જિલ્લા પંચાયત કારોબારી સમિતિમાં ગ્રાન્ટનો વિવાદ વચ્ચે કારોબારી ચેરમેન લાલજી ડોબરીયા અને પાતાપુરના સરપંચ બિજલભાઈની ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે. જેમાં ગ્રાન્ટને અન્ય સભ્યોને વેચતા હોવાની ઓડિયો ક્લીપમાં ચર્ચા થઈ રહી છે. ગ્રાન્ટની જરૂર ન હોય તો અન્ય સભ્યોને વેચતા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

આ ઓડિયો ક્લીપમાં કારોબારી ચેરમેન લાલજી ડોબરીયા શાળામાં બ્લોક નાખવા ૨.૫-૩ લાખની ગ્રાન્ટ વેચાતી લઈ આપવાની ચર્ચા કરે છે. તેમણે પણ ખુદ ૨૦ લાખની ગ્રાન્ટ વેચાતી લીધી હોવાનું જણાવી રહ્યા છે. જે સભ્યોને બીજીવાર ચૂંટણી લડવી ન હોય તેઓ ગ્રાન્ટ વેચી રહ્યા છે. હવે ૧ કરોડ ૨૦ લાખની ગ્રાન્ટ પૂરી થઈ ગઈ હોવાનો કારોબારી ચેરમેન ઉલ્લેખ કર્યો છે. જોકે ફ્રૂફ ન્યૂઝ આ ઓડિયો ક્લીપની પુષ્ટિ નથી કરતું. પરંતુ આ કૌભાંડ વિવાદ વચ્ચે આ ઓડિયો ક્લીપ વાયરલ થતાં રાજકીય ગરમાવો આવ્યો છે. ત્યારે અનેક સવાલ પણ થાય છે કે, શું સરપંચ અને સભ્યો વચ્ચે મિલિભગત? સરપંચ સભ્યો મળી આચરે છે કૌભાંડ? ગ્રાન્ટની ફાળવણીમાં કોણ કરે છે કટકી?

પીએમ મોદીના આત્મનિર્ભર ભારત મંત્રને સાર્થક કરતો ધોરણ ૧૨નો વિદ્યાર્થી

આણંદના યુવકે જૂની બાઈકના એન્જીનમાંથી મીની ટ્રેક્ટરનું કર્યું નિર્માણ

આણંદ

લોકડાઉન દરમિયાન ઘરમાં રહીને નવરાશના સમયનો સદુપયોગ કરીને આણંદ પાસેના મોગરીગામના માત્ર ૧૨ ધોરણ સુધી ભણેલા યુવકે પોતાની આગવી કોઠાસુજથી જૂની બાઈકના એન્જીનનો ઉપયોગ કરી તેમાથી તેને મીનીટ્રેક્ટરનું નિર્માણ કર્યું છે. જેનો ખેતીના વિવિધ કામોમાં ઉપયોગ કરી શકાય છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ખેતીની સીઝનમાં નાના ખેડૂતો પાસે ખેતરમાં ખેડ કરવા બળદ હોતા નથી. તેમજ ખેતી સમયે ટ્રેકટર પણ ભાડે મળતા નથી. જેને લઈ નાના ખેડૂતો સમયસર ખેતરમાં વાવણી કાપણી કરી સકતા નથી.

ત્યારે આણંદના મોગરી ગામના અને મોબાઈલ રીપેરીંગની દુકાન ધરાવતા માત્ર ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કરનાર હિરેનભાઈ જીતુભાઈ પટેલે હાલમાં લોકડાઉનના સમયનો સારો ઉપયોગ કરી પોતાની આગવી કોઠાસૂઝથી મીની ટ્રેક્ટરનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભરના સંદેશને સાચા અર્થમાં સાકાર કર્યો છે, બાઈકના એન્જીનમાંથી માત્ર ૫૦ હજારના ખર્ચમાં મીનીટ્રેકટર બનાવ્યું છે. હિરેન પટેલે પોતાની પાસે પડેલા જુના બાઈકનું એન્જીન અને પૈડાનો ઉપયોગ કરી યૂટ્યૂબ પર સંશોધન કરી મીની ટ્રેક્ટરની ડિઝાઈન તૈયાર કરી હતી. વેસ્ટમાંથી મીની ટ્રેક્ટરની બોડી અને ડિઝાઈન તૈયાર કરી માત્ર ૫૦ હજાર રૂપિયાના ખર્ચમાં મીની ટ્રેકટર તૈયાર કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભરના સંદેશને સાચા અર્થમાં સાકાર કર્યો છે. આ ટ્રેક્ટર વિશે વાત કરીએ તો, પ્રતિ કલાક ૬૦ કિમીની ઝડપે દોડતું આ ટ્રેકટર ખેતરમાં નાના મોટા કામો ખેડ કરવી, ખેતરમાંથી ઘાસચારો લાવવો, પશુદાણ લાવવું, ખાતર લઈ જવું, પાણીની ટેક્ર લઈ જવી, મેદાનમાં પાણી છાંટવા, દાંતી મારવા જેવા કામો સહેલાઈથી કરી શકાય છે. આ મીની ટ્રેક્ટર અંગે હિરેનભાઈએ કહ્યું હતું કે, ટ્રેક્ટરમાં મોબાઈલ ચાર્જર, સાઉન્ડ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે, જે નાના ખેડૂતો માટે ખુબજ ઉપયોગી છે.

કચ્છમાં લોકડાઉનમાં ૧૦૦થી વધુ પરિવારોમાં લગ્ન યોજાયા

કચ્છ

લોકડાઉનમાં સોશિયલ ડિસ્ટિંગનું પાલન કરાવીને લગ્ન કરવાની છૂટ આપવામાં આવી છે, ત્યારે આ છૂટનો સૌથી વધુ લાભ કચ્છીઓએ લીધો છે. કચ્છમાં લોકડાઉન દરમિયા ૧૦૦થી વધુ લગ્નની શરણાઈ વાગી છે. મામલતદાર દ્વારા લગ્નની મંજૂરી અપાઈ છે. લગ્નમાં માત્ર ૫૦ લોકોની હાજરી વચ્ચે વિધી યોજાઈ હતી. ક્યાંક ધામધૂમથી, તો ક્યાંક સાદગીથી લગ્ન યોજાયા હતા. કોરાનાની મહામારી કારણે લોકડાઉન લાગી જતા લગ્ન સહિતના અનેક કાર્યક્રમો રદ કરવાની ફરજ પડી હતી. લોકડાઉન-૪માં લગ્નને મંજૂરી આપવામાં આવી હતી.

જેથી કચ્છમાં ૧૦૦થી વધુ લોકોને લગ્ન માટેની મંજુરી આપવામાં આવી હતી. ભૂજમાં ૧૦થી વધુ અને માંડવીમાં ૨૫ સહિત ગાંધીધામ, મુન્દ્રા તેમજ અન્ય તાલુકાઓમાં લગ્ન યોજાયા છે. લોકડાઉનમાં લગ્ન કરવાનો સૌથી મોટો ફાયદો એ થયો છે કે, લગ્નોમાં થતો મોટો ખર્ચનો ધુમાડો અટકી ગયો. સામાન્ય પરિવાર પણ પોતાના ઘેર લગ્ન કરે ત્યારે ૫ લાખનો ખર્ચ થઈ જતો હોય છે. આર્થિક રીતે સદ્ધર પરિવારના શાહી લગ્ન પણ યોજાય છે. તંત્રની મંજુરી સાથે લોકડાઉન વચ્ચે ૧૦૦થી વધુ યુગલ પવિત્ર લગ્નના તાંતણે બંધાયા છે.

ગૃહમંત્રીએ ટ્વિટ કરી વિપક્ષ પર નિશાન સાધ્યુ

વડાપ્રધાન મોદીએ ૬ વર્ષોમાં ઘણી ઐતિહાસિક ભૂલો સુધારી: અમિત શાહ

ન્યુ દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારના બીજા કાર્યકાળને આજે એક વર્ષ પૂરુ થઈ ગયુ છે. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ઘણા ટ્વિટ કર્યા છે. પોતાના આ ટ્વિટમાં તેમણે વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પર નિશાન પણ સાધ્યુ. ગૃહમંત્રીએ ટ્વિટ કર્યુ, મોદીજીએ આ ૬ વર્ષોના કાર્યકાળમાં માત્ર ઘણી ઐતિહાસિક ભૂલોને સુધારી છે એટલુ જ નહિ પરંતુ ૬ દશકની ખાઈને પાટા પર લાવીને વિકાસપથ પર અગ્રેસર એક આત્મનિર્ભર ભારતનો પાયો પણ રાખ્યો છે. આ ૬ વર્ષનો કાર્યકાળ ગરીબ કલ્યાણ તેમજ રિફોર્મને સમાંતર સમન્વયનુ એક અભૂતપૂર્વ ઉદાહરણ છે.

આ છ વર્ષોની ભૂલોને સુધારવાની વાત શાહે સરકારના અનુક એવા નિર્ણયોના સંદર્ભમાં કહી. જેવા કે જમ્મુ અને કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ હટાવવી, નવો નાગરિકતા કાયદો લાવવો. તેમણે કહ્યુ, ઐતિહાસિક ઉપલબ્ધિઓથી પરિપૂર્ણ મોદી ૨.૦ના એક વર્ષના સફળ કાર્યકાળમાં ભારત આવા જ નિરંતર પ્રગતિશીલ રહેશે. તેમણે ભારતની જનતાના અતૂટ વિશ્વાસનો ઉલ્લેખ કરીને એક અન્ય ટ્વિટમાં લખ્યુ, 'ઈમાનદાર નેતૃત્વ તેમજ અથાગ પરિશ્રમના પ્રતિબંબ પ્રધાનમંત્રી મોદી પર ભારતની જનતાનો જે અતૂટ વિશ્વાસ છે તેવો જ દેશની જનતાને પોતાના નેતૃત્વમાં વિશ્વાસ છે. દુનિયામાં વિરલા જ જોવા મળે છે. મોદી સરકારને પસંદ કરીને આ ઉપલબ્ધિઓની સહ ભાગીદાર બનેલી ભારતની જનતાને હું કોટિ-કોટિ નમન કરુ છુ.

સીએમ રૂપાણીએ ડેસ્ક બોર્ડથી કોવિડ-19 OPDના કામનું નિરીક્ષણ કર્યું

ગાંધીનગર

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બનાવવામાં આવેલા ૧,૨૦૦ બેડની કોવિડ ૧૯ હોસ્પિટલમાં અનેક ફરિયાદો ઉભી થઇ હતી. ત્યારબાદ ગુજરાત હાઇકોર્ટ દ્વારા પણ રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. ટકોર બાદ રાજ્ય સરકાર હવે ફરીથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં થયેલી ફરીયાદો બાબતે વધુ નિરીક્ષણ હાથ ધર્યું છે.

જેમાં આજે રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી સીએમ ડેસ્ક બોર્ડની મદદથી ઓપીડી વિભાગમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કામકાજ કેવું થઈ રહ્યું છે. તેનું નિરીક્ષણ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. અને પરિસ્થિતિ બાબતે જાણકારી પણ મેળવી હતી. ત્યારે આજે ફરીથી કોવિડ ૧૯ હોસ્પિટલના ઓપીડી વિભાગનું નિરીક્ષણ કર્યુ હતું.

વૈજ્ઞાનિકોએ આપી ચેતવણી

૨૦૨૦નું વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહેશે

ન્યુ દિલ્હી

વૈજ્ઞાનિકોના એક આંતરરાષ્ટ્રીય ગ્રુપે ચેતવણી આપી છે કે જળવાયુ પરિવર્તનના પ્રભાવોને લીધે આ વખતે ગરમ હવાઓ, ઉષ્ણકટીબંધીય તોફાનો અને આગની ઘટનાઓ ગંભીર રૂપ ધારણ કરી શકે છે. લોકડાઉનના કારણે આ ઘટનાઓ વધુ વિકરાળ રૂપ ધારણ કરી શકે છે. કેમકે તેની સામેના યોગ્ય પ્રયાસો નથી કરી શકાયા. પરિણામ એ આવશે કે આ વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. ઈન્ટરનેશન સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જ એન્ડ ડેવલોપમેન્ટના રિપોર્ટમાં શંકા વ્યક્ત કરાઇ છે કે ૨૦૨૦નું વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. રિપોર્ટ અનુસાર, ભીષણ ગરમીની સૌથી વધારે અસર ઉત્તર ગોળાર્ધના દેશો પર પડશે. ભારત, બાંગ્લાદેશ સહિતના આ દેશોમાં આગામી સપ્તાહોમાં લૂનો પ્રકોપ હજુ પણ વધશે.

રિપોર્ટ અનુસાર, દક્ષિણ ગોળાર્ધ સહિત દુનિયાના અન્ય ભાગો પણ ચરમ મોસમી ઘટનાઓનો સામનો કરી રહ્યા છે. પૂર્વ આફ્રીકાના કેટલાક ભાગોમાં અત્યારે ભારે વરસાદ પછી પૂર અને ભૂસ્ખલનનું જોખમ ઉભું થયું છે. આફ્રીકન દેશોથી માંડીને ભારત સુધીમાં કેટલાય દેશો તીડના હુમલાનો ભોગ બની રહ્યા છે.

નિષ્ણાંતોએ કહ્યું કે, ચરમ મોસમી ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. કાર્બન ઉત્સર્જનથી તોફાન, હીટવેવ અને આગનું જોખમ વધે છે. ઉંચુ ઉષ્ણતામાન લાંબો સમય ચાલુ રહેવાથી લૂ ઉત્પન્ન થાય છે, જંગલોમાં આગ લાગે છે. આ વર્ષે આ જોખમ વધી શકે છે. ડોકટર કેટ કેમરે કહ્યું કે, કોરોનાના લીધે લોકોનું એકથી બીજી જગ્યાએ ન જવું અને ઘરોમાં જ રહેવાના કારણે તેઓ ગરમી અને તોફાનોના વધારે શિકાર બની શકે છે. આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતામાં ઘટાડો પણ આમા મુશ્કેલી ઉભી કરશે.

પોલીસ અધિકારીના બે વહીવટદારોએ બુટલેગરનો ૧૦ લાખથી વધુનો તોડ કર્યો

અમદાવાદ

રાજયમાં હળવા લોકડાઉનની વચ્ચે હવે બુટલેગરો સક્રિય થયા છે અને દારૂની હેરાફેરી શરૂ કરી છે જેની વચ્ચે પોલીસને પણ કમાણી શરૂ થઈ ગઈ છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક પોલીસ અધિકારીના બે વહીવટદારોએ પાંચ દિવસ પહેલા એસજી હાઈવે પર હાઈકોર્ટની પાછળથી બુટલેગરની દારૂ ભરેલી ગાડી ઝડપી ૧૦ લાખથી વધુનો તોડ કરી જવા દીધો હતો. અધિકારીના બંને વહીવટદારોએ કરેલા તોડ અંગેની ચર્ચા હાલમાં પોલીસબેડામાં ચર્ચાનો વિષય બની છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી છે. જેનો ફાયદો લઇ શહેરમાં અનેક જગ્યાએ દારૂની હેરાફેરી શરૂ થઈ ગઈ છે. અનેક જગ્યાએ છેલ્લા બે મહિનાથી લોકડાઉનના પગલે દારૂના વેચાણ બંધ થઈ ગયા હતાં તે વહીવટદારો ફરી શરૂ કરાવી દીધાં છે.

લોકડાઉનમાં ધંધા બંધ રહેતા પોલીસના વહીવટદારો પાયમાલ થઈ ગયા હતા. પશ્ચિમ વિસ્તારમાં પોલીસ અધિકારીના બે વહીવટદાર જે પશ્ચિમના પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવે છે તેઓએ ચારેક દિવસ પહેલા ગુજરાત હાઇકોર્ટની પાછળના ભાગેથી એક દારૂ ભરેલી ગાડી પકડી હતી. ગાડીમાં આશરે ૪૦થી ૫૦ પેટી જેટલો દારૂ હતો. બંનેએ કેસ કરવાની ધમકી આપી હતી બાદમાં બુટલેગર સાથે સમાધાન કરી લાખો રૂપિયાનો તોડ કર્યો હતો. પોલીસબેડામાં આ તોડની માહિતી ફેલાઈ જતાં ચર્ચાનો વિષય બન્યો છે. રૂ. ૧૦ લાખથી વધુનો બંનેએ તોડ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્યમાં કડી દારૂ પ્રકરણ હાલમાં ખૂબ જ ચર્ચાનો વિષય બન્યો છે. કડી પોલીસ સ્ટેશનનાઁએ બુટલેગરનો દારૂ પકડી અને તેને વેચવા સંતાડીને રાખ્યો હતો. જો કે ઉચ્ચ પોલીસ અધિકારી સુધી માહિતી પહોંચતા દારૂ કેનાલમાં ફેંકી દીધો હતો.

આ ઘટનાથી પોલીસની છબી ખુબ જ ખરડાઈ છે ત્યારે અમદાવાદ શહેરમાં આ રીતે એક પોલીસ અધિકારીના બે વહીવટદારો લાખો રૂપિયાનો બુટલેગર પાસેથી તોડ કરી લેતાં અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. શું અમદાવાદ શહેરમાં આવી રીતે પોલીસ અધિકારીએ આવી રીતે કેટલા બુટલેગરો પાસેથી તોડ દારૂની હેરાફેરી કરવા દીધી હશે ? કડી દારૂ કાંડ જેમ સામે આવ્યો એમ ઉચ્ચ અમદાવાદ અને રાજયના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ તોડકાંડ અંગે તપાસ કરશે ? કે પછી અધિકારી અને વહીવટદારોને સાચવી લેશે?

સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે મીંટીગમાં જઈ રહેલા કોંગી ધારાસભ્ય અશ્વિન કોટવાલની અટકાયત

કતપુર

ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વીન કોટવાલની અટકાયત કરવામાં આવી. સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે કોગ્રેસની મીંટીગમાં જઈ રહેલા ધારાસભ્ય અશ્વિન કોટવાલની અટકાયત કરવામાં આવી.પ્રાંતિજ પોલિસે કતપુર ટોલટેક્ષ પાસેથી ધારાસભ્ય કોટવાલની અટકાયત કરી છે. સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે આજે આદિવાસીઓના પ્રશ્નો મુદ્દે કોગ્રેસ મિટિંગમાં જઈ રહેલા ધારાસભ્ય કોટવાલની અટકાયત કરવામાં આવી છે.

અમદાવાદનાં હીરાના કારખાનામાં નિયમ ભંગ બદલ માલિકો સામે નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે તેવામાં નિકોલના એક હીરાના કારખાનનો વીડિયો વાયરલ થયો છે. જેમાં કારખાનાના સંચાલકો અને રત્નકલાકારોએ લૉકડાઉન ૪ની છૂટછાટનાં તમામ નિયમો નેવે મુક્યા છે. જો આ સ્થિતિ રહી તો નિકોલ કોરોનાનું નવું હોટ સ્પોટ બને તો નવાઈ નહિ. આ મામલે નિકોલ પોલીસે ન્યૂઝ૧૮ ગુજરાતીના અહેવાલ બાદ કાર્યવાહી કરી છે. નિકોલ પોલીસ સ્ટેશનના પીઆઈ હિતેષસિંહ ઝાલાએ જણાવ્યું કે, નિકોલમાં આવેલા જાણીતા કિરણ ડાયમંડ કારખાનાનો વીડીયો વાયરલ થયો તે મામલે માલિક સંદીપ સભાયા અને મેનેજર જીગ્નેશ પટેલ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી અટકાયત કરાઈ છે. કોરોનાના વધતા જતા સંક્રમણને કારણે માત્ર ગુજરાત જ નહીં દેશભરમાં લૉકડાઉન જાહેર કરાયુ હતું.

૨ મહિનામાં તમામ લોકો સહિત ઉદ્યોગ ધંધાની સ્થિતિ ખરાબ થઈ હતી. જેના કારણે લૉકડાઉન ૪માં રાજ્ય સરકારે કેટલીક શરતો સાથે ધંધા ઉધોગ ખોલવાની મંજૂરી આપી હતી. જેમાં હજુ થોડા દિવસ પહેલા જ અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં હીરાના કારખાના શરૂ થયા હતા.જેમાં નિકોલ વિસ્તારમાં ચાલતા એક હીરાના કારખાનનો વીડિયો વાયરલ થયો છે. આ હીરાના કારખાનામાં સોશિયલ ડિસ્ટન્સનો સદંતર અભાવ સામે આવ્યો છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે એક ઘંટી પર બે કારીગરો બેસાડવાની છૂટછાટ અપાઈ છે. પણ અહીં હીરાની ઘંટી પર બેની જગ્યાએ ચાર-ચાર કારીગરો કામ કરી રહ્યા છે. કારખાના ની આ સ્થિતિ તંત્રની બે મહિનાની મહેનત પર પાણી ફેરવી દેશે તેવું લાગી રહ્યું છે. કારખાનાના માલિકો દ્વારા ૩૦ ટકા કારીગરોની છૂટછાટ છતાં પુરા કારીગરો કેમ બોલવાઈ રહ્યા છે તેના પર સવાલો ઉઠી રહ્યા છે. કારખાનામાં કામ કરતા એક રત્નકલાકારએ નામ નહિ આપવાની શરતે જણાવ્યું હતું કે, કારખાનામાં કોઈ નિયમનું પાલન થતું નથી. સવારે ૮.૩૦ વાગે કારખાનું શરૂ થઈ જાય છે અને સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ચાલુ રહે છે. આ કારખાનાનું બિલ્ડીંગ પાંચ માળનું છે અને એક માળ પર ૧ હજાર કારીગરો કામ કરે છે.

ત્રણ ભારતીય કંપનીઓને નાસાના વેન્ટિલેટર ઉત્પાદનનો કોન્ટ્રાક્ટ મળ્યો

કોરોનાના જંગમાં નાસાએ પોતાની ટેક્નોલોજીની મદદથી વિશેષ વેન્ટિલેટર બનાવ્યું

વોશિંગ્ટન

ત્રણ ભારતીય કંપનીઓને નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ કોરોના વાયરસના દર્દીઓ સારવાર માટે તૈયાર કરાયેલા વેન્ટિલેટર બનાવવાનું લાયસન્સ મેળવ્યું છે. આ ત્રણ ભારતીય કંપનીઓમાં આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસ પ્રા. લિ., ભારત ફોર્જ લિ. અને મેધા સર્વો ડ્રાઈવ્સ પ્રા. લિ.નો સમાવેશ થાય છે.

ભારતીય કંપનીઓ ઉપરાંત અન્ય ૧૮ કંપનીઓમાં આઠ અમેરિકન, ત્રણ બ્રાઝિલિયન કંપનીઓને પણ વેન્ટિલેટર્સ ઉત્પાદન માટે પસંદ કરવામાં આવી છે. નાસા સ્પેસ સંશોધન, એરોનોટિક્સ અને સંલગ્ન અભિયાન હાથ ધરતી એક સ્વતંત્ર એજન્સી છે. નાસાએ ખાસ કોરોના વાયરસના દર્દીઓ માટે દક્ષિણ કેલિફોર્નિયા સ્થિત તેની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (જેએલપી)માં આ વેન્ટિલેટરનું નિર્માણ કર્યું છે. જેપીએલ એન્જિનિયર્સે આ ખાસ વેન્ટિલેટરને 'વાઈટલ' નામ આપ્યું છે. આ વેન્ટિલેટરને એક મહિનાના ટૂંકા ગાળામાં ફૂડ એડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન તરફથી ઈમર્જન્સી યુઝ ઓથોરાઝેશન પ્રાપ્ત થયું છે તેમ નાસાએ જણાવ્યું હતું.

આ વેન્ટિલેટર અનેક રીતે ખાસ છે. નાસાએ જણાવ્યા મુજબ પારંપરિક વેન્ટિલેટરમાં જરૂર પડતા પાર્ટ્સની તુલનાએ આ વેન્ટિલેટરમાં તેના ૧૫ ટકા પાર્ટ્સનો જ ઉપયોગ થાય છે. અત્યંત ક્રિટિકલ દર્દીઓની સારવાર માટે આ હાઈ-પ્રેશર વેન્ટિલેટર એક કિફાયતી વિકલ્પ પુરવાર થઈ શકે છે. આ ઉપરાંત ફ્લેક્સિબલ ડિઝાઈનને પગલે તે હંગામી હોસ્પિટલ્સમાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે તમ નાસાએ જણાવ્યું હતું.

કોરોના વાયરસ પત્ની જેવો હોય છે: ઈન્ડોનેશિયા મંત્રી

જકાર્તા

ઉટપટાંગ નિવેદનો આપનારા રાજકારણીઓ ભારતમાં જ છે તેવુ નથી. આ મામલે કાગડા બધે જ કાળા છે.

ઈન્ડોનેશિયાની વાત કરીએ તો અહીંના રક્ષા મંત્રીએ કોરોનાની સરખામણી પત્ની સાથે કરીને મહિલા સંગઠનોનો રોષ વહોરી લીધો છે. રક્ષા મંત્રી મહોમ્મદ મહફૂદે એક નિવેદનમાં કહ્યુ હતુ કે, મને મારા સાથી મંત્રીએ એક મીમ મોકલાવ્યો છે. જેમાં કહેવાયુ છે કે, કોરોના વાયરસ પત્ની જેવો હોય છે. શરુઆતમાં તમે તેને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરો છો પણ પછી તમને અહેસાસ થાય છે કે આવુ શક્ય નથી અૂને પછી તમે તેની સાથે રહેતા શીખી જાવ છો.

જોકે મહિલા સંગઠનો આ નિવેદનથી ખફા છે.ઈન્ડોનેશિયન વુમન કોએલેશને કહ્યુ છે કે, મંત્રીએ તાત્કાલિક માફી માંગવી જોઈએ. તેમને સ્થિતિની ગંભીરતાની સમજ નથી.

ઉલ્લેખનીય છે કે, ઈન્ડોનેશિયામાં કોરોનાના ૨૪૦૦૦ કરતા વધારે કેસ નોંધાઈ ચુક્યા છે.૧૪૯૬ લોકો જીવ ગુમાવી ચુક્યા છે. જોકે ઈન્ડોનેશિયામાં પણ સરકાર વધારે ટેસ્ટ કરાવી રહી નથી.

ભાવનગર મહાનગરપાલિકાએ વેરામાં પાડેલા ફેક્ટરનો કરાયો વિરોધ

ભાવનગર

મહાનગરપાલિકાએ વેરામાં પાડેલા ફેક્ટરનો વિરોધ થયો છે. મહાનગરપાલિકાએ સક્ષમ અને અસક્ષમ એમ કોમર્શિયલ વિભાગમાં ભાગ પાડ્યા છે. ૮૯ ટકા અસક્ષમ લોકો હોઈ છે જેને ૫૦ ટકા કરતા વધુ વેરો ભરવામાં આવે છે, જેનો સક્ષમ એસોસિએશનએ વિરોધ નોંધાવ્યો છે. નગરપાલિકાએ વેરા માટે કોમર્શિયલ ક્ષેત્રમાં બે વિભાગ કર્યા છે જે એસોસિએશન નથી ધરાવતા અને નાના કામોના ફેક્ટર ચલાવે છે તેને વેરો ઘટાડ્યો અને સક્ષમ જેવા કે, રેસ્ટોરન્ટ, ઝીમ, હેર સલૂન, શાળાઓ, બ્યુટી પાર્લર જેવા વ્યવસાયકારીઓના વેરામાં ૬૬ ટકા વધારો કરવામાં આવ્યો છે. હાલમાં રેસ્ટોરન્ટ એસોસિએશન મેદાનમાં આવ્યું છે અને માગ કરી છે કે, સરકાર લોકડાઉનમાં ખર્ચા માથે પડ્યા છે અને આવક નથી ત્યારે આવો વધારો અયોગ્ય છે જેથી સરકાર ઘટતું કરે તેવી માગ કરી છે.ભાવનગરમાં આવેલી રેસ્ટોરન્ટ, શાળાઓ સહિતના ફેક્ટરમાં લોકડાઉનમાં વધારા પર વિરોધ પક્ષ દ્વારા પણ નકારીને શાસકોને આડેહાથ લીધા છે. પાછળ દરવાજેથી ફેક્ટર બદલીને યેનકેન પ્રકારે વેરા વધારો કરાયો છે.મહાનગરપાલિકાએ વેરામાં કરેલા ભાગ પ્રોગ્રેસિંગ યોજના અમલમાં મૂકી છે. ગરીબ લોકો જે નાના વ્યવસાય કરે તેને રાહત અને મોટાને વધારો એટલે ત્રાજવુ સરખું કરવામાં આવ્યું છે.

જેમાં નૂકસાન મહાનગરપાલિકાને ૧૯ લાખનું હોવાનું કમિશ્નર જણાવી રહ્યા છે. રેસ્ટોરન્ટ અને શાળાઓ સક્ષમ છે તો વેરો ભરવામાં તકલીફ ન હોવી જોઈએ પણ સહકાર હોવો જોઈએ તેમ જણાવ્યું છે. ભાવનગરમાં કરેલા બે વિભાગ વેરાના જરૂરિયાત વાળા નાના ઉદ્યોગોને ફાયદો કરાવશે પણ ૬૬ ટકા વેરો જ્યાં સક્ષમ ધંધાર્થી અને વ્યવસાયકારીઓ પર જિકયો છે, તેની વસુલાત અંતે તો આગામી દિવસોમાં વધારો વસ્તુ, ફી અને વાળ કાપવા જેવા કામોમાં જોવા મળશે તે નિશ્ચિત છે.

મહીસાગરમાં ૬૭ વર્ષના સિનિયર સિટીઝને કોરોનાને હરાવતા અપાઈ રજા

મહીસાગર

જિલ્લાના કડાણાના ૬૭ વર્ષની ઉંમર ધરાવતા સિનિયર સિટીઝન નાથાભાઈ પ્રજાપતિનો ૧૯ મેના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને બાલાસિનોરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેઓએ સંપૂર્ણપણે તબીબો દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની સાથે નિયમિત દવાઓ લઈને માત્ર ૧૦ દિવસમાં જ કોરોનાને હરાવ્યો છે. શુક્રવારે તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હોસ્પિટલના તબીબો અને સ્ટાફ દ્વારા પુષ્પગુચ્છ અને તાળીઓના ગડગડાટથી વિદાય આપવામાં આવી હતી. કડાણા ગામે તેમના નિવાસસ્થાને મુકવા ગયેલી આરોગ્યની ટીમ જયારે ગામમાં પહોંચી ત્યારે ગ્રામજનો અને પરિવારના સભ્યો દ્વારા તાળીઓના ગડગડાટથી અને પુષ્પગુચ્છ આપીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોરોનાને હરાવીને પોતાના ઘરે પરત ફરેલા ૬૭ વર્ષીય નાથાભાઈ પ્રજાપતિ કહે છે કે, મને કોઈ તકલીફ પડી નથી. હોસ્પિટલનો સ્ટાફ ઘણો સારો છે, મને ખૂબ સહકાર મળ્યો છે, તેમજ ત્યાં બે ટાઈમ ચા-નાસ્તો અને બે ટાઈમ જમવાનું સમયસર મળતું હતું, બધી જ સગવડ સારી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે હાલ હું તંદુરસ્ત છું અને મને જે સુચનાઓ આપવામાં આવી છે તેનું હું સંપૂર્ણ પાલન કરી ઘરમાં જ રહીશ. તેમજ કહ્યું કે આ રોગ થી ગભરાવાની જરૂર નથી, પરંતુ સરકાર કહે છે તેમ કામ વગર બહાર ન જવું જોઈએ, પોતે જ પોતાનું રક્ષણ કરવું જોઈએ.

શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં અત્યાર સુધી ૮૦ મજૂરોના મોત નિપજ્યા: રેલ્વે

ન્યુ દિલ્હી

લૉકજાઉન દરમિયાન પ્રવાસી મજૂરોની સમસ્યા સરકાર માટે સૌથી મોટી મુશ્કેલી રહી છે. ખાસ કરીને તેને ઘરે પહોંચાડવા માટે અત્યાર સુધી ઘણી સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. રાજ્ય સરકારે બસની વ્યવસ્થા કરી તો બોર્ડરની અંદર પ્રવેશવાની મુશ્કેલી થઈ અને જો મજૂરોએ ચાલીને જવાનો પ્રયાસ કર્યો તો કાયદો-વ્યવસ્થા ખરાબ તો થઈ હતી, સાથે તેમનો જીવ પણ જોખમમાં રહ્યો હતો. આખરે કેન્દ્ર સરકારે સ્પેશિયલ ટ્રેન ચલાવીને મજૂરોને ઘરે જવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ લગભગ ૨૦ દિવસમાં ટ્રેન યાત્રા દરમિયાન ૮૦ લોકોના મોત થયા છે.

રેલવે અધિકારીઓએ આ સંબંધમાં એક ડેટા શેર કરતા કહ્યુ, અત્યાર સુધી શ્રમિક સ્પેશિયલ ટ્રેનમાં ૮૦ મજૂરોના મોત થયા છે. જેમાંથી એક વ્યક્તિનું મોત કોરોના વાયરસને કારણે થયું છે. તો ૧૧ અન્ય લોકોના મોત પહેલાથી થયેલી કોઈ બીમારીને કારણે થયા છે. રેલવે અધિકારી પ્રમાણે આ ડેટા ૯-૨૭ મે વચ્ચેનો છે. ઉલ્લેખનીય છે કે હાલના સમયમાં શ્રમિક ટ્રેનોના રસ્તા ભટકવાના સમાચાર આવ્યા હતા, ત્યારબાદ મજૂરોની ચિંતા વધી ગઈ હતી. ઘણી ટ્રેન એવી પણ છે જે એક દિવસની સફર ચાર-પાંચ દિવસમાં પૂરી કરી રહી છે, જેને લઈને સતત મીડિયામાં સમાચારો આવતા રહે છે.



કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા ધારાવીમાં પાલિકા અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ રહેવાસીઓનું મેડિકલ ચેકઅપ હાથ ધર્યું છે ત્યારે ટેમ્પરેચર ગનથી એક યુવતીનું પરીક્ષણ થઈ રહ્યું હોવાનું તસવીરમાં જોવા મળ્યું હતું.

તાઈવાન એકીકરણ માટે તૈયાર નહીં થાય તો હુમલો કરવામાં આવશેઃ ચીનની ધમકી

બેઇજિંગ

ચીને ધમકી આપી છે કે જો તાઈવાન એકીકરણ માટે તૈયાર નહીં થાય તો તેના પર હુમલો કરવામાં આવશે. ચીનનાં સેન્ટ્રલ મિલિટ્રી કમિશનનાં સભ્ય અને જૉઈન્ટ સ્ટાફ ડિપાર્ટમેન્ટનાં પ્રમુખ લી ઝુઓચેંગે કહ્યું છે કે તાઈવાનને આઝાદ થવાથી રોકવાનો જો કોઈ રસ્તો નહીં બચે તો ચીન તેના પર હુમલો કરશે. લી ઝુઓચેંગ ચીનમાં ઘણા જ સીનિયર જનરલ છે.

ચીનમાં ઊંચા પદ પર રહેનારા વ્યક્તિ તરફથી આવું નિવેદન આપવું રેયર છે. બેઇજિંગનાં ગ્રેટ હૉલ ઑફ ધ પબ્લિકમાં શુક્રવારનાં લીએ આ વાત કહી. લી ઝુઓચેંગે કહ્યું કે, "જો શાંતિથી એકિકરણનાં રસ્તા ખત્મ થઈ જાય છે તો ચીનની સેના આખા દેશને સાથે લઈને (તાઈવાનનાં લોકોને પણ) અલગાવવાદીઓ પર જરૂરી કાર્યવાહી કરશે." જૉઈન્ટ સ્ટાફ ડિપાર્ટમેન્ટનાં પ્રમુખ લી ઝુઓચેંગે કહ્યું કે, "અમે સુરક્ષાદળોનો ઉપયોગ ના કરવાનો વાયદો નથી કરતા. તાઈવાનમાં સ્થિતિ પર કાબુ કરવા માટે અમે આ વિકલ્પને રિઝર્વ રાખી રહ્યા છીએ."

લી ચીનનાં Anti-Secession કાયદાની ૧૫મી એનિવર્સરી પર બોલી રહ્યા હતા. આ કાયદો ચીનને કાયદાકીય અધિકાર આપે છે કે જ્યારે તાઈવાન અલગ થવાનો પ્રયત્ન કરે તો તેના પર સૈન્ય કાર્યવાહી કરવામાં આવી શકે છે. તાઈવાનનાં સીનિયર જનરલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ચીન હોંગકોંગ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવા માટે નેશનલ સિક્યુરિટી કાયદો લાગુ કરી રહ્યું છે.

આગામી થોડા દિવસોમાં લૂનો પ્રકોપ ઘટશે

દિલ્હી,હરિયાણા,પંજાબમાં વરસાદથી રાહતઃ વિદર્ભનું ચંદ્રપુર ૪૫.૪ ડિગ્રી સાથે સૌથી ગરમ

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત હરિયાણા અને પંજાબના કેટલાક ક્ષેત્રોમાં વાતાવરણ પલટાયું છે. આ રાજ્યોમાં વરસાદના કારણે લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે જ્યારે ઉત્તર પ્રદેશ અને મધ્ય ભારતના અનેક ક્ષેત્રોમાં ભીષણ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રમાં આવેલું ચંદ્રપુર ૪૫.૪ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે દેશનું સૌથી ગરમ સ્થળ બની રહ્યું હતું.

વાતાવરણ પલટાતા રાજસ્થાનનું મહત્તમ તાપમાન છથી સાત ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું હતું અને લોકોને ગરમીથી રાહત મળી હતી. જો કે તેમ છતા રાજ્યના મોટા ભાગના ક્ષેત્રોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ જેવું રહ્યું હતું જે થોડા દિવસો પહેલા ૫૦ ડિગ્રી પહોંચવા આવ્યું હતું. તેલંગાણા અને વિદર્ભ સિવાય દેશના મોટા ભાગના વિસ્તારોમાં લૂનો પ્રકોપ ઘટ્યો હતો અને હવામાન વિભાગે ૩૦મી મેથી બીજી જૂન દરમિયાન દેશના કોઈ ક્ષેત્રમાં લૂ ફૂંકાવાની શક્યતા નથી તેમ જાહેર કર્યું છે.

વરસાદના કારણે ચંદીગઢ, પંજાબ, હરિયાણાના કેટલાક ક્ષેત્રોમાં તાપમાન ઘટ્યું હતું જ્યારે ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જળવાઈ રહ્યો હતો. હવામાન વિભાગે પહેલી જૂનથી કેરળમાં દક્ષિણ પશ્ચિમી ચોમાસુ આગમન કરશે તેવી આગાહી કરેલી છે.

કોંગ્રેસે મોદી સરકારની 'નિષ્ફળતાઓ' ની ૧૬ મુદ્દાઓની યાદી બહાર પાડી

ન્યુ દિલ્હી

નરેન્દ્ર મોદી સરકારનાં બીજા કાર્યકાળને આજે એક વર્ષ પૂર્ણ થયુ છે. જેને લઈને વિરોધ પક્ષ કોંગ્રેસે સરકાર પર નિશાન સાંધ્યુ છે. કોંગ્રેસનું કહેવુ છે કે, છેલ્લુ એક વર્ષ દેશ માટે ભારે નિરાશા, ગેરવહીવટ અને અપાર પીડા આપનાર રહ્યુ છે. મોદી સરકારનાં બીજા કાર્યકાળની પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે કોંગ્રેસ પાર્ટીએ 'લાચાર લોકો, નિર્દય' સરકારનું સુત્ર આપ્યું છે અને સરકારની 'નિષ્ફળતાઓ' નાં ૧૬-મુદ્દાની સૂચિ બહાર પાડી છે.

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે વીડિયો લિંક દ્વારા પત્રકારોને જણાવ્યું હતું કે, "ભારે નિરાશા, ગુનાહિત ગેરવહીવટ અને પુષ્કળ વેદનાનું વર્ષ સાતમા વર્ષની શરૂઆતમાં ભારત એક એવી જગ્યાએ આવીને ઉભુ રહ્યુ છે, જ્યા દેશનાં નાગરિકો સરકાર દ્વારા આપવામાં આવતી અગણિત ઈજા અને નિર્દય અસંવેદનશીલતાનું દર્દ સહન કરવા મજબૂર છે." તેમણે દાવો કર્યો હતો કે, "છેલ્લાં છ વર્ષોમાં દેશમાં ભટકાવાનું રાજકારણ અને ખોટા અવાજોની પરાકાષ્ઠા મોદી સરકારનાં કામકાજની ઓળખ બની હતી." દુર્ભાગ્યવશ, આ ભટકાવવાનાં આ આડંબરે મોદી સરકારની રાજનૈતિક મહત્વાકાંક્ષાઓને પૂરી તો કરી, પરંતુ દેશને ભારે પહોંચાડી."

કોંગ્રેસનાં મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ આરોપ લગાવ્યો, "ઢોલ વગાડીને વિશાળ વચનો આપીને સત્તા પર આવેલી આ સરકાર દેશને સામાન્ય રીતે ચલાવવાની એક નાની આશા પણ પૂરી કરવામાં નિષ્ફળ ગઈ છે અને ઉપલબ્ધિનાં નામે શૂન્ય સાબિત થઈ છે." તેમણે કહ્યું કે દેશ છેલ્લા કેટલાક વર્ષોથી 'સરકાર અને વડા પ્રધાન દ્વારા સર્જાયેલી' દુર્ઘટનાઓ સાથે ઝઝૂમી રહ્યો હતો અને હજુ પણ ઝઝૂમી રહ્યો છે. મહત્વનું છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે ૩૦ મે ૨૦૧૯ નાં રોજ બીજા ટર્મ માટે શપથ લીધા હતા.

રશિયા ગયેલા એર ઈન્ડિયાના પાયલેટને કોરોનાઃ ફ્લાઈટ અધવચ્ચેથી પરત ફરી

ન્યુ દિલ્હી

વંદે ભારત મિશન અંતર્ગત રશિયામાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવા માટે એર ઈન્ડિયાની દિલ્હી-મોસ્કોની ફ્લાઈટ અધવચ્ચેથી પછી બોલાવવી પડી હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ ફ્લાઈટ ઉઝબેકિસ્તાનની એરસ્પેસ પર પહોંચી ત્યારે અમારી ગ્રાઉન્ડ ટીમના સભ્યોને જાણમાં આવ્યું કે વિમાનનો એક પાઈલટ કોરોના પોઝિટિવ છે. તેમાં કોઈ મુસાફરો નહોતા. અધિકારીએ એમ પણ કહ્યું કે વિમાનને તાત્કાલિક પાછા ફરવાનું કહેવામાં આવ્યું હતું. શનિવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે વિમાન દિલ્હી પહોંચ્યું હતું. ક્રૂ મેમ્બર્સને અલગ રાખવામાં આવ્યા છે. હવે રશિયામાં ફસાયેલા ભારતીયોને લાવવા બીજા વિમાનને મોસ્કો મોકલવામાં આવશે. તમામ ક્રૂના રિપોર્ટ્સ ફ્લાઈટ પહેલાં તપાસવામાં આવે છે. ખાસ કરીને કોરોના રિપોર્ટને ચકાસવામાં આવે છે. એક પાઈલટનો રિપોર્ટ પોઝિટીવ હતો, પરંતુ ભૂલથી નેગેટીવ વંચાઈ ગયો હતો. આથી ગ્રાઉન્ડ ટીમે તેને ઉડવા માટે મંજૂરી આપી હતી.

કોરોના ક્યારે ખતમ થશે તે નથી ખબર,લોકડાઉન હંમેશા લાગુ ના થઈ શકેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હી કોરોનાથી સૌથી પ્રભાવિત રાજ્યો પૈકી એક છે. જોકે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યુ છે કે, ગભરાવા જેવી વાત નથી.

કેજરીવાલે કહયુ હતુ કે, દિલ્હીમાં ૧૫ દિવસમાં ૮૫૦૦ કેસ સામે આવ્યા છે પણ મોટાભાગના લોકો સાજા થઈ રહ્યા છે અને તે પણ ઘરે રહીને. હોસ્પિટલમાં માત્ર ૫૦૦ લોકોને ભરતી કરવા પડ્યા છે.સરકારે દર્દીઓની સંખ્યા સામે બમણા બેડની વ્યવસ્થા કરી છે. લોકોને આ બાબતની જાણકારી આપવા માટે દિલ્હી સરકાર એપ લોન્ચ કરશે. જોકે તેમણે કહ્યુ હતુ કે, કોરોનાની બીમારી ક્યારે ખતમ થશે તે કોઈ કહી શકે તેમ નથી. તેવી સ્થિતિમાં લોકડાઉન હંમેશા માટે લાગુ કરી શકાય તેમ નથી. સ્થિતિને આપણે જ સામાન્ય કરવી પડશે. દિલ્હીમાં કોરોનાના ૧૭૦૦૦ કરતા વધારે કેસ છે અને અત્યાર સુધીમાં ૩૯૮ લોકો જીવ ગુમાવી ચુક્યા છે.

કન્ટેમ્બેન્ટ ઝોન
પહેલા પાનાથી ચાલુ

એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં પહેલેથી જ કહ્યું હતું કે લોકડાઉન ૫.૦ એકદમ સામાન્ય રહેશે. તેમણે કહ્યું, 'ફક્ત થોડા જ ક્ષેત્રમાં પ્રતિબંધો લાદવામાં આવશે. બાકીનું જાહેર જીવન ખુલી જશે. તેમણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ હંમેશા રહેશે નહી. લોકોને મોટાપાયે મુક્તિ આપવામાં આવી છે અને હવે તેઓ સામાન્ય જીવનની અપેક્ષા રાખે છે. કોરોના વાયરસના ચેપને રોકવા માટે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ લોકડાઉન ચાર વખત વધારવામાં આવ્યું છે. ૩૧ મેના રોજ લોકડાઉન ૪ નો સમયગાળો પણ પૂરો થઈ રહ્યો છે, જેમાં લોકો અટકળો કરી રહ્યા છે કે આ લોકડાઉન આગળ વધશે કે નહી. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે લોકડાઉન ૫.૦ વિશે કેટલીક મહત્વપૂર્ણ વાતો કહી હતી. તેમણે કહ્યું કે હવે આ લોકડાઉન ઘણી હદ સુધી ઘટાડવામાં આવશે. તેનો અર્થ એ છે કે લોકો પાસેથી ઘણા નિયંત્રણો હટાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન કહ્યું હતું કે લોકડાઉન ૫.૦ એકદમ સામાન્ય રહેશે. ફક્ત થોડા જ ક્ષેત્રમાં પ્રતિબંધો લાદવામાં આવશે.

પશ્ચિમ બંગાળમાં
પહેલા પાનાથી ચાલુ

ગૃહમંત્રી અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે લોકડાઉન અંગે ચર્ચા કરી હતી અને તેના આગળના દિવસે તમામ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી.

એક અહેવાલ પ્રમાણે ૩૧મી મે બાદ લોકડાઉનને બે સપ્તાહ માટે વધારવામાં આવી શકે છે. રાજ્યો અને કેન્દ્રશાસીત પ્રદેશોને લોકડાઉનમાં પહેલી જૂનથી કડક અમલ ચાલુ રાખવા કે રાહત આપવાની છૂટ મળી શકે છે. લોકડાઉન ૪.૦ બાદ કેન્દ્ર સરકાર પોતાના પાસે સીમિત અધિકારો જ રાખશે. જ્યારે શાળા અને મેટ્રો સેવાઓ ફરી ચાલુ કરવાનો નિર્ણય રાજ્યો પર છોડવામાં આવ્યો છે. તે સિવાય ધાર્મિક સ્થળોને હાલ ખોલવા કે નહીં તેનો નિર્ણય પણ રાજ્ય સરકારો લેશે.

કોરોના બ્લાસ્ટ
પહેલા પાનાથી ચાલુ

પૂછાઈ રહ્યો હતો. આ તબક્કો સૌથી ભયાનક અને ચરમસીમા સમાન મનાય છે. જેમાં કોઈને પણ કોરોનાનો ચેપ લાગી શકે છે.

સૂત્રોએ કહ્યું કે, વધેલા કેસોની સંખ્યા સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૭૩,૪૯૧ લોકો સંક્રમિત થયા છે અને ૪,૯૮૦ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૮૨,૬૨૭ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૬૨,૨૨૮ લોકો કોરોનાના સંકજામાં આવ્યા છે અને ૨,૦૯૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૨૦,૨૪૬ લોકો સંક્રમિત થયા છે અને ૧૫૭ લોકોના મોત થયા છે.તો આ તરફ ૧૭,૩૮૬ દર્દીઓ સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દિલ્હીમાં ૩૯૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે,અને રિકવરી રેટ વધીને ૪૭% પર પહોંચ્યો છે.

ભારતમાં જો કે હવે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે. જે સ્વસ્થ્ય થનારા લોકોનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ સાથે જ સાજા થનાર દર્દીઓનો આ આંકડો વધીને ૮૨૩૬૯ સુધી પહોંચી ગયો છે.

જો કે છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૯૭૧ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના હવે ૮૨૩૭૦ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૬૨૨૨૮ કેસ નોંધાયા છે જ્યારે ૨૦૯૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં ૨૦૨૪૬ કેસ નોંધાયા છે જેમાંથી ૧૫૪ લોકોના મોત નિપજ્યા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૭૩૮૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૧૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૬૯૦૧૧ લોકો સંક્રમણમાં આવ્યા છે જેમાંથી ૯૮૦ લોકોના મોત થયા છે.

ગઈ કાલે મહારાષ્ટ્રમાં ૨૬૮૨, દિલ્હીમાં ૧૧૦૫, તમિલનાડુમાં ૮૭૪, ગુજરાતમાં ૩૭૨, રાજસ્થાનમાં ૨૯૮ , પશ્ચિમ બંગાળમાં ૨૭૭, ઉત્તરપ્રદેશમાં ૨૭૫, કર્ણાટકમાં ૨૪૮, હરિયાણામાં ૨૧૭, ઉત્તરાખંડમાં ૨૧૬, બિહારમાં ૧૭૪, જમ્મુ-કાશ્મીરમાં ૧૨૮ અને આસામમાં ૧૪૪ દર્દી મળ્યા હતા. રાજસ્થાનમાં સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી કોરોનાના ૪૯ નવા કેસ નોંધાયા હતા. દિલ્હીમાં આજે ૧૧૦૬ સંક્રમિત વધ્યા છે. એક દિવસમાં સંક્રમિતોનો આ સૌથી મોટો આંકડો છે.

ઉત્તરપ્રદેશમાં દરરોજ ૧૦ હજાર કોરોનાના ટેસ્ટ કરાવામાં આવી રહ્યા છે. મુખ્ય સચિવ સ્વાસ્થ્ય અમિત મોહન પ્રસાદે આ અંગેની માહિતી આપી હતી. અહીંયા કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા વધીને ૪,૨૪૪ થઈ ગઈ છે

જ્યારે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, ૧ જૂનથી મંદિર, મસ્જિદ અને ગુરુદ્વારા ખૂલશે, પણ ૧૦થી વધારે લોકોને ભેગા થવાની મંજૂરી નહી મળે ધાર્મિક સ્થળો પર સભાઓ પણ નહીં કરી શકે.

મહારાષ્ટ્રના સતારા જિલ્લા હોસ્પિટલ તપાસ માટે ટુનેટ ટેકનીકનો ઉપયોગ કરવા જઈ રહી છે. ટુનેટ ટીબીની તપાસમાં ઉપયોગમાં લેવાતી ટેકનીતડ છે. જેનાથી એક કલાકમાં રિઝલ્ટ આવી જાય છે. કોરોનાના ટેસ્ટનું રિઝલ્ટ પણ એકથી બે કલાક વચ્ચે મળી જશે. આ ટેકનીકને ગોવાના મોલ્બિયો ડાયગ્નોસ્ટિક્સ દ્વારા તૈયાર કરાઈ છે.

મહારાષ્ટ્રમાં કોરોનાથી અત્યાર સુધી ૨૨ પોલીસકર્મીઓના મોત થયા છે. ૨૪ કલાકમાં ૧૩૦થી વધારે પોલીસકર્મી સંક્રમિત મળી આવ્યા છે. કુલ સંક્રમિત પોલીસકર્મીઓની સંખ્યા ૨,૦૯૫ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશના સતનામાં ગુરુવારે મહારાષ્ટ્રથી બિહાર જઈ રહેલી શ્રમિક સ્પેશ્યલ ટ્રેનમાં એક મહિલાએ બાળકને જન્મ આપ્યો હતો. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ટ્વીટ કરીને સતના રેલવે અને સ્વાસ્થ્યકર્મીઓને યોગ્ય વ્યવસ્થા કરવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

દેશ કોરોના
પહેલા પાનાથી ચાલુ

શકાય નહીં કે કોઈને અસુવિધા કે પરેશાની ના થઈ હોય. નાના ઉદ્યોગોમાં કામ કરતા આપણા કામદારો, પ્રવાસી મજૂરો, મિસ્ત્રી અને કામદારોની સાથે જ હૉકર્સ અને અન્ય દેશવાસીઓને અસાધારણ વેદના સહન કરવી પડી છે. '

પીએમ મોદીએ તેમની સરકારની કામગીરીની વિસ્તૃત માહિતી પણ આપી છે. તેમણે કહ્યું, 'રાષ્ટ્રીય હિતમાં લેવામાં આવેલા ઐતિહાસિક પગલાં અને નિર્ણયો વિશે આ પત્રમાં માહિતી આપવું બહુ વધારે થશે. પરંતુ હું એ ચોક્કસ કહી શકું છું કે આ વર્ષના દરેક દિવસે મારી સરકારે ચોવીસ કલાક પૂરી તાકાત અને જોશની સાથે નિર્ણયોને લાગૂ કર્યા છે.

પીએમ મોદીએ સર્જિકલ અને એર સ્ટ્રાઇક જેવા પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમણે સુપ્રીમ કોર્ટના રામ મંદિર અને નાગરિકતા સંશોધન કાયદાનો ઉલ્લેખ કર્યો હતો. પીએમએ કહ્યું કે રામ મંદિર અંગેના સર્વાનુમતે ચુકાદાને લીધે સદીઓથી ચાલી રહેલી ચર્ચાનું સૌહાર્દપૂર્ણ સમાપન થયું છે. ટ્રિપલ તલાકને બર્બર પ્રથા ગણાવી પીએમ એ એમ પણ કહ્યું હતું કે ગયા વર્ષે તે ગેરકાયદેસર હતું. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની જોગવાઈઓને હટાવા અંગે પત્રમાં કહ્યું કે "આનાથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવના મજબૂત થઈ છે".

પીએમ મોદીએ પત્રમાં કહ્યું કે લોકોએ તેમને સતત બીજી વાર એટલા માટે તક આપી કે જનતા પ્રથમ દાવમાં કરવામાં આવેલા કામોને મજબૂતીનો આધાર આપવા માંગતી હતી. પીએમએ લખ્યું કે, '૨૦૧૪ અને ૨૦૧૯ ની વચ્ચે ભારતમાં ઝડપથી વિકાસ થયો છે. ગરીબોના ઉત્થાનનું કામ કરવામાં આવ્યું છે. દેશે આર્થિક સમાવેશના રૂપમાં મફત ગેસ, વીજળી જોડાણ, સંપૂર્ણ સ્વચ્છતા ઉપરાંત દરેકને ઘર પૂરું પાડવાની દિશામાં કામ થયું છે. પીએમએ લખ્યું કે ભારતે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઇક દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. પીએમ મોદીએ કહ્યું છે કે આની સાથે વન રેંક વન પેન્શન (ઓઆરઓપી), વન નેશન વન ટેક્સ (જીએસટી) અને ખેડૂતો માટે વાજબી ટેકાના ભાવ જેવી પેન્ડિંગ માંગણીઓ પણ પૂર્ણ કરવામાં આવી છે.

૨૦૧૯ ની ચૂંટણીનો ઉલ્લેખ કરતા વડા પ્રધાને કહ્યું કે, '૨૦૧૯ માં ભારતની જનતાએ માત્ર સ્થિરતા માટે મત આપ્યો ન હતો. દેશવાસીઓએ ભારતને નવી ઉંચાઈ પર લઈ જવાના સપના સાથે ભારતને વૈશ્વિક નેતા બનાવવા માટે પણ મત આપ્યો.

કોરોના વિરુદ્ધ ભારતનાં જંગનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે એકબાજુ જ્યાં મોટા આર્થિક સંસાધનો અને કાર્યક્ષમ હેલ્થકેર સિસ્ટમવાળી તાકાતો હતી, તો બીજી તરફ આપણા દેશમાં મોટી વસતી અને મર્યાદિત સંસાધનની મુશ્કેલીઓ હતી. ઘણા બધા લોકોને ડર હતો કે એકવકત કોરોનાની ઝપટમાં આવ્યા બાદ ભારત દુનિયા માટે સમસ્યા બની જશે. પરંતુ તમે દુનિયાની આ વિચારસરણીને બદલી નાંખી.

પીએમ મોદીએ કહ્યું, 'આપણે એ વાતનું ધ્યાન રાખવું પડશે જે અસુવિધા આપણે ઝીલી રહ્યા છીએ, તે કોઈ આપત્તિમાં ન ફેરવાય. તેથી દરેક ભારતીય માટે નિયમો અને માર્ગદર્શિકાનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. દેશ એ અત્યાર સુધી ધૈર્ય બતાવ્યું છે અને તેને આગળ પણ જાળવી રાખવું જોઈએ. આ સૌથી મોટું કારણ છે કે ભારત આજે બીજા ઘણા દેશો કરતા વધુ સુરક્ષિત છે. તે એક લાંબી લડાઈ છે પરંતુ આપણે વિજયના માર્ગ પર આગળ વધવાનું શરૂ કર્યું છે અને આ વિજય આપણા સામૂહિક પ્રયાસોથી પ્રાપ્ત થશે.

આવતીકાલથી
પહેલા પાનાથી ચાલુ

કરવા માટે સસ્તા અનાજની તમામ દુકાનો પર પીઓએસ મશીનો લગાવવામાં આવશે. જેમ જેમ રાજ્ય પીડીએસ દુકાનો ઉપર ૧૦૦ ટકા પીઓએસ મશક્ષનનો રિપોર્ટ આપશે તેમ તેમ તેને વન નેશન વન રેશનકાર્ડ યોજનામાં સામેલ કરવામાં આવશે.

આ યોજના લાગુ થયા બાદ લાભાર્થી દેશના કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ રેશનિંગની દુકાન પરથી પોતાના કાર્ડ ઉપર રેશનિંગ મેળવી શકશે. તેને ન તો જૂનું રેશન કાર્ડ જમા કરાવવાનું રહેશે અને ન તો નવી જગ્યાએ જવા પર રેશન કાર્ડ બનાવવાની જરૂર રહે.

કોઈપણ સ્થિતિમાં
પહેલા પાનાથી ચાલુ

કે પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળનું કાશ્મીર ભારતનો ભાગ છે.

રાજનાથ સિંહે કહ્યું કે પાડોશી દેશોની સાથે સારા સંબંધ બનાવીને ચાલવાની ભારતની સ્પષ્ટ નીતિ રહી છે. આપણી આ કોશિષ ખૂબ પહેલેથી ચાલતી રહી છે. કયારેક-કયારેક ચીનની સાથે એવી સ્થિતિઓ પેદા થઈ જાય છે. મે મહિનામાં આવી સ્થિતિઓ ઉભી થઈ છે. પરંતુ ઉકેલની કોશિષ ચાલુ છે. ચીનના રાષ્ટ્રપતિની તરફથી પણ સ્પષ્ટપણે કહેવાયું છે કે કૂટનીતિક વાતચીત દ્વારા કેસને ઉકેલવા માંગીએ છીએ.

રાજનાથ સિંહે આગળ કહ્યું કે ભારતની પણ એ કોશિષ છે કે તણાવ કોઈપણ સ્થિતિમાં ના વધે. મિલિટરી લેવલ પર વાતચીત જરૂરી હોય તો મિલિટરી લેવલ પર અને ડિપ્લોમેટિક લેવલ પર જરૂરી હોય તે એ સ્તર પર વાતચીત કરીને ઉકેલવી જોઈએ. મિલિટરી અને ડિપ્લોમેટિક લેવલ પર ચીનની સાથે વાતચીત ચાલી રહી છે.

આપત્તિના સમયે અમદાવાદ જિલ્લામાં સરકારી તંત્ર અને સરકાર સેતુ બન્યા ભુપેન્દ્રસિંહ ચુડાસમા



ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ધોળકા ઉપરાંત બાવળા, સાણંદ, વિરમગામ ખાતે રૂબરૂ જઈને કોરોના વાયરસ અંગેની સ્થીતિની સમીક્ષા કરી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસના કેસો અમદાવાદ જીલ્લા સહિત રાજ્યભરમાં વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારના કેબીનેટ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા સરકારી તંત્ર અને રાજ્ય સરકાર વચ્ચે સેતુરૂપ કામગીરી કરી રહ્યા છે. અમદાવાદ કલેક્ટર અને જીલ્લા વિકાસ અધિકારીના સંકલનમાં રહીને અમદાવાદ જીલ્લામાં કોરોના મહામારીને નાથવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતિષ મકવાણાના માર્ગદર્શન પ્રમાણે આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સ અને કોવીડ ટેસ્ટીગની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે. જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના સીધી નિરીક્ષણ હેઠળ સમગ્ર જીલ્લામાં સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી રહી છે. આયુષ વિભાગ દ્વારા શક્તિ વર્ધક ઉકાળા અને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. પોલીસ અને વહિવટી તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. તેમ છતાં પણ સમગ્ર અમદાવાદ જીલ્લામાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કેબીનેટ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા અંગત રસ દાખવીને સરકારમાં રજુઆત કરવામાં આવે છે અને સમસ્યાનો ઉકેલ પણ લાવવામાં આવે છે. ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ધોળકા ઉપરાંત બાવળા, સાણંદ, વિરમગામ ખાતે રૂબરૂ જઈને કોરોના વાયરસ અંગેની સ્થીતિની સમીક્ષા કરી હતી અને વિવિધ વિભાગોને સંકલનમાં રહીને કોરોના વાયરસને નાથવા માટે આહવાહન કર્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, "તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. નોવેલ કોરોના વાયરસ એ વાઇરસથી થતો એક પ્રકારનો રોગ છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઇરસનો ચેપ લાગી શકે છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢુ ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ તેમ આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ હતુ.

રાજ્યમાં સિંગતેલના ભાવમાં ઘટાડો કરવા ડબ્બાની ઓનલાઈન હરાજી હાથ ધરાઈ

અમદાવાદ

રાજ્યમાં લોકડાઉનની વચ્ચે લોકોના ઘરમાં રસોઈ મોંઘી બની રહી છે. એક બાજુ માલની અછત વચ્ચે સિંગતેલના ભાવમાં ભડકો થયો હતો. દરમિયાન હવે આ ભાવ ઘટવાના એંધાણ છે. રાજ્યના પુરવઠા વિભાગે એક ખાસ નિર્ણય કર્યો છે જેના કારણે બજારમાં માલનો જથ્થો મોટી માત્રામાં સિંગતેલ જઈ શકે છે.

આજે ગાંધીનગરથી પુરવઠા વિભાગ દ્વારા ઓનલાઈન ઓક્શન કરવામાં આવશે. આ ઓક્શન એટલે કે હરાજીના માધ્યમથી પુરવઠા વિભાગ દ્વારા ૨.૬૫ લાખ ડબ્બાની હરાજી કરવામાં આવશે.

હાલમાં એક અંદાજ મુજબ બજારમાં સિંગતેલના ભાવની અછતના કારણે ભાવ ભડકે બળી રહ્યા છે. સિંગતેલનો જથ્થો જો મોટી માત્રામાં બજારમાં પહોંચે તો તેના ભાવમાં કડાકો બોલવાનના એંધાણ છે.

રાજ્યમાં સિંગતેલનો ભાવ ૨૨૦૦ રૂપિયાને વટાવી ગયો છે. સામાન્ય માણસ માટે સિંગતેલ ખાવુ દોહલ્યુ બની રહ્યું છે તેવામાં આજે રાજ્યના પુરવઠા નિગમ દ્વારા સિંગતેલની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. આ નિર્ણયથી વેપારીઓ અને વિતરકો તેમજ ગ્રાહકો સૌને રાહત મળવાના એંધાણ છે. જોકે, સિંગતેલના ભાવ ઘટે છે કે નહીં તે તો જોવું જ રહ્યું.

જામનગરના જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ત્રણ કર્મચારીઓ બન્યા કોરોનામુક્ત

જામનગર

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. બીજી તરફ મોટી સંખ્યામાં લોકો કોરોનામુક્ત પણ થઈ રહ્યા છે, ત્યારે આજે જામનગરના જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ત્રણ કર્મચારીઓએ કોરોનાને મ્હાત આપી છે. આ ત્રણેય કર્મચારીઓ કોરોના મુક્ત થતા કર્મચારીઓમાં હર્ષની લાગણી ફરી વળી છે. ચેપમુકટ થઈ પરત ફરતા જીલ્લા પંચાયત સ્ટાફે પુષ્પવર્ષા કરી સ્વાગત કર્યું હતું.

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૭૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે અને વધુ ૨૦ દર્દીઓનાં મોત થયા છે. જ્યારે ૬૦૮ દર્દીઓને સારવાર બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજયમાં કુલ સંક્રમિત દર્દીઓની આંકડો ૧૫૯૪૪ પર પહોંચ્યો છે અને મૃત્યુઆંક ૯૮૦ થયો છે.

ભાવનગરમાં જૂની અદાવતને કારણે ૩૫ વર્ષીય યુવાનની છરીના ઘા મારી હત્યા

ભાવનગર

જૂની અદાવતે મોડી રાત્રીના એક ખૂની ખેલ ખેલાયો છે. જેમાં ભાવનગર ના માલણકા ગામે રહેતા રમેશ મનજી બારૈયા નામના ૩૫ વર્ષીય યુવાનની ત્રણ જેટલા ઈસમો દ્વારા છરી ના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી નાખવામાં માં આવી હતી. રે હત્યારા હત્યાને અંજામ આપી નાસી છૂટ્યા હતા.આ બનાવના પગલે પોલીસ કાફલો ત્યાં દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ માટે સર.ટી હોસ્પિટલમાં ખસેડી આ બનાવમાં હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર મુકામે કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

બનાસકાંઠા

પાલનપુર મુકામે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ઓગમેન્ટશન ટેપ કનેક્ટીવીટી ઈન રૂરલ એરીયા (જનરલ/ટ્રાયબલ) યોજના અંતર્ગત પ્રત્યેક ઘરને નળથી જોડવા માટે બનાસકાંઠા જિલ્લાના ૧૭૪૭ ગામો અને પરાઓ માટે રૂપિયા. ૨૦.૮૨ કરોડની યોજનાઓ મંજુર કરવામાં આવી છે. આ યોજનાઓ પૈકી ૧૨૨૩ ગામો અને પરાઓમાં રૂપિયા. ૧૬૩.૮૨ કરોડની યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. ૪૭૮ ગામો અને પરાઓની યોજનાઓ પ્રગતિ હેઠળ છે.વાસ્મોના યુનિટ મેનેજર મેવાડાએ માહિતી આપતાં જણાવ્યું કે, ગત્ત બેઠકમાં મંજુર થયેલી ૪૧૦ યોજનાઓ પૈકી ૪૧ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. ૭૨ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. ૧૦૦ યોજનાઓના ટેન્ડર કરી વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. ૪૫ યોજનાઓના ટેન્ડર અપલોડ કરવામાં આવ્યા છે અને ૨૦ યોજનાઓના રિટેન્ડર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૬૯ યોજનાઓના ડી.ટી.પી. મંજુર કરવામાં આવેલા છે.વધુમાં તેમણે કહ્યું કે, સરકારના નળ સે જળ કાર્યક્રમ અંતર્ગત નળ કનેક્શન વગરના બાકી રહેલા તમામ ઘરોને નળ કનેક્શનથી પાણીની સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ગામોમાં ૧૦૦ ટકા નળ કનેક્શનની સુવિધા ઉભી કરવા ગામોની પાણી સમિતિઓ દ્વારા ખુટતા ઘટકોનું આયોજન કરવામાં આવ્યું હોય તેવા ૨૫૦ ગામો માટે રૂપિયા. ૧૪૧૪.૮૧ લાખની યોજના બનાવાઈ છે. આ યોજનામાં કુલ-૨૩,૩૭૪ ઘરોને નળ કનેક્શનથી આવરી લેવામાં આવ્યા છે.

આ યોજનાઓ પૈકી ૩૨ યોજનાઓ એસ.સી. કેટેગરીમાં અને ૫૫ યોજનાઓ એસ.ટી. કેટેગરીમાં આવતી હોઈ આ ગામોની યોજનાઓ માટે લોકફાળો ભરવાનો નથી.

બોટાદ જિલ્લા માહિતી કચેરીના ઓપરેટરશ્રી આર.એમ. ટીંબલ વય નિવૃત્ત થતા નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો



બોટાદ

જિલ્લા માહિતી કચેરી બોટાદ ખાતે ફિલ્મ ઓપરેટર તરીકે ફરજ બજાવતા શ્રી આર.એમ. ટીંબલ વય નિવૃત્ત થતા આજરોજ બોટાદ માહિતી પરિવાર દ્વારા તેમનો નિવૃત્તિ વિદાય સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સહાયક માહિતી નિયામકશ્રી ડી.પી. પંડ્યા તેમજ શ્રી એચ.બી.દવે એ શ્રી આર.એમ. ટીંબલની સહકર્મીઓ સાથેના સુમેળભર્યા સબંધો સાથે કામગીરી કરવાની બાબતને બિરદાવી હતી. તેઓએ શ્રી ટીંબલની વિકટ પરિસ્થિતિમાં પણ સુપેરે કામગીરી પાર કરવાની કુનેહ તેમજ કાર્યનિષ્ઠ ફરજને બિરદાવીને તેમની નિવૃત્તિ બાદના સમય દરમિયાન પરિવાર સાથે તંદુરસ્ત જીવન પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શ્રી આર.એમ. ટીંબલે નિવૃત્તિ વિદાયમાનના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે તેમણે ૩૬ વર્ષ ૧૦ માસની સરકારી નોકરીની ફરજ દરમિયાન માહિતી પરિવારની હૂંફ અને સહકાર પ્રાપ્ત થયેલ છે, જે જીવનભર ભુલાશે નહી.

સહાયક માહિતી નિયામક સર્વશ્રી ડી.પી. પંડ્યા, એચ.બી. દવે તેમજ જિલ્લા માહિતી કચેરીના કર્મચારીગણ દ્વારા શ્રી આર.એમ. ટીંબલનું શાલ ઓઢાડીને તેમજ બુકે અને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના કર્મચારી સર્વશ્રી આર.એ. ડેલા, બી.બી. દેત્રોજા, આઈ.યુ. ખલ્યાણી, અમીત મહેતા, કલ્પેશભાઈ રામાવત, નરેશભાઈ પટગીર ઉપસ્થિત રહી શ્રી આર.એમ. ટીંબલને શુભેચ્છા પાઠવી હતી.

ઉમ્મેદને ફળી નવઉમ્મીદ બે વર્ષના બાળકના લીવરમાંથી ૧૦૦ મિ.લી. પરૂ કઢાયું

બે વર્ષના બાળકને વારંવાર તાવ આપતો હતો

સુરત

અમદાવાદ સિવિલની રેડિકેટેડ ૧૨૦૦ બેડની હોસ્પિટલના બાળરોગ વિભાગમાં આજે ૨ વર્ષનું કોરોનાગ્રસ્ત બાળક જેને લીવર માં ૧૦૦ મી.લી. જેટલું પરુ જામી ગયું હતું તેની સફળતાપૂર્વક શસ્ત્રક્રિયા દ્વારા દૂર કરવામાં આવ્યુ હતુ. નવજાત બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાને કારણે લીવરમાં ઈન્ફેક્શન થતા પરુ થવાની શક્યતા રહેલી હોય છે. ઉમ્મેદને લીવરમાં પરૂ જામી ગયું હોવાના કારણે વારંવાર તાવ આવતો હતો જે કારણોસર તેને અન્ય હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા.

ઉમ્મેદને આ દરમિયાન કોરોના થયો હોવાથી અન્ય હોસ્પિટલમાંથી સિવિલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો.

૧૨૦૦ બેડના બાળ વિભાગના ડૉ. જોલી વૈષ્ણવ કહે છે કે, બાળક વારંવાર તાવની તકલીફ, શરીરમાં ચાંદા પડ્યાની તકલીફ સાથે સિવિલમાં આવ્યુ હતુ. સોનોગ્રાફી કરતા લીવરમાં પરૂ હોવાનું જણાઈ આવ્યુ હતુ. બાળક કોરોનાગ્રસ્ત હોવાના કારણે ૧૨૦૦ બેડમાં દાખલ કરવામાં આવ્યું હતુ. ૨ વર્ષના ઉમ્મેદના લીવરમાંથી પરૂ કાઢવાની શસ્ત્રક્રિયા હાથ ધરવામાં આવી પરંતુ ઈન્ફેક્શન વધારે હોવાથી આ ઓપરેશન જટિલ બની રહ્યુ હતુ. અમારા તબીબી નિષ્ણાંતો દ્વારા બાળકના શરીરને કોઈ પણ પ્રકારનું નુકશાન ન પહોંચે તે પ્રકારે શસ્ત્રક્રિયા હાથ ધરવામાં આવી. ડૉ. ચારુલ મહેતા કે જેઓએ ઉમ્મેદની સફળતાપૂર્વક સર્જરી બાદ એન. આઈ. સી. યુ. માં સારસંભાળ રાખી હતી. બાળકને એન્ટીબાયોટિક તેમજ અન્ય મલ્ટીવિટામીનનો સારવારમાં ટેકો આપી ખૂબ જ ઝડપથી સાજા કર્યુ હતુ.

ઉમ્મેદના માતા અસ્મતીખાતૂન લાગણીસભર થઈ કહે છે કે સિવીલ હોસ્પિટલમાં મારી બાળકની અત્યંત ગંભીર સ્વાસ્થય તકલીફનો સરળતાથી નિદાન કરવામાં આવતા હું હાલ હાશકારો અનુભવી રહી છુ. તેઓ ઉમેરે છે કે હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવારની સાથે સાથે પૌષ્ટિક આહાર અને નિયમિત દૂધ આપીને સરસ સારસંભાળ રાખવામાં આવી હતી.

આમ, સાજા થઈ ખિલખિલાટ એમ્બ્યુલન્સમાં ઘરે પાછા ફરતી વખતે ઉમ્મેદ અને માતાના ચહેરા પર સ્મિત છલકાયુ હતુ.

લોકડાઉનમાં ઘરમાં પૂરાયા બાદ સમજાઈ પક્ષીઓની વેદના

પાંજરામાં પૂરાયેલા પક્ષીઓની આઝાદી માટે MLA અમરીશ ડેરે છેડ્યું અભિયાન

અમરેલી

લોકડાઉનના સમયમાં માણસ ઘરમાં પૂરાયો અને અકળાઈને રહે છે. ત્યારે પક્ષીઓ તો આ વેદના વર્ષોથી સહી રહ્યાં છે. પક્ષીઓને પાંજરે પૂરાયેલા જોઈ રાજુલાના ધારાસભ્યને એક વિચાર એવો બંને ઘટનાઓને સાથે જોડી અને પક્ષીઓને આઝાદી માટે એક અભિયા ચલાવી છે, જેને ખૂબ સારો પ્રતિસાદ પણ મળ્યો છે. કોરોના વાયરસની મહામારી વચ્ચે સમગ્ર દેશમાં એક દહેશત ફેલાઈ છે. લોકો ક્યાંકને ક્યાંક પોતાના જ ઘરમાં પૂરાઈ અને ગુંગળામણ અને ડરનો અહેસાસ કરી રહ્યા છે. આવું જવલ્લે જ અનુભવવા મળતું હોય છે. ત્યારે રાજુલાના ધારાસભ્ય અમરીશ ડેરે ઘરમાં પૂરાયેલા માણસની વેદનાને સાંભળી અને પાજંરે પુરાયેલા પક્ષી જે વર્ષોથી ગુલામીમાં જીવન પસાર કરે છે તો એ અબોલ પક્ષીઓની વેદના કેવી હશે આ વિચારને તેમણે સોશિયલ મીડિયા અને અન્ય જગ્યાએ મુકી અને પક્ષીઓની આઝાદી માટેની એક મુહિમ શરૂ કરી છે, જેને લોકોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો છે.

પક્ષીઓ સાથે અને પર્યાવરણ સાથે જોડાયેલા લોકોને પણ પક્ષીઓની આવી ગંભીર વેદના અનુભૂતિ ક્યારે થઈ નહોતી. ક્યારે આ મહિને સહકાર આપવાને સફળ બનાવવા પર્યાવરણ પ્રેમીઓ પણ આગળ આવ્યા અને પક્ષી-પશુઓની આઝાદી મળવી જોઈએ. કુદરતે આપેલ વિશાળ ગગનમાં ઉડવાનો તેઓને હક છે. તે બાબતને તેમણે પણ પક્ષી પ્રેમીઓ પણ સમર્થન આપ્યું. આ મુદ્દે રાજુલાના પર્યાવરણપ્રેમી વિપુલ લહેરીએ જણાવ્યું કે, કોરોના મહામારી વચ્ચે લોકો પોતાના ઘરે પુરાયેલા છે. માણસ ક્યાંકને ક્યાંક ગૂંગળામણ અનુભવી રહ્યો છે. ત્યારે વર્ષોથી પિંજરે પૂરાયા પક્ષીઓની વેદના કેમ માણસના ધ્યાન ઉપર ન આવી. આ અબોલ અને નિર્દોષ પક્ષીઓ કે જે વર્ષોથી પિંજરે પૂરાયા છે, પક્ષીઓની પેઢીઓની પેઢી પણ પાંજરામાં પૂરી થઈ છે. જન્મ અને મૃત્યુ આ પાંજરામાં થયેલું છે,

ત્યારે લોકોએ પણ ધારાસભ્ય અમરીશ ડેરની આ આઝાદીની મુહિમને દિલથી સહકાર આપ્યો.તેમજ પાંજરે પૂરાયેલા પક્ષીઓને આઝાદ કરવા માટે સમર્થન આપી રહ્યા છે. કવિ પ્રદીપનું એક જૂનું ગીત છે કે, 'પિંજરે કે ઓ પંછી તેરા દર્દ ન જાને કોઈ....' સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયું ત્યારથી આજ સુધી અનેક પક્ષીઓ પાંજરે પૂરાયા છે. લોકડાઉનના સમયમાં ઘરમાં પૂરાયેલા માનવીની વેદનાને પાંજરે પૂરાયેલા પક્ષીની વેદના સાથે જોડી કુદરતે કરેલા ઈશારાને સમર્થન આપવાનો પ્રયાસ અમરીશ ડેર નહિ, પરંતુ સમગ્ર દેશ અને વિશ્વનો હોવો જોઈએ.

અરબી સમુદ્રમાં સર્જાયેલુ ડિપ્રેશન સૌરાષ્ટ્રમાં વાવાઝોડાનો ખતરો

ભાવનગર, મોરબી, પોરબંદરમાં એક નંબરનું સિગ્નલ

રાજકોટ

ગુજરાત પર હાલ વાવાઝોડાનું સંકટ સર્જાયું છે, ત્યારે સૌરાષ્ટ્રમાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રામાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને પોરબંદર, ભાવનગર, મોરબી અને જાફરાબાદમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને સાવચેતીના ભાગરૂપે દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગે ૩૧ મે સુધી હળવા વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરી છે. આગામી ૪ અને ૫ જૂનના રોજ દ્વારકા, ઓખા અને મોરબી થઈ કચ્છ તરફ વાવાઝોડા તરીકે ફંટાય તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે. આ ડિપ્રેશન વાવાઝોડાનું સ્વરૂપ લેશે તો દ્વારકા થઈને તે કચ્છના કંડલા અને આજુબાજુના વિસ્તારોને ધમરોળતું રાજસ્થાન તરફ આગળ વધે અને ત્યાં વિખેરાઈ જાય તેવી શક્યતાઓ છે.

હાલ પોરબંદરના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. આ અસરને જોતા પોરબંદર દરિયામાં બંદરે એક નંબરનું સિગ્નલ લગાડાયું છે. અરબી સમુદ્રમાં લો પ્રેશરને કારણે સાવચેતીના ભાગરૂપે એક નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને દરિયો નહીં ખેડવાની સલાહ આપી છે.

ભાવનગરમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ છે, ત્યારે દરિયામાં કરંટ જોવા મળતાં ઘોઘા બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. સાથે જ અલંગ પોર્ટ ઓફિસર અરવિંદ મિશ્રાએ એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જાફરાબાદ બંદર પર સાવચેતીના ભાગરૂપે ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. લોકડાઉનના કારણે જાફરાબાદ બંદર પર મોટાભાગની બોટો પરત આવી ગઈ છે અને માછીમારોને પણ માછીમારી ન કરવા સૂચના આપવામાં આવી છે. વાવાઝોડાના સંકટને લઈને મોરબીના નવલખી બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

એનસીપીના નેતા શંકરસિંહ વાઘેલાએ સીએમ રૂપાણીને લખ્યો વિસ્તૃત પત્ર

રીક્ષાચાલકોને ઉગારવા પ્રતિમાસ ૭ હજાર અને લાઇટબિલ-ફી માફ કરવા બાપુની માંગણી

ગાંધીનગર

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એનસીપી પાર્ટીના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક પત્ર પાઠવીને કોરોના લોકડાઉનથી સામાન્ય અને ગરીબ ઓટોરીક્ષાચાલકોની કફોડી હાલતનો ચિતાર આપીને તેમને તેમનું જીવન ટકાવી રાખવા પ્રતિ માસ ૭ હજાર રોકડાની સહાય અને લોકડાઉનના સમયગાળાના લાઇટના બિલ અને શાળાની ફી વગેરે. માફ કરવાની આગ્રહભરી વિનંતી કરી છે.

તેમણે પત્રમાં જણાવ્યું કે, ગુજરાત રીક્ષા એસોસીએશનના હોદ્દેદારો તારીખ-૨૬ ,મે,૨૦૨૦ ના રોજ રૂબરૂ મળી રજૂઆત કરેલી જે માટે આપની સરકારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઈએ. રાજ્યમા કોરોનાવાઈરસની મહામારી અને લોકડાઉનના કારણે સ્વાભાવિક છે કે જયાં મુસાફરો જ ના હોય ત્યાં રીક્ષાના ઉપયોગનો કોઈ સવાલ આવતો જ નથી માટે છેલ્લા બે માસ થી પણ વધુસમયથી રીક્ષાઓનું પરિવહન સદંતર બંધ છે. જે રીક્ષાઓના પરિવહનના આધારે થતી આજીવિકાથી જ તેમના પરિવારોનું ભારણ પોષણ ચાલતું હતું તે આજે આર્થિક સંકટના કારણે નિસહાય અને નિરાધાર બની ગયાં છે. હજુ પણ આગામી સમયમાં જાહેર પરિવહન ક્યારે કાર્યરત થસે તે કહી શકાય તેમ નથી. તે કાર્યરત થસે તો પણ લોકો ભયનાકારણે ઘરની બહાર નિકળવાનું ટાળશે જેના લીધે પણ ઓટોરિક્ષા ચાલકોને ધંધો-રોજગાર આગામી ૨-૪ માસ સુધી મળવો મુશ્કેલ છે. આવી કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઓટોરિક્ષા ચાલકોના પરિવારોને પોતાના ભારણ પોષણ સહિત અનેક સમસ્યાઓની રજૂઆત કરેલી. એ સ્વાભાવિક છે કે ઓટો રીક્ષા ચાલક જેવા સામાન્ય પરીવારનો હોય અને જે મોટા ભાગે ભાડાના મકાનમાં રહેતો હોય તે ભાડાના મકાનનું ભાડુ કેવી રીતે ભરવું, લાઈટબીલ કેવી રીતે ભરવું અને સંતાનોની સ્કુલની ફી કેમ ભરવી, રીક્ષા ચાલક કોઈ બીજાની માલીકીની રીક્ષા ભાડેથી લાવતો હોય તો એ ભાડું કે ઓટોરિક્ષાના લોનનો હમો કેવી રીતે ભરવો ઉપરાંત પરિવારમાં કોઈક આકસ્મિક ખર્ચ કે માંદગી આવે તો આ ઓટો રીક્ષા ચાલકો પાસે કોઈ આવક કે તેનો આધાર ન હોવાથી આવી અનેક સમસ્યાઓને માનવતાના આધારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને ઉકેલવા માટે આપશ્રીને વ્યક્તિગત રીતે ભલામણ કરવા આ પત્ર પાઠવું છું.

વાઘેલાએ એમ પણ કહ્યું કે, ગુજરાત સરકારે સામે ચાલીને સમગ્ર ગુજરાતમાં રીક્ષા ચાલકનું લાઈસન્સ ધરાવનાર રીક્ષા ચાલકોને આર્થિક સંકટની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી લોકડાઉનના સમય દરમ્યાન પ્રતિ માસ રૂ.૭૦૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે તે માટેની ઉપરાંત આ પરિવારોના વીજળી બીલ કે પાણીના બીલો બે-ત્રણ માસ માટે માફ કરવા પણ જાહેરાત કરી ને તેનો સત્વરે અમલ કરવા મારો આગ્રહ છે.

તેમણે પત્રમાં જણાવ્યું કે, કોરોના મહામારીના જંગમાં દેશના સામાન્ય લોકોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૦ લાખ કરોડના પેકેજ સાથે "આત્મનિર્ભર ભારત" અભિયાનની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યમાં નાના વ્યવસાયકારો, નાના દુકાનદારો, ફેરિયાઓ, આપના આ રીક્ષાચાલક સહિતના વ્યકિતગત નાનો ધંધા-રોજગાર કરતા અને અન્ય કારીગરોને આર્થિક હાલાકીની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી "આત્મનિર્ભર" સહાય યોજના જાહેર કરી છે. તેનું સુનિયોજિત અમલીકરણ થાય તે માટે ગુજરાતનું સંપર્ક અને મોનિટરીગનું માળખું બનાવાય તે જોવા અને સહાય માટેના અરજી ફોર્મ સરળતાથી મળી રહે તે જરૂરી છે. આ માટે અરજી કરનાર વ્યક્તિઓને ૩ વર્ષ માટે રૂ.૧ લાખ સુધીની લોન કોઈ પણ જાતની ગેરેન્ટી વગર અને વ્યાજ વગર અપાય, લોનના પ્રથમ ૬ માસ સુધી કોઈ હમો પણ વસુલવામાં ના આવે, નાના ધંધા-વ્યવસાય કરનારાઓ , રીક્ષાચાલક વગેરેને વ્યાજનો બોજ વહન ન કરવો પડે તેવી વ્યવસ્થા ગોઠવાય તે જોવા પણ તેમણે વિનંતી કરી હતી.

એ.એમ.સી.વિપક્ષી નેતા દિનેશ શર્મા અને તેમનો પુત્ર કોરોના પોઝિટિવ

અમદાવાદ

કોરોનાનું એપિ સેન્ટર બનેલા અમદાવાદમાં વધુને વધુ લોકો કોરોનાના શિકાર બની રહ્યાં છે. જેમાં રાજકીય નેતાઓ પણ બાકાત નથી. અમદાવાદમાં ભાજપ-કોંગ્રેસના ૧૦થી વધુ નેતાઓ કોરોનાના ઝપેટમાં આવી ચૂક્યા છે. ત્યારે અમદાવાદના વિપક્ષી નેતાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા દિનેશ શર્માનો કોરોના રિપોર્ટ પોઝિટિવ નીકળ્યો છે. સાથે જ તેમનો પુત્ર અર્પણ શર્મા પણ કોરોના પોઝિટિવ હોવાનું નીકળ્યું છે. હાલ બંનેને એસવીપી હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. બંનેનો રિપોર્ટ પોઝિટિવ આવતા પરિવારના અન્ય સભ્યોને હોમ ક્વોરેન્ટાઈન કરાયા છે. વિપક્ષી નેતા દિનેશ શર્માનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેમની પુત્રી અને તેમના પત્નીને હોમ ક્વોરેન્ટાઈ કરાયા છે. એએમસીના આ વિપક્ષી નેતા પણ ઈન્ડિયા કોલોની વોર્ડના છે. ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલા અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ અને નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલને કોરોના હોવાનું બહાર આવ્યું હતું. ભાજપના પ્રમુખ જગદીશ પંચાલને ૨ દિવસથી તાવ આવતો હતો.

ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જૂનના બીજા સપ્તાહમાં આવે તેવી શક્યતા

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ હજી આવવાનું બાકી છે, ત્યારે હવે જૂન મહિનામાં આ પરિણામ આવે તેવી શક્યતા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, જૂન મહિનાના બીજા સપ્તાહમાં ધોરણ ૧૦નુ પરિણામ જાહેર થશે. ધોરણ ૧૦ના પરિણામની આખરી તબક્કાની કામગીરી ચાલી રહી છે. તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની તૈયારી પણ આખરી તબક્કામાં છે. તેથી જૂન મહિનાના બીજા સપ્તાહમાં ૧૦ તારીખની આસપાસ પરિણામ જાહેર થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ આવ્યું હતું. તેની માર્કશિટ આપવાની કામગીરી પણ કરાઈ છે. જેના બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ ૧૦ના પરિણામની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોઈને બેસ્યા છે.

વ્યાજખોરોના ત્રાસથી મોટા માંડવાના સરપંચે આત્મહત્યા કરતા ચકચાર

રાજકોટ

રાજકોટ જિલ્લાના કોટડા સંઘાણી તાલુકાના મોટા માંડવા ગામે સરપંચે આત્મહત્યા કરતા ચકચાર મચી છે. અશોક પટેલ નામના સરપંચે ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું છે. જેમાં ચોંકવનારો ખુલાસો થયો છે કે, વ્યાજખોરોના ત્રાસથી કંટાળી સરપંચ અશોક પટેલે આત્મહત્યા કરી છે. આર્થિક સંકડામણ અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને તેઓએ આત્મહત્યા કરી હોવાનો સ્યૂસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે. ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ કરી પોલીસે ગુનો નોંધ્યો છે. તો સ્યૂસાઈડ નોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

શુક્રવારે બપોરે મોટા માંડવાના વાડી વિસ્તારમાં રહેતા સરપંચ અશોક પટેલે ઝેરી દવા ગટગટાવીને આત્મહત્યા કરી હતી. નાનકડા ગામના સરપંચ અશોક પટેલે ઝેરી દવા પી લીધા બાદ તેમના સ્નેહીજનોને જાણ કરી હતી. જેથી તેઓ તાત્કાલિક તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈને ગયા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ અશોક પટેલનું મોત નિપજયું હતું. પરિવારના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, અશોક પટેલ લાંબા સમયથી ચિંતાતુર રહેતા હતા. તેમજ તેઓને વ્યાજખોરોનો ત્રાસ પણ હતો તેવુ જણાવ્યું હતું. આમ, મોટા માંડવાની પોલીસ આ આત્મહત્યા બાદ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

હિંમતનગર તાલુકાના ૨૨ ગામોના ખેડૂતો માટે હાથમતી ડેમમાંથી ઈરીગેશન માટે પાણી છોડાયું

હિંમતનગર

હાલ ગરમીનો પ્રકોપ યથાવત છે ત્યારે ખેડૂતો માટે સારાં સમાચાર સામે આવ્યા છે. સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ૨૨ ગામોના ખેડૂતો માટે હાથમતી ડેમમાંથી ઈરીગેશન માટે પાણી છોડવામાં આવ્યું છે. જેનો ૨૨ ગામોને સિંચાઈ માટે પાણીનો લાભ મળશે. હિંમતનગર તાલુકાના ૨૨ ગામોના ખેડૂતો માટે સારા સમાચા ૨ આવ્યા છે.

હાથમતી ડેમમાંથી ઈરીગેશન માટે પાણી છોડવામાં આવ્યું છે. જે ૨૨ ગામોને સિંચાઈ માટે પાણીનો લાભ મળશે. ખરીફ સિઝનની વાવણી માટે સિંચાઈ વિભાગ દ્વાર પાણી છોડવામાં આવ્યું છે. કપાસ અને મગફળી જેવા પાકોના વાવેતર માટે પાણી છોડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ૨૦ જેટલા ગામોના ૪૦૦૦ હેક્ટર વિસ્તારમાં ખેતીના પાક માટે પાણી છોડવામાં આવ્યું છે.

અમરેલીમાં કોરોનાનો વધુ એક પોઝિટિવ કેસ નોંધાતા કુલ સંખ્યા ૯ થઈ

રાજકોટમાં જંકશન પ્લોટની રાજીવ આવાસ યોજનાનો વિસ્તાર કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર

રાજકોટ

અમરેલી જિલ્લામાં આજે કોરોનાનો વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે. અમરેલી જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના કેસની કુલ સંખ્યા ૯ ઉપર પહોંચી છે. ૨ દર્દી કોરોના સામે જંગ જીતીને ઘરે ગયા છે. આજે કોરોના પોઝિટિવ આવેલા ૩૯ વર્ષીય દર્દી ૨૩ મેના રોજ બોરીવલી-સાવરકુંડલા ટ્રેનમાં આવ્યા બાદ સીધા કુંકાવાવ ક્વોરન્ટીન સેન્ટર ખાતે થોડા સમય માટે રાખવામાં આવ્યા હતા. તેઓ મૂળ કુંકાવાવના ભૂખલી-સાંથળીના વતની છે, તેઓને તાવ અને ઉધરસ જેવા લક્ષણો જણાતાં સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. હાલ આ દર્દીના સંપર્કમાં આવેલા તમામના ટ્રેસીંગની કાર્યવાહી તેમજ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેઈન્ટમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજકોટના જંકશન પ્લોટના રાજીવ આવાસ યોજના (કિટીપરા)ને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરાયું છે. આશરે ૩૦૪ આવાસને ક્વોરન્ટાઈન કર્યાં છે. ૨૫૦૦ લોકોને હોમ ક્વોરન્ટીન કરાયા છે. જયાં ૪૦ પોલીસકર્મીઓ રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવશે. ૪ ફિક્સ પોઈન્ટથી વિસ્તાર પર નજર રાખશે અને જરૂર પડ્યે ડ્રોન કેમેરા અને ધાબા પોઈન્ટની મદદથી પોલીસ નજર રાખશે. આ વિસ્તારને પતરાં મારીને સીલ કરાયો છે. નાયબ પોલીસ કમિશ્નર મનોહરસિંહ જાડેજાએ કીટીપરાની મુલાકાત લઈને સમીક્ષા કરી હતી.

અર્થતંત્રને પાટા પર લાવવા જૂનમાં જાહેર થઈ શકે છે ગુજરાતની નવી ઉદ્યોગનીતિ

જૂની નીતિની મુદ્દત ડીસેમ્બર ૨૦૧૯-જાન્યુઆરી ૨૦૨૦માં પૂર્ણ થઈ ગઈ હતી

ગાંધીનગર

કોરોના સંકટમાં વેપાર-ઉદ્યોગ અને અર્થતંત્રને પડેલા ફટકા બાદ રાજ્યને બેઠું કરવા અને સામાન્ય સ્થિતિમાં લાવી આગળ વધારવા માટે સરકારે એક સમિતિ બનાવી હતી. હસમુખ અઢિયાના અધ્યક્ષસ્થાને બનેલી આ સમિતિએ રજૂ કરેલા અહેવાલના આધારે રાજ્યની નવી પાંચ વર્ષની ખાસ ઉદ્યોગનીતિ બનાવવામાં આવી રહી છે. આ નીતિને જૂન મહિનામાં જ જાહેર કરવામાં આવી શકે છે અને એવું પણ માનવામાં આવી રહ્યું છેકે આ નવી નીતિ નાના અને મધ્યમ ઉદ્યોગોને અનેક રાહતો આપી શકે છે અને લાભકારી રહી શકે છે. રાજ્યની ૨૦૧૫-૨૦૨૦ની પંચવર્ષિય ઉદ્યોગનીતિની મુદ્દત ડીસેમ્બર ૨૦૧૯-જાન્યુઆરી ૨૦૨૦માં પૂર્ણ થઈ ગઈ હતી. પરંતુ આ નીતિની મુદ્દતને છ મહિના માટે લંબાવવામાં આવી હતી. વિવિધ ક્ષેત્રોના જૂથો, ઉદ્યોગ સંગઠનોએ સૂચવેલા સૂચનોના આધારે નવી નીતિ જાહેર કરવામાં આવશે. ગુજરાતના ઉદ્યોગોને બળ આપવા તથા રોકાણ વધારવાના ઉદ્દેશ્ય સાથે સરકારે ૨૦૨૦થી ૨૦૨૫ એમ પાંચ વર્ષ માટે નવી ઉદ્યોગ નીતિ આવતા મહિને જાહેર કરવાની તૈયારી કરી છે. આ નવી નીતિનો એક આશય લોકડાઉનના કારણે વધેલી બેકારીને હળવી કરવાનો પણ છે.

સરકારે રચેલી સમિતિએ રજૂ કરેલા અહેવાલમાં દર્શાવાયેલા સૂચનોને નવી ઉદ્યોગનીતિમાં સામેલ કરી દેવામાં આવશે. ઉદ્યોગ-ખાણ વિભાગના અધિકારીએ જણાવ્યા પ્રમાણે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વહેલી તકે ઉદ્યોગનીતિ જાહેર કરવાની સૂચના આપી છે. કોરોના પૂર્વે અને પછીની સ્થિતિને લક્ષ્યમાં લઈને વિવિધ મુદ્દાઓને નીતિમાં આવરી લેવાનું સૂચવવામાં આવ્યું છે. જૂન મહિનામાં આ નવી નીતિ જાહેર કરવાનો લક્ષ્યાંક છે.

નવી ઉદ્યોગનીતિ વિશે તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે રિન્યૂઅલ એનર્જી અને અન્ય ઉભરાતા ક્ષેત્રો નવી નીતિમાં ધ્યાન કેન્દ્રિત રહેશે. મેન્યુકલ્ચરિંગ અને સર્વિસ ક્ષેત્રો તો પાયામા રહેશે. ચીનમાંથી ઉદ્યોગો ખસેડવા માટે જાપાન, અમેરિકા તથા યુરોપિયન દેશોના ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષવા માટે પણ આ નીતિમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વી ઉદ્યોગનીતિ અંગે સૂત્રોનું કહેવું છેકે, લગભગ તમામ ઉદ્યોગો સંગઠનોએ રાજ્યમાં જમીનના ધરખમ ઉંચા ભાવનો ઉદ્દો ઉઠાવ્યો હતો. ત્યારે નવા ઉદ્યોગો શરૂ કરવા માટે સામાન્ય કિંમતે લાંબી લીઝથી જમીનો આપવા માટે સરકારે તૈયારી દર્શાવી છે. ઉદ્યોગકારોનો મોંઘી જમીનનો પ્રશ્ન ઉકેલાશે અને ઉદ્યોગો-ઉત્પાદન ઝડપભેર શરૂ થઈ શકશે. આ સિવાય પ્રવર્તમાન નીતિ કરતા પણ ઘણા વધુ લાભો અને રાહતો આપવામાં આવી શકે છે.

રાજ્યમાં ૪-૫ જૂને ત્રાટકશે 'હિકા' વાવાઝોડું, કચ્છ તરફ ફંટાય તેવી દહેશત

અરબી સમુદ્રામાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી અને જાફરાબાદમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે

અમદાવાદ

ગુજરાત પર હાલ વાવાઝોડાના સંકટ વચ્ચે 'હિકા' વાવાઝોડાનો ખતરો તોળાઈ રહ્યો છે. આ વાવાઝોડું ચોથી અને પાંચમી જૂનના રોજ રાજ્યના દ્વારકા, ઓખા અને મોરબી થઈ કચ્છ તરફ ફંટાય તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે. આ ડિપ્રેશન વાવાઝોડાનું સ્વરૂપ લેશે તો દ્વારકા થઈને તે કચ્છના કંડલા અને આજુબાજુના વિસ્તારોને ઘમરોળતું રાજસ્થાન તરફ આગળ વધે અને ત્યાં વિખેરાઈ જાય તેવી શક્યતાઓ છે. અરબી સમુદ્રામાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી અને જાફરાબાદમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને સાવચેતીના ભાગરૂપે દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં વાવાઝોડાના સંકટને લઈને મોરબીના નવલખી બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. ભાવનગરમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ છે,

ત્યારે દરિયામાં કરંટ જોવા મળતાં ઘોઘા બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. સાથે જ અલંગ પોર્ટ ઓફિસર અરવિંદ મિશ્રાએ એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. હાલ પોરબંદરના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. આ અસરને જોતા પોરબંદર દરિયામાં બંદરે એક નંબરનું સિગ્નલ લગાડાયું છે. અરબી સમુદ્રમાં લો પ્રેશરને કારણે સાવચેતીના ભાગરૂપે એક નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને દરિયો નહીં ખેડવાની સલાહ આપી છે. અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જાફરાબાદ બંદર પર સાવચેતીના ભાગરૂપે ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. લોકડાઉનના કારણે જાફરાબાદ બંદર પર મોટાભાગની બોટો પરત આવી ગઈ છે અને માછીમારોને પણ માછીમારી ન કરવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગે ૩૧ મે સુધી રાજ્યમાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરી છે. આગામી ૪ અને ૫ જૂનના રોજ દ્વારકા, ઓખા અને મોરબી થઈ કચ્છ તરફ વાવાઝોડા તરીકે ફંટાય તેવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે. આ ડિપ્રેશન વાવાઝોડાનું સ્વરૂપ લેશે તો દ્વારકા થઈને તે કચ્છના કંડલા અને આજુબાજુના વિસ્તારોને ઘમરોળતું રાજસ્થાન તરફ આગળ વધે અને ત્યાં વિખેરાઈ જાય તેવી શક્યતાઓ છે. અરબી સમુદ્રામાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી અને જાફરાબાદમાં ૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે જ માછીમારોને સાવચેતીના ભાગરૂપે દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં વાવાઝોડાના સંકટને લઈને મોરબીના નવલખી બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ સાથે ગતિથી આગળ વધી રહ્યું છે. હવામાન સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે, આ વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકશે તો કલાકના ૧૨૦ કિમી સુધીની ઝડપે પવન ફૂંકાઇ શકે છે.

ચોમાસુ- ૨૦૨૦ની પૂર્વ તૈયારીના ભાગરૂપે તૈયાર કરાયો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન

ગાંધીનગર તાલુકામાં પૂરની પરિસ્થિતિમાં પણ કોરોનાની ગાઈડલાઈનનો અમલ આવશ્યક

ગાંધીનગર

ગાંધીનગર તાલુકામાં ચોમાસુ- ૨૦૨૦ની પૂર્વ તૈયારીના ભાગરૂપે પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરાયો હતો. તેમાં તેમણે ગાંધીનગર તાલુકામાં અતિભારે વરસાદ કે પૂરીની પરિસ્થિતિનું નિર્માણ થાય તે સમય દરમિયાન પણ કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈનનું સુચારું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે મોટા ભાગના ગામમાં અતિભારે વરસાદ અને પૂર વખતે આશ્રય સ્થાન તરીકે ગામની શાળાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેથી શાળા સુધી જવાના તમામ માર્ગ સુવ્યસ્થતિ કરવા તેમજ રસ્તા તુટેલો કે મોટા ખાડા હોય તો પૂરી નાખવા માટેની પણ સૂચના સંબંધિત અધિકારીઓને આપી હતી. પ્રાંત અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ ગામમાં આવતાં કે મુખ્ય માર્ગ પર પડી જાય તેવા ઝાડ હટાવવાની કામગીરી કરવી. બચાવ અને રાહતની કામગીરી દરમિયાન કામગીરી માટે ફાયર બિગ્રેડની ટીમ પાસે રહેલી બચાવ કામગીરીના વાહનો, સાધનો અને લાઈફ બોટનું ટેસ્ટીંગ કરી લેવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ જે.સી.બી. જરૂર પડે કે તુરંત મળી શકે તેવી વ્યવસ્થા કરવી અને તેની સાથે વૈકિલ્પક વ્યવસ્થા પણ ખાસ ગોઠવવી.

તેમજ કોઈપણ ગામની શાળાનો ઓરડો, ગામનું કોઈ મકાન કે ઈમારત જર્જરિત કે ભય જનક હોય તો યોગ્ય વ્યવસ્થા હાથ ધરવા જણાવ્યું હતું. તેની સાથે ગોડાઉનમાં અનાજ પલડી ન જાય તેની ખાસ તકેદારી રાખવા પણ સૂચના આપી હતી. કુદરતી પાણીના વહેણ હોય તેને અવરોધક બને તેવી ચીજવસ્તુઓનો નિકાલ કરવો. મોટા તળાવ, ડેમ અને કેનાલ સહિત જળાશયોની આગળ તેની ઉંડાઈ તથા આકસ્મિક સમય સંપર્ક નંબરો દર્શાવતા બોર્ડ મુકાવવા. ચોમાસા પહેલા જયાં ઈલેકટ્રીક વાયરો તુટી ગયા હોય, ઢીલા હોય કે ફોલ્ટ હોય તેને રીપેર કરવા તેમજ પડી જાય તેવા થાંભલા હોય તો તેને વ્યવસ્થિત કરવા માટે પણ સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. ગ્રામ્ય વિસ્તારમાં રાબેતા મુજબ બસ રૂટ ચાલુ રહે તે માટેની તકેદારી રાખવી, કંટ્રોલ રૂમ પણ ફરજ બજાવનાર કર્મચારીઓને ટ્રેનીંગ આપવી.

પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયા વરિયાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાતે

સુરત જિલ્લામાં પીવાના પાણીની પરિસ્થિતિનો તાગ મેળવાયા

સુરત

ઉનાળાની ઋતુમાં લોકોને પીવાના પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન અનુભવાય તે માટે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વરિયાવ ખાતે વરિયાવ જૂથ પાણી પુરવઠા યોજનાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઈ મેઈન હેડ વર્ક્સનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ફિલ્ટરેશન પ્લાન્ટના નિરીક્ષણ સમયે છેવાડા તાલુકાઓમાં પણ સમયસર અને શુદ્ધ પાણી મળી રહે તે માટે પીવાના પાણી વિતરણની કામગીરીની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ ઓલપાડ તાલુકાના ગામોમાં ઉનાળામાં પણ પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ બને તે માટે મંજૂર કરવામાં આવેલા સબ હેડ વર્ક્સની કામગીરી ઝડપભેર પૂર્ણ કરાશે એમ જણાવી આ અંગે કરમલા ગામની મુલાકાત લઈ ગામના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા પણ કરી હતી.

વરિયાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના વિવિધ વિભાગોનું બારીકાઈથી અવલોકન કરી પાણીના શુદ્ધિકરણ અને ક્લોરીનેશન સહિતની વિગતો મેળવી ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ અને સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી પીવાના પાણીની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુ ચાલી રહી છે, ત્યારે પીવાના પાણીની સુવિધાને અગ્રતા આપીને કોરોના મહામારી અને લોકડાઉનમાં પણ છેવાડાના ગામોમાં વસતા લોકોને સમયસર અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જે સંદર્ભે સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી અને કામરેજ તાલુકાના ૧૫૬ જેટલા ગામોમાં વરિયાવ જૂથ યોજનાનું પૂરતું પાણી મળી રહે, જેથી ગ્રામજનોને ઉનાળાના દિવસોમાં પીવાના પાણીની તંગી ન વર્તાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઓલપાડ તાલુકાના દુરના ગામો સુધી સહેલાઈથી પાણી પહોંચાડી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કરમલા ગામમાં સબ હેડ વર્ક્સ ઊભું કરવાની મંજૂરી મળી છે, જેથી આગામી સમયમાં સબ હેડ વર્ક્સની કામગીરી ઝડપભેર પૂર્ણ થાય તે દિશામાં પાણી પુરવઠા વિભાગ કાર્યરત હોવાનું તેમણે કહ્યું હતું.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને હેડ વર્ક્સમાં જો કોઈ ક્ષતિ જોવા મળે અને સમારકામની જરૂરિયાત જણાય તો સત્વરે તેનું નિરાકરણ કરવામાં આવશે. પૂર્ણ ક્ષમતા સાથે દરેક ગામ સુધી સમયસર પીવાનું પાણી પહોંચે તે માટે પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓને સુચના આપવામાં આવી છે. આ વિસ્તારના દરિયાકાંઠાના ખારા પાટમાં આવતાં ગામોમાં પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ વેળાએ કાર્યપાલક ઈજનેરશ્રી ચૌધરી અને એ.પી.ગરાસીયા, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વિપુલભાઈ છત્રીવાલા દ્વારા મંત્રીશ્રીને જિલ્લાની વરિયાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની જળવિતરણ વ્યવસ્થાથી અવગત કરાવી જરૂરી માહિતી પૂરી પાડી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતી ઝંખનાબેન પટેલ, કરમલા ગામના સરપંચ શ્રીમતી ભક્તિબેન પટેલ સહિત જિલ્લાના વિવિધ ગામોના સરપંચો, અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી કર્મચારીઓને પણ ઉકાળો પીવડાવાયો

સુરત

પ્રવર્તમાન કોરોના સંકટ દરમિયાન કોરોના મહામારી સામે લડવા તેમજ રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે જિલ્લા પંચાયત સુરતનાં અધિકારી, કર્મચારીઓમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે જિલ્લા પંચાયત સુરત ખાતે ઉકાળા વિતરણ કરાયું હતું. અંદાજે ૩૦૦ જેટલા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ આર્યુવેદિક ઉકાળાનો લાભ લીધો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હસમુખ ચૌધરીએ ઉકાળો સેવન કરી અન્ય અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને પ્રેરિત અને પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી ડો.મિલન એન દસોંદીના નેતૃત્વ હેઠળ ઈ.એમ.ઓ. ડો.પિયુષ શાહ, ડો.હેમાલી રાણા તથા એપેડેમીયોલોજીસ્ટ ડો.પરેશ સુરતી, ઇ. ડે. ડી. આઈ. ઈ.સી.ઓ.શ્રી મુકેશ સી.ભટ્ટ દ્વારા જહેમત ઉઠાવી કામગીરી સંપન્ન કરવામાં આવી હતી.

જોળવામાં દંપતિનો રિપોર્ટ કોરોના વાયરસ પોઝિટિવ

સુરત

પલસાણા તાલુકાના જોળવા ગામે રહેતા પતિ-પત્નીનો કોરોના પોઝિટિવ આવતા વિસ્તારમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા બે જણાને કોવિડ હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જોળવામાં પંચાયત ભવનની પાછળ આરાધના ડ્રીમ એ-૯૫ વિભાગ ૩માં જ્ઞાનેશ્વર રતન પાટીલ ઉ.વ.૫૦ પત્ની વંદના પાટીલ સાથે રહે છે. ગતરોજ તબીયતમાં ગરબડ લાગતા આરોગ્ય કેન્દ્ર ઉપર ગયા હતા. ત્યારે ડોક્ટરની તપાસમાં કોરોનાના લક્ષણો જણાતા તેઓના સેમ્પલ લઈ ટેસ્ટ સુરત સિવિલમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ બંને પતિ-પત્નીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. આથી બંનેને મહુવા ખાતે ઉકા તરસાડી કોવિડ હોસ્પિટલમાં ખસેડવા માટેની તજવીજ હાથ ધરી છે.

પનાસ ગામમાં જુગાર રમતા છ જુગારી પકડાયા

સુરત

કોરોનાની મહામારીમાં પણ જુગાર રમતા જુગારીઓની ખટોડરા પોલીસે ધરપકડ કરી હતી. ખટોદરા પોલીસે બાતમીના આધારે પનાસ ગામ એસએમસી ક્વાર્ટસ આવાસમાં જુગાર રમતા રાકેશ ઉર્ફે લાલુ જગતનારાયણ યાદવ, સંતોષ જગદેવ પરકોડે, વિષ્ણુ શંકર , પ્રિન્ટુ પ્રધાન, હંસરાજ વાસુદેવ , પ્રશાંત શીવરામની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂપિયા ૧૬,૨૨૦ કબ્જે કરી તમામ જુગારી વિરૂદ્ધ જુગારધારા એ એપેડેમિક ડીસીબી એક્ટ અન્વયે કાર્યવાહી કરી હતી.

મેડિકલ સ્ટોરમાંતી રોકડા ૪૧ હજાર ચોરાયા

સુરત

લિંબાયત વિસ્તારમાં લોકડાઉન-કફર્યુ હોવા છતાં પણ તસ્કરોએ એક મેડિકલ સ્ટોરને નિશાન બનાવી રોકડા રૂપિયા ૪૧,૦૦૦ની ચોરી કરી ગયા હતા. લિંબાયત પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર લિંબાયતનું મહાપ્રભુનગર સર્કલ પાસે આવેલ સહજ કેમિસ્ટ એન્ડ જનરલ સ્ટોર્સનું શહર ઉંચુ કરી તસ્કરો રોકડા રૂપિયા ૪૧, ૦૦૦ની ચોરી કરી રહ્યા હતા. દુકાન માલિક શેરસિંગ જોધારામ પટેલે પોલીસ ફરિયાદ નોંધાયા હતી. લિંબાયત પોલીસે તપાસ હાથ ધરી છે.

છાપેલી કિંમત કરતા વધુ લાભો વસુલ કરાતા નવ દુકાન દારોને દંડ કરાયો

સુરત

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે કરવામાં આવેલા લોકડાઉનના કારણેલાંબાસમયથી બંધ રહેલા સુરત શહેરના પાન મસાલા, બીડી, સિગારેટ તથા તમાકુ વગેરેની દુકાનોને તાજેતરમાં ચાલુ કરવાની પરમિશન મળતા વધુનફોલેવાની લ્હાયમાં કેટલાક દુકાનદારો દ્વારા નફાખોરી કરતા હોવાનું માલુમ પડતા મદદનિશ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા વધુભાવો લેતા દુકાનદારો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. વધુ વિગતો આપતા સુરત/તાપી મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રી બી.આર. વિશાણાએ જણાવ્યું હતું કે, કચેરીના સીનીયર/જુનીયર નિરીક્ષીકો દ્વારા શહેરના એલ.એચ.રોડ, વરાછા રોડ, પાંડેસરા, ઉન, ભેસ્તાન, રામનગર, મોરાભાગળ વગેરે અલગ અલગ વિસ્તારોમાં ૫૩ પાન મસાલાના એકમોની ઓચિંતી તપાસણી હાથ ધરી મસાલાનું વેચાણ કરતા નવ વેપારી એકમો દ્વારા રજનીગંધા પાન મસાલા, તાનસેન પાન મસાલા, ગોલ્ડ ફલેક સિગારેટ, કલાસીક માઈલ્ડ સિગારેટ વગેરે પાન મસાલાના પેંકીગ ઉપર છાપેલ કિંમત કરતા સરેરાશ રૂપિયા ૧૦ થી લઈ ૯૦ સુધીનો વધુ ભાવ લેતા હોવાનું માલુમ પડતા ધી પેકેઝડ કોમીડીટી રૂલ્સ મુજબ પ્રોસીકયુશન કેસ કરી રૂા.૧૮૦૦૦નો દંડ સ્થળ ઉપર વસુલ કરવામાં આવ્યો હતો.

કયા દુકાનદારો દંડાયા..?

એલ.એચ.રોડ સાધના સોસાયટી ખાતે આવેલ તુલસી પાન એન્ડ કોલ્ડ્રીંક્સ

પુનમ ટોબેકો જનરલ સ્ટોર્સ, મુકામ ઉન

રીધ્ધી સીધ્ધી સુપર સ્ટોર્સ, કેશવનગર સોસાયટી, ભેસ્તાન, સુરત

સુરેશ એન્ટરપ્રાઈસ, હળપતિવાસ, ભેસ્તાન

વિશાલ ટ્રેડર્સ, ઝુલેલાલ રોડ, રામનગર, રાંદેર

જે.બી.ટ્રેડર્સ, ઝુલેલાલ મંદિરની ગલીમાં, રામનગર, રાંદેર

કુખ્યાદ બુટલેગર ઈશ્વર વાસફોડિયાનો દારૂ ભરેલો ટેમ્પો નવસારીમાં પકડાયો

પોલીસે રૂ. ૧૫.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરત

સુરત રેન્જ ઓપરેશન ગ્રુપના પોલીસ સ્ટાફે બાતમીના આધારે કડોદરાનો લિસ્ટેડ બુટલેગર ઈશ્વર વાસફોડીયાનો વિદેશી દારૂનો જથ્થો ભરેલ ટેમ્પાને નવસારી જિલ્લાના ધોળા પીપળા ગામની સીમમાંથી ઝડપી પાડી ટેમ્પા ચાલકની ધરપકડ કરી છે. જયારે પોલીસે દારૂ મગાવનાર ઈશ્વર વાસફોડીયા અને દારૂ મોકલનાર પ્રેમ યાદવનાઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરત રેન્જ આજીના ઓપરેશન ગ્રુપના પોલીસ સ્ટાફ નવાસરી જીલ્લાના ધોળા પીપળા ગામ તથા શક્તિ સિંહ સુખદેવ સિંહનાઓ ખાનગી રાહે બાતમી ઝવાનો છે. જે બાતમીના આધારે પોલીસ સ્ટાફ ધોળા પીપળા ગામના ને. ડા.નં ૪૮ ઉપર વોચમાં બેઠઆ હતા ત્યારે વર્ણનવાળો આવતા જીજે ૧૨ બીવી ૯૮૪૧ નંબર વાળો ટેમ્પાને અટકાવી ટેમ્પાની તલાશી લેતા ટેમ્પામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે વિદેશી દારૂ બોટલ નંગ ૧૦૯૨ કિ.અ. ૭.૫૬ લાખ તથા ટેમ્બો મલી કુલ ૧૫.૫૬ લાખનો મુદ્દા માલ જપ્ત કરી ટેમ્પા ચાલક રામ અવતાર શામલે વિશ્વનાથ યાદવ (રહે ચપ્પાબેનની ચાલ ચણોદ-વાપી જી. વલસાડ મૂળ યૂપી)ની ધરપકડ કરી છે. પોલીસની પુછપરછમાં ટેમ્પા ચાલકે આ વિદેશી દારૂનો જથ્થો કટોદરા નજીક અંત્રોલી ગામને ભૂરી ફળીયામાં રહેતા ઈશ્વર વાસફોડીયાએ મંગાવેલ હોવાનું જણાવ્યું હતું. તથઆ આ દારુનો જથ્થો ભરાવી આપનાર પ્રેમ યાદવ (રહે ચણોદ વાપી) હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે બન્નેને વોન્ટેડ જાહેર કર્યા છે તેમજ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કોસંબામાં હત્યા કેસના સાક્ષી પર ટોળકીનો જીવલેણ હુમલો

સુરત

કોસંબામાં આવેલ સરકારી દવાખા પાછળ ખાનજી પટેલની ચાલમાં રહેતા નાસીર નઈમ શેખ શુક્રવારના રોજ બપોરના સુમારે કામ અર્થે જઈ રહ્યા હતા તે સમય દરમિયાન રેલવે ફાટક પાસે કારમાં ધસી આવેલા ૧૦ થી ૧૨ જેટલા અજાણ્યા ઈસમો નાસીર ઉપર ધસી આવ્યા હતા અને ફાયરિંગ કરવામાં આવતા મિસ ફાયરિંગ થતા નાસીરનો આબાદ બચાવ થયો હતો. કારમાં સવાર હુમલાખોરોએ નાસીરનો પીછો કર્યા બાદ તેમની ગાડીને ટક્કર મારી રોડ પર પાડી દીધો હતો. કારમાં સવાર ઈસમોએ તલવાર, સળિયા, સહિતના હથિયારો વડે નાસીર ઉપર હુમલો કર્યો હતો. આ દરમિયાન ગ્રામજનો આવી જતા હુમલાખોરો ફોર વ્હીલરમાં નાસી છુટવામાં સફળ રહ્યાં હતા. લોહીલુહાણ હાલતમાં નાસીરને ૧૦૮ મારફતે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જયાં તેઓ આઈસીયુમાં હોવાનું જાણવા મળે છે.

વધુમાં નાસીરના પરિવારજનોએ જણાવ્યું હતું કે સુરતમાં સિટીલાઈટ ખાતે આવેલી કાર એસેસરિઝની શોપમાં નોકરી કરે છે. હાલ લોકડાઉનમાં તેઓ ઘરેજ હતા. ગત ડિસેમ્બર મહિનામાં રાંદેરમાં ઋષભ ચાર રસ્તા પાસે એક યુવક પર જીવલેણ હુમલો થયો હતો. નાસીર સ્થળ પર હાજર હોય રાંદેર પોલીસે હત્યાની કોશિશના આ બનાવમાં તેમણે સાક્ષી બનાવ્યા હતા. જેથી આરોપીઓ નાસીરને સાક્ષી તરીકે ખસી જતા છેલ્લા ઘણા સમયથી દબાણ કરવા સાથે ધાક ધમકી આપતા હતા.

ચીખલી ભાજપના ગ્રુપમાં ગાંધીજીને ગણાવ્યા પાકિસ્તાનના રાષ્ટ્રપિતા, વિવાદ

ચીખલી

નવસારી જિલ્લામાં ગત રાત્રે વોટ્સએપમાં બીજેપી ચીખલીના નામે ચાલતા ગ્રુપમાં મહાત્મા ગાંધીજી બાબતે અભદ્ર ટિપ્પણી કરેલ પોસ્ટનો સ્ક્રીનશોટ વાયરલ થતા રાજકીય માહોલ ગરમાયો છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ અને કોમેન્ટ બાબતે અનેકવાર વિવાદો થતા રહે છે ત્યારે વિવેક ચૂકની હદ વટાવતી ઘટનામાં બીજેપી ચીખલી ૨ વલસાડ ગ્રુપમાં મહાત્મા ગાંધીજીના ફોટા સાથે પોસ્ટ મુકવામાં આવી હતી જેમાં ગાંધીજી વિશે અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી, આટલું ઓછું હોય ત્યાં એક ગ્રુપ મેમ્બરે તો નાથુરામ ગોડસે જીંદાબાદ પણ કરી દીધું હતું.

નવસારી જિલ્લાના ઐતિહાસિક સ્થળ દાંડી સાથે ગાંધીજીના સંસ્મરણો જોડાયેલ છે ત્યારે આ ઘટનાની ખૂબ જ ટીકા થઈ રહી છે તો સાથોસાથ રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે ચીખલી પીઆઈ ડી.કે. પટેલનો સંપર્ક સાધતા તેઓ આ ઘટનાથી અજાણ હોવાનું અને આવું હશે તો કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ચીખલી-વાંસદાના કોંગ્રેસ ધારાસભ્ય અનંત પટેલે કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અહિંસાના પૂજારી છે. તેઓ ગુજરાતના જ છે ત્યારે ગુજરાતના જ ભાજપના કેટલાક લોકો સોશિયલ મીડિયાના ભાજપના ગ્રુપમાં ગાંધીજી વિશે અભદ્ર ટિપ્પણી કરે છે તે ખેદજનક છે.આનાથી ભાજપની વિકૃત માનસિકતા છતી થાય છે. જેના પર ફૌજદારી ગુનો દાખલ થવો જોઈએ. આવનારા સમયમાં કોંગ્રેસના ધારાસભ્ય તરીકે અને આગેવાનો ફરિયાદ પણ દાખલ કરશે અને દેખાવો પણ કરશે. માજી ચીખલી તાલુકા ભાજપ પ્રમુખ ડૉ.અશ્વિન પટેલે જણાવ્યું હતું કે,ચીખલી ભાજપ ગ્રુપમાં જે પણ વ્યક્તિએ ગાંધીજી વિશે ટિપ્પણી કરી છે એ બિલકુલ ગેરવ્યાજબી છે.આ બિલકુલ યોગ્ય નથી.યુવાનની ઓળખ કરી લેવામાં આવી છે.તે ભાજપનો હોદ્દેદાર નથી.આ બાબતે ચોક્કસ કાર્યવાહી કરાશે.

સુરત જિલ્લામાં કલ્સટર ઝોનમાં કુલ ૭૦૭૭૧ લોકોના આરોગ્યની તપાસ

સુરત

સુરત જિલ્લામા શુક્રવાર સુધી કુલ ૭૮ દર્દીઓ સ્વસ્થ હોવાથી ડિસ્ચાર્જ કરવામાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૯૭ હતી, જેમાં આજે ૦૩ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૦૦ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી કામરેજ તાલુકાના કોસમાડા ગામના ૦૧, પાસોદરા ગામના ૦૧ તેમજ માંગરોળ તાલુકાના કોસંબા ગામના ૦૧ કેસ મળી ૦૩ કેસ મળી કુલ ૧૦૦ કેસો આવ્યા છે. કુલ ૯૧૪૪ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૧૦૦ પોઝિટીવ અને ૮૯૯૯ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે. ૩૮ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બડતલ-સરકુઈ, ખોડાંબા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી (ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ(શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીડીયાત, કપ્લેથા, લાજપોર(કોળીવાડ), લાજપોર(પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(ક્રિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી(પરમહંસ), સારોલી(નેચર વેલી), વાવ (એસ.આર.પી કેમ્પસ), તરાજ(ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૬૬૭૯ ઘરો અને કુલ વસ્તી ૭૦૭૭૧ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૫૨ ટીમ કાર્યરત છે. નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૪૯૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૨૧૮ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૭૧૧ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૮૨ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૫૨૯ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં સેન્ટ્રલ ઝોનના ૨૩ સહિત કુલ ૮૩ કલ્સટર વિસ્તાર

માસ્ક પહેયાં પછી તેને જ્યાં ત્યાં ફેંકી દેવું નહીં: મ્યુનિ. કમિશનર

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૨૯ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઇરસને કાબુ કરવામાં સુરત શહેરનો રિકવરી રેટ ૬૮.૬ ટકા થયો છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, ૨૯,૮૨૩ લોકોને આજે હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. માસ્કને પહેર્યા પછી તેને જ્યાં ત્યાં ન ફેંકવામાં આવે અને માસ્કના આગળના ભાગને અડકવુ નહીં. જે દુકાનો નિયમોનું પાલન ન કરતી હતી તેમાં ૧૪૬ પાનના ગલ્લા અને ૧૫૧ સલુનને આજ રોજ બંધ કરાવવામાં આવ્યા હતા. શહેરના ૮૩ કલ્સટર થાય છે, જેમાથી ૨૩ સેન્ટ્રલ ઝોનના છે. કોઈ પણ સોસાયટી કે એપાર્ટમેન્ટમાંથી કેસો મળશે તો તેને ૨૮ દિવસ માટે ક્વોરન્ટાઈન કરવામાં આવશે.

આજની સ્થિતિએ ૭૫૧૧ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૮૪ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૫૮ લોકો છે. ૧૭૧૨ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૦ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો નિદાન અને આરોગ્ય તપાસ માટે જતાં હોવાથી તેની સંખ્યા વધારવામાં આવશે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.નોંધનીય છે કે, સુરત શહેરના ૧૪૭૬ અને જિલ્લાના ૧૦૦ મળીને કુલ ૧૫૭૬ કેસો નોંધાયા છે.

ઘોડ દોડ રોડ પર આવેલા સુખ સાગર એપાર્ટમેન્ટમાં હિરા દલાલને ફટકારાયો

કોરોના ટેમ્પા બાબતે મારામારી કરી ધમકી

સુરત

ઘોડ દોડ રોડ સુખ સાગર એપાર્ટમેન્ટમાં કેરીના ટેમ્પા લઈ જવા બાબતે ઝઘડો થતા હીરા દલાલ ઉપર એપાર્ટમેન્ટમાં રહેતા બે ફ્લેટ ધારકે હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉમરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઘોડદોડ રોડ સુખ સાગર એપાર્ટમેન્ટ ફ્લેટ નં ૯૦૩માં રહેતા હિરા દલાલ નરેશ કુમાર જયંતીલાલ સંઘવીએ આરોપી પરિતક મહેન્દ્ર શાહ ફ્લેટ નં ૩૦૩, યોગેશ ઉર્ફે ચિંટુ કાંતિલાલ શાહ (ફ્લેટ નં ૮૦૩), વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી તથા તેમના મોટા ભાઈ સાથે સોસાયટીમાંથી કેરીના ટેમ્પા લઈ આ બાબતે બોલાચાલી કરી ઢીક્કા મુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

૧ જૂનથી સુરતના ૧૪૦ પૈકી ૬૧ ટેક્સટાઈલ માર્કેટને ખોલવાની મંજુરી અપાઈ

૧૨ માર્કેટ ક્લસ્ટર વિસ્તારમાં આવતી હોવાથી પરવાનગી આપવામાં આવી નથી

સુરત

સુરતના રિંગ રોડની ટેક્સટાઈલ માર્કેટને ક્લસ્ટરમાંથી રેડ ઝોનમાં મૂકવામાં આવી છે. ૧૪૦ પૈકી ની ૬૧ માર્કેટ ને ખોલવાની પરવાનગી આપવામાં આવી છે. અન્ય ૧૨ માર્કેટ ક્લસ્ટર વિસ્તારમાં આવતી હોવાથી પરવાનગી આપવામાં આવી નથી. અન્ય માર્કેટોને ખોલવા અંગે પરવાનગી મેળવવા મનપા કમિશનરને રજૂઆત કરાશે. સુરત ફેડરેશન ઓફ ટેક્સટાઈલ્સ ટ્રેડર્સ એસોસિયેશનને મનપા દ્વારા યાદી આપવામાં આવી છે. માર્કેટ ખોલવા અને અને અન્ય બાર માર્કેટ બંધ રાખવા અંગેની યાદી સોંપવામાં આવી છે.



ક્લસ્ટર વિસ્તારને અડીને આવેલી માર્કેટને પરવાનગી આપવામાં નથી આવી.

જ્યારે કે ૬૧ માર્કેટને હાલ પરવાનગી આપવામાં આવી છે. પરંતુ જે માર્કેટ ખોલવામાં આવી છે તેને સોશિયલ ડિસ્ટન્સિંગનું ચોક્કસપણે પાલન કરવાનું રહેશે. માર્કેટના સંચાલકોએ કોવિડ - ૧૯ના નિયમોનું ચુસ્ત પાલન કરવાની કડક સૂચના આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સિંગ, ફરજિયાત માસ્ક સહિત વારંવાર હાથ સેનેટાઈઝ કરવા જેવા નિયમોનું પાલન કરવું પડશે તેમજ ગ્રાહકો પાસેથી પણ કરાવવું પડશે. ૧ જૂનથી આ તમામ માર્કેટ શરૂ થઈ જશે.

તો બીજી તરફ, સુરતમાં ઘોડદોડ રોડ પર આવેલી માર્કેટના વેપારીને પાલિકાએ ૨૦ હજારનો દંડ ફટકાર્યો છે. હોમ ક્વોરેન્ટાઈનના ભંગ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. રાજુસિંહ રાજપૂત નામના વેપારી અભિનંદન એસી ટેક્સટાઈલ માર્કેટમાં વેપારી દુકાન ધરાવે છે. ત્યારે રાજુસિંહે હોમ ક્વોરેન્ટાઈનનો ભંગ કર્યો હતો. તેથી તેઓને રૂપિયા ૨૦ હજારનો દંડ ફટકારીને તેમની બે દુકાનોને સીલ કરાઈ છે. આ વેપારી રાજસ્થાનના પાલીથી સુરત આવતા તેઓને હોમ ક્વોરેન્ટાઈન કરાયા હતા.

ઓડિયો કોન્ફરન્સથી સરપંચોને માર્ગદર્શન આપતા કલેકટર

કોરોના વાયરસ અંગે દરેક ગામમાં સાવચેતીના પગલા

નવસારી

સમગ્ર રાજયમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલ છે. જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરી છે. ત્યારે આ વાયરસના ઝડપી સંક્રમણને અટકાવવા તેમનજ લોકોની સુરક્ષા અને તકેદારીના પગલાંરૂપે રીલાયન્સ ફાઉન્ડેશન, નવસારીની મદદથી નવસારી જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીક દ્વારા જિલ્લાના ૩૦૫ ગામના સરપંચો સાથે ઓડીયો કોન્ફરન્સથી માર્ગદર્શન આપ્યું હતું. વૈશ્વિક મહામારીના સમયમાં ગામડાઓમાં નોવેલ કોરોના વાયરસ માટે લેવામાં આવતા સાવચેતીના પગલાઓ તથા નિયમોનું પાલન કરવા તકેદારી રાખવા જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલે જણાવ્યું હતું. બીજા રાજયોમાંથી આવતા લોકોને ગામમાં કોરોન્ટાઈન કરવા માટે તથા કોરોન્ટાઈન થવાથી થતાં ફાયદા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકે કહ્યું હતું કે, ગામના સરપંચે નોવેલ કોરોના વાયરસ અન્વયે સાવચેતી વિશે પોતાની નૈતિક ફરજ ગણીને કામ કરવા અનુરોધ કર્યો હતો. સરપંચોના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન આપી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કોન્ફરન્સ દરમિયાન જિલ્લાના સરપંચોએ સંપૂર્ણ સહકાર આપવાની સાથે કોરોના વોરીયર્સ તરીકે કામ કરવાની ખાત્રી આપી હતી.

વાંસી બોરસી ગામે ફિલ્ટર પ્લાન્ટનું નિરીક્ષણ કરતા પાણી પુરવઠામંત્રી

ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

નવસારી

ઉનાળાની ઋતુમાં લોકોને પીવાના પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી ન અનુભવાય તે માટે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ નવસારી જિલ્લાની મુલાકાત લીધી હતી. વાંસી બોરસી ખાતે આવેલા ફિલ્ટરેશન પ્લાન્ટના નિરીક્ષણ સમયે છેવાડા તાલુકાઓમાં પણ સમયસર અને શુદ્ધ પાણી મળી રહેશે તેવી નેમ વ્યક્ત કરી હતી.

પાણી પુરવઠા અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજી બાવળીયાએ વાંસી બોરસી ખાતે આવેલા ફિલ્ટરેશન પ્લાન્ટની મુલાકાત લઈ પાણીના શુદ્ધિકરણ અને ક્લોરીનેશન સહિતની વિગતો મેળવી હતી. પંપીગ સ્ટેશનનું જાતનિરીક્ષણ કરી આગેવાનો અને સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, પીવાનું પાણી લોકોના ઘર ઘર સુધી પહોંચે તે માટે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે પાણીદાર આયોજન કર્યુ છે. પરિણામે આજે લોકોને ઘર સુધી નળ મારફત પીવાનું પાણી આપી શકાય છે. ઉનાળાની ઋતુ ચાલી રહી છે ત્યારે પીવાના પાણીને અગ્રતા આપીને કોરોના મહામારી અને લોકડાઉનમાં પણ જિલ્લાના છેવાડાના ગામોમાં વસતા લોકોને પણ સમયસર અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, ફિલ્ટરેશન પ્લાન્ટ, પંપીગ સ્ટેશન અને હેડ વર્ક્સના નિરીક્ષણ દરમિયાન જો કોઈ ક્ષતિ કે સમારકામની જરૂરીયાત જણાય તો સત્વરે તેનો નિકાલ લાવવામાં આવશે. પૂર્ણક્ષમતા સાથે દરેક ગામ સુધી સમયસર પીવાનું પાણી પહોંચે તે માટે વિભાગના ઉચ્ચ અધિકારીઓને સુચના આપવામાં આવી છે.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી.પટેલ, પાણી પુરવઠા વિભાગના મુખ્ય ઈજનેરશ્રી બી.બી.પટેલ, અધિક્ષક ઈજનેર શ્રી સી.એન.પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રી આર.એસ.પટેલ સહિત અધિકારીશ્રીઓ / પદાધિકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જીલ્લામાં કોરોના વધુ ૧૨ પોઝિટિવ કેસ નોંધાયા તંત્રમાં ગભરાટ

બારડોલી

સુરત જિલ્લામાં કોરોનાનો કેર યથાવત જોવા મળી રહ્યો છે. જીલ્લાના અલગ અલગ તાલુકાઓમાં ૧૨ જેટલા કેસ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. મહુવા તાલુકામાં એક જ પરિવારના બે સભ્યોનો કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યો છે જ્યારે પલસાણા તાલુકાનાં જોળવા ગામે પણ એક દંપતીને કારોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે ઓલપાડ તાલુકામાં ૪ અને ચોર્યાસી તાલુકામાં ૪ પોઝિટિવ કેસ નોંધાયા હોવાનું જાણવા મળે છે. આ તમામ વ્યક્તિઓને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. સુરત જિલ્લામાં કોરોનાના કેસો વધતા તંત્ર દોડતું થયું છે. આજે સુરત જિલ્લાના મહુવા, ચોર્યાસી, ઓલપાડ અને પલસાણા તાલુકામાં કુલ ૧૨ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. આદિવાસી વિસ્તાર ગણાતા મહુવા તાલુકામાં ફરી એકવાર કોરોનાએ પગ પેસારો કરતાં બે પોઝિટિવ કેસ બહાર આવ્યા બાદ

પલસાણા તાલુકાનાં જોળવા ગામે આરાધના ડ્રીમ સોસાયટીમાં રહેતા એક દંપતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. મહુવા તાલુકાનાં વાંસકુઈ ગામે નેવાણીયા ફળિયામાં મુકેશભાઈ રમણભાઈ પટેલ તથા તેમના પત્ની જયાબેન મુકેશભાઈ પટેલ નાઓ તા ૨૪ મે ના રોજ બોમ્બેથી વાંસકુઈ ગામે આવ્યા હતા. તેમના સેમ્પલ લેવામાં આવ્યા હતા જેમનો આજરોજ રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ જોળવા ગામે આરાધના ડ્રીમ સોસાયટીમાં રહેતા જ્ઞાનેશ્વર રતન પાટીલ (૫૦) તેમજ તેમની પત્ની વંદના પાટીલ (૪૦) ના સેમ્પલ લેવામાં આવ્યા હતા

જેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેમને સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ઓલપાડ તાલુકાનાં સોંદલાખારા, ભાંડુત, મોર અને સાયણ ગામે પણ ચાર વ્યક્તિઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે ચોર્યાસી તાલુકામાં પણ ચાર વ્યક્તિઓનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યારે તેમની સાથે સંપર્કમાં આવેલ વ્યક્તિઓને આરોગ્યની ટીમે કવોરોન્ટાઈન કરવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

નવસારી પોલીસ દ્વારા વધુ ૧૪૬ લોકોની અટક

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૨૮ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૧૨૩ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૪૬ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૬૭ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૨૮ મે સુધીમાં કુલ ૧૧૪૦૨ એફઆઈઆર તેમજ કુલ ૧૨૭૯૪ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

વતન જવા રેલ્વેની ટિકિટ નહીં મળતા હતાશ મહિલાને અભયમ ટીમની મદદ

સુરત

સુરત રેલ્વે સ્ટેશન પાસે એક મહિલા સવારથી બેસી રહી હતી. આ મહિલા બિહાર જવા માટે ટ્રેઈનની ટિકિટની શોધમાં હતી પરંતુ આખરે ટિકિટ ન મળતા હતાશ થઈ સુરત રેલ્વે સ્ટેશન પાસે બેસી રહી હતી. ગુમસુમ બેસેલી મહિલા રેલવે પોલીસના ધ્યાનમાં આવતા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદથી મહિલાને સમજાવી તેમજ તેના ઘરે લઈ જઈને પરિવાર સાથે સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

સુરત રેલવે સ્ટેશન પહોંચેલા ઉમરા પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાનના સ્ટાફ દ્વારા મહિલા સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે, તેમનું નામ શુભાદેવી (નામ બદલ્યું છે) અને તેઓ મૂળ બિહારના વતની છે, અને રોજગારી અર્થે સુરતમાં પરિવાર સાથે ભાડાના મકાનમા રહે છે. તેના સસરા અને પતિ સુરતની એક ફેક્ટરીમાં કામ કરે છે, અને પોતે પણ ઘરના કામની સાથે છૂટક કામ કરી પરિવારને આર્થિક સહયોગ આપી રહ્યા છે. પરંતુ તેમના પતિને કોઈ માનસિક બિમારી લાગું પડતાં પતિની સારસંભાળ માટે તેઓ ઘરે રહેતા હોઈ કામ પર જઈ શકતા નથી. જેથી આવકમાં ઘટાડો થતા પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે. પતિની બિમારીને કારણે ઘરના સૌનો સ્વભાવ પણ ચીડિયો થઈ ગયો છે, ઘરમાં અવારનવાર પૈસા અને નાની મોટી બાબતે ઝઘડાઓ ચાલે છે.

હાલની કોરોના મહામારીના કારણે આવક બિલકુલ ઘટી જતા ઘરનું ગુજરાન ચલાવવું કઠિન બન્યું હોવાંથી પતિની સારવાર થઈ શકતી નથી. ગત રોજ તેમના પતિ અને સસરાએ આવેશમા આવી શુભાદેવી સાથે મારઝૂડ કરી હતી જેના કારણે મહિલા રિસાઈને પોતાના પિયર બિહાર જવા નીકળી ગયા હતા, પરંતુ હાલમાં શ્રમિકો માટે મર્યાદિત ટ્રેન ચાલે છે, અને ટિકિટ મેળવવા અગાઉ નામ નોંધણી કરાવવી જરૂરી હોય છે, આ વાતથી અજાણ તેઓ ટિકિટ મેળવવા આખો દિવસ રેલવે સ્ટેશનમા ફરતા રહ્યા, પરંતુ ટિકિટ ન મળતા આખરે હતાશ થઈ ત્યાં જ બેસી રહ્યા અને હવે આગળ શું કરવું તેના વિચારમાં ગુમસુમ હતા.

અભયમ ટીમે મહિલાની સઘળી હકીકત જાણી તેમને સમજાવ્યા કે, હાલની કોરોના જેવી મહામારીમાં પરિવારને છોડી મુસાફરી કરવી સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. તેમજ બિમાર પતિ, વૃદ્ધ સાસુ સસરા અને બાળકોની જવાબદારી મૂકીને આવા કપરાં સમયે પિયર જવું યોગ્ય નથી. કોઈ સમસ્યા હોય તો તેનો હલ પરિવાર સાથે બેસીને નીકળી શકે છે, આમ સમજાવી તેમને ઘરે લાવી પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો, તેમજ તેના પરિવારને પણ શુભાદેવીની કાળજી રાખી વિકટ પરિસ્થિતિનો સાથે મળી સામનો કરવા સમજાવ્યુ, ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં પતિની સારવાર પણ થઈ શકે છે તે વિશે વિગતે જાણકારી આપતાં સૌએ હવેથી ઘરમાં શાંતિપૂર્વક રહેવા અને એકબીજાનો ખ્યાલ રાખવાની ખાતરી આપી અભયમ ટીમનો આભાર માન્યો હતો.

ડાંગ જિલ્લામાં પાણીની સમસ્યા માટે હેલ્પ લાઈન

આહવા

ગ્રામીણ વિસ્તારના લોકોને પીવાના પાણીની ફરિયાદ અંગે સરકાર દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૯૧૬ શરૂ કરાયા છે. ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો પીવાના પાણીને લગતી ફરિયાદો જેમ કે હેન્ડપંપ રીપેરીંગ, મીની પાઇપ યોજનાનું રીપેરીંગ અને વ્યક્તિગત કે જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવતા પાણી અંગેની કોઈપણ ફરિયાદ નોંધાવી શકશે. તથા પાઇપલાઇનમાં ભંગાણ કે લીકેજ હોય, પાણીની ચોરી થતી હોય અથવા પાણીનો ખોટો વેડફાટ થતો હોય તેવા કિસ્સામાં પણ ફરિયાદ નોંધાવી શકાશે. જો કોઈ કિસ્સામાં ટોલ ફ્રી નંબર ૧૯૧૬ વ્યસ્ત જણાય તો તેવા કિસ્સામાં ૧૮૦૦-૨૩૩-૩૯૪૪ ઉપર પણ ફરિયાદ નોંધાવી શકાશે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ઓનલાઈન ફરિયાદ સુવિધા પણ પુરી પાડવામાં આવી છે. ws.gujarat.gov.in વેબસાઈટના સેકશન મારફતે નવી ફરિયાદ નોંધાવી શકાશે.

શ્રી પુરુષોત્તમ પ્રિયદાસ સ્વામીનો ૭૮મો પ્રેમાંજલી પર્વ ઉજવાયો

સુરત

ગરવી ગુજરાતના મહાનગર અમદાવાદની દક્ષિણે મણિ સમ સોહતા મણિનગરમાં અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ ગુરુપરંપરાના પંચમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના પ્રેમાંજલિ પર્વ - ૭૮ મા પ્રાગટ્ય પર્વની સંતોએ સાથે મળી ઉમંગભેર ઉજવણી કરી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરમાં મઘમઘતા જુઈ, મોગરાના પુષ્પોના બાગમાં બિરાજમાન

શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાની પુનિતમય નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે પુષ્પહાર પહેરાવી, ચરણોમાં બિરાજમાન થયા હતા. સ્વામિનારાયણબાપા સ્વામીબાપા સમક્ષ અન્નકૂટોત્સવની મનોરમ્ય સજાવટ કરવામાં આવી હતી. આ પાવનકારી અવસરે પંચામૃત પૂજન, મહિમાગાન સહ લાઈવ સંતોના વિધ વિધ ધાર્મિક નૃત્યો, કેક કટિંગ સેરેમની અર્પણવિધિ, સદ્ગુરુઓની શબ્દ પુષ્પાંજલિ, આરતીઓ વગેરે અનેકવિધ કાર્યક્રમો સંપન્ન થયા હતા.

વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજે વિશ્વમાં શાંતિ બની રહે તે માટે સક્રિય રહી સામાજીક, રચનાત્મક પ્રવૃત્તિઓ સહિત નાતજાતના ભેદભાવથી પર રહીને અઢારેય આલમને સમદ્રષ્ટિથી નિહાળ્યા છે. સનાતન વૈદિક ધર્મમાં ઉદારતાના પાઠ શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપા પાસેથી મેળવ્યા છે. તેઓશ્રીનું પાવનકારી સાંનિધ્ય, સત્સંગ અને પ્રસંગોથી અસંખ્ય મુમુક્ષોના જીવતરને સાર્થક બનાવવાના યજ્ઞમાં સક્રિય રહે છે. તેઓશ્રીમાં પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને રાષ્ટ્રભક્તિનો સમન્વય છે તેમજ સેવા, સમર્પણ, સહજતા અને સરળતાનો સંગમ દીપી ઊઠે છે એવી તેઓશ્રીની લોકોત્તર પ્રતિભા છે. આ અવસરે વર્તમાન સમયે ચાલી રહેલી વૈશ્વિક કોરોનાની મહામારી સંપૂર્ણ નાબૂદ થાય, એનાથી સંક્રમિત થયેલા જનો સાજા થાય અને સૌની આર્થિક સ્થિતિ સદ્ધર બને તેવી પ્રેમાંજલિ પર્વે સદ્ધર્મરત્નાકર આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ભગવાનને પ્રાર્થના કરી હતી.

વિશ્વભરમાં છવાયેલા શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના હરિભક્તોએ પોતાના ઘરે રહી સાદાઈથી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું ૭૮ મુ પ્રેમાંજલિ પર્વ ઉજવ્યું હતું.

કોલસાનો વેપાર કરતી કંપની સાથે એજન્ટ દ્વારા રૂ. ૩૩ લાખની છેતરપિંડી

વેસુ સ્થિત કંપનીએ મહારાષ્ટ્રના એજન્ટ બલવીરસિંગ સામે ફરિયાદ નોંદાવી

સુરત

વેસુની કોલસા કંપની સાથે એજન્ટ રૂપિયા ૩૩.૧૩ લાખની ઠગાઈ કરતાં તરનમજોત રિસર્સ પ્રા.લિ.એ એજન્ટ વિરૂદ્ધ ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ઉમરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ વેસુ હેપ્પી રેસિડેન્સીમાં રહેતા અને તરનમજોત રિસર્સ પ્રા.લિ.માં કોલસાનો વેપાર કરતાં જસ્વીનંદરસિંગ , બુટાસિંગ સિંગ સિંગે આરોપી એજન્ટ બલબીરસિંગ ગંડોતરા (તારાપુર મહારાષ્ટ્ર) તથા તપાસમાં જાતે તેઓની વિરૂદ્ધ ફરિયાદ નોંદાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીએ આરોપીને એજન્ટ તરીકે રાખ્યો હતો. આરોપીને ફરિયાદી પાસેથી રૂપિયા ૩૩,૧૩,૭૫૨ની કિંમતનો કોલસો લઈને બેન્ઝો પ્લાસટ લિમિટેડને અપાવ્યો હતો. આ માળનું પેમેન્ટ ફરિયાદીને આપવાને બદલે પોતાની પાસે રાખીને કંપની સાથે વિશ્વાસઘાત- છેતરપિંડી કરી હતી. ઉમરા પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

પોલીસે દારૂ પીધો હોવાનો કન્ટ્રોલ રૂમમાં લારી વાળાએ ફોન કર્યો

ખોટો ફોન કરી પોલીસની ફરજમાં રૂકાવટ અંગે ગુનો દાખલ

સુરત

કોરોનાને લીધે સમગ્ર ભારતમાં હાલ લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે. આવી કપરી પરિસ્થિતિમાં સુરત શહેરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ ઉપર પ્રતિબંધ હોવાનું જાણવા મળે છે. ગતરોજ નવસારી બજારમાં એક લારીવાળાએ શાકભાજીનું વેચાણ બંધ કરાવવાનું કહેનાર પોલીસ માટે જે પોલીસ કંટ્રોલ રૂમમાં ખોટો મેસેજ આપ્યો હતો. આ લારીવાળાએ કંટ્રોલ રૂમમાં ફોન કરીને કહ્યું હતું કે પોલીસવાળા દારૂ પીને મારા મારી કરે છે. પોલીસે આ લારીવાળા સામે સરકારી કામમાં અડચણ ઉભુ કરવાનો ગુનો નંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર લોકડાઉનનો ચોથો તબક્કો હાલ ચાલી રહ્યો છે.ગતરોજ શુક્રવારના રોજ પોલીસની ટીમ નવસારી બજાર મટન માર્કેટ પાસે પહોંચી હતી ત્યારે એક લારીવાળો શાકભાજી નું વેચાણ કરી રહ્યો હતો. તેને પોલીસ લારી રોડ પરથી સાઈડમાં લેવાનું કહેતા શાકભાજીવાળો ઉશ્કેરાઈ ગયો હતો. નવસારી બજાર ઈરાનીચાલમાં રહેતા અલ્તાફ રમઝાન શેખ નામના આ શાકભાજીવાળાએ પોલીસને કહ્યું હતું કે હું તો રોજ અહીં જ લારી ઉભી રાખીશ તમારાથી થાય તે કરીલો અને અહીયાથી નિકળો, એટલું જ નહી તેણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને ખોટો મેસેજ લખાવ્યો હતો કે પોલીસ દારુ પીને ઝઘડો કરી રહી છે. સલાબતપુરા પોલીસે તેની સામે સરકારી કામમાં અડચણ ઉભુ કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સુરતમાં નવા ૫૭ કેસ સાથે પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧૬૪૮ થઈ, બે મોત સાથે મૃત્યુઆંક ૭૦ થયો

કોરોના પોઝિટિવ દર્દીઓની કોવિડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે : મોડિરાત્રે બે વ્યક્તિઓના સારવાર દરમિયાન મોત નીપજ્યાં : શહેરમાં નવા ૪૫ અને જિલ્લામાં ૧૨ મળી કુલ ૫૭ પોઝિટિવ વધ્યા

સુરત

કોરોના પોઝિટિવ દર્દીઓનો છેલ્લા ત્રણ દિવસથી વધારો નોંધાતો જાય છે. મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર અત્યાર શહેરમાં નવા ૪૫ કેસ અને જિલ્લામાં ૧૨ પોઝિટિવ કેસ નોંધાતા કુલ ૧૬૪૮નો આંકડો થયો છે. બે કોરોના પોઝિટિવ દર્દીઓના મોતની સાથે મૃત્યુઆંક ૭૦ થયો છે. અત્યાર સુધીમાં કુલ ૧૧૨૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

શુક્રવારે મોડિરાત્રે લગભગ પોણા બે વાગ્યે ગોવિંદભાઈ મુળજીભાઈ સલાત (ઉ.વ.આ.૬૩) રહે.કોસાડ આવાસનું મોત થયું હતું. તેમને ૨૮મીના રોજ દાખલ કરવામાં આવ્યાં હતાં. તેઓ એક્યુટ રેસપિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમ સહિતની બીમારીથી પીડાતા હતાં.બીજા દર્દીમાં ૩૪ વર્ષીય કલ્પેશ વિરજીભાઈ મારકણાનું મોત નીપજ્યું છે. સમા સોસાયટી હીરાબાગ ખાતે રહેતા કલ્પેશ મારકણાનું કાર્ડિયાક શોકના કારણે મોત થયું હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

રાજસ્થાનના પાલીથી સુરત આવેલા વેપારીને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં વેપારીએ ઘોડ દોડ રોડ પર આવેલી માર્કેટમાં પોતાની દુકાન ખોલી હતી. જેથી પાલિકા દ્વારા વેપારીને ૨૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે. વેપારીને હોમ ક્વોરન્ટીનના ભંગ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. અભિનંદન એસી ટેકસ્ટાઈલ્સ માર્કેટમાં વેપારી દુકાન ધરાવે છે.

ડુમસ નજીક આવેલા ભીમપોર ગામમાં કોરોનાનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. પ્રવિણભાઈ નામના વ્યક્તિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. તેમનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. જોકે હજુ તે પોઝિટિવ કે નેગેટિવ છે તે પેન્ડિંગ રખાયું છે. આ તરફ ભીમપોરમાં પાલિકા દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

સુરત જીલ્લામાં કોરોનાને કારણે વધુ બે મોત નોંધાતા કુલ મૃતાંક૭૦ થયો

સુરત

કોરોના પોઝિટિવ દર્દીઓનો છેલ્લા ત્રણ દિવસથી વધારો નોંધાતો જાય છે. મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર અત્યાર સુધી કુલ ૨૧૫૮૪ વ્યક્તિઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેમાંથી ૧૫૭૬ દર્દીઓમાં પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. જ્યારે ૧૦૯૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. હાલ ૪૧૭ વ્યક્તિઓની સારવાર ચાલી રહી છે. જેમાંથી ૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે. ૧૯ દર્દીઓ બાયપેપ પર અને ૭૦ ઓક્સિજન પર છે. શુક્રવારે મોડિરાત્રે બે વ્યક્તિઓના મોત નીપજતાં મૃત્યુઆંક ૭૦ થયો છે.

શુક્રવારે મોડિરાત્રે લગભગ પોણા બે વાગ્યે ગોવિંદભાઈ મુળજીભાઈ સલાત (ઉ.વ.આ.૬૩)રહે.કોસાડ આવાસનું મોત થયું હતું. તેમને ૨૮મીના રોજ દાખલ કરવામાં આવ્યાં હતાં. તેઓ એક્યુટ રેસપિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમ સહિતની બીમારીથી પીડાતા હતાં.બીજા દર્દીમાં ૩૪ વર્ષીય કલ્પેશ વિરજીભાઈ મારકણાનું મોત નીપજ્યું છે. સમા સોસાયટી હીરાબાગ ખાતે રહેતા કલ્પેશ મારકણાનું કાર્ડિયાક શોકના કારણે મોત થયું હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાનના પાલીથી સુરત આવેલા વેપારીને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં વેપારીએ ઘોડ દોડ રોડ પર આવેલી માર્કેટમાં પોતાની દુકાન ખોલી હતી. જેથી પાલિકા દ્વારા વેપારીને ૨૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે. વેપારીને હોમ ક્વોરન્ટીનના ભંગ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. અભિનંદન એસી ટેકસ્ટાઈલ્સ માર્કેટમાં વેપારી દુકાન ધરાવે છે. ડુમસ નજીક આવેલા ભીમપોર ગામમાં કોરોનાનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. પ્રવિણભાઈ નામના વ્યક્તિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. તેમનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. જોકે હજુ તે પોઝિટિવ કે નેગેટિવ છે તે પેન્ડિંગ રખાયું છે. આ તરફ ભીમપોરમાં પાલિકા દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

નોવેલ કોરોના વાયરસ COVID-19 ન ફેલાય તે અંગેના જાહેરનામાનો ભંગ સામે

નબીપુર ગામે ગૌ વંશનું કતલ કરતા ૪ ઈસમોને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી નબીપુર પોલીસ

ભરુચ

પોલીસ મહાનિરીક્ષકશ્રી અભય ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા સાહેબશ્રી ભરૂચ વિભાગ ભરૂચ નાઓની સુચના મુજબ મહે,ડી.એ મ.સા.શ્રી ભરૂચનાઓ તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસંધાને હાલમાં ગુજરાત રાજય તથા સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ covid-૧૯ ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસ ર્ષ્ઠઁૈ્ઢ-૧૯ નો ફેલાવો અટકાવવા માટે આપેલ સુચના મુજબ નબીપુર પો.સ્ટે પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એ.બેલીમ નાઓ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન તેઓને બાતમીદાર તરફ થી બાતમી મળતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા નબીપુર પો.સ્ટે. ના પોલીસ માણસો સાથે મોજે. નબીપુર ગામે જીન વિસ્તારમાં દિલાવરભાઈ કારભારી નાઓના પતરાના શેડમાં જઈ તપાસ કરતા સદર બાતમી વાળીજગ્યાએ જોતા



(૧) સલીમ અકબર સરસોદિયા રહે. હાલ જીન વિસ્તારમાં નબીપુર તા.જી. ભરૂચ(૧) સલીમ અકબર સરસોદિયા રહે. હાલ જીન વિસ્તારમા નબીપુર તા.જી. ભરૂચ (૨) દિલાવરભાઈ મોહમદભાઈ કારભારી રહે. નબીપુર દરગાહ રોડ અરબ સ્ટ્રીટ તા.જી. ભરૂચ (૩)ઈકબાલ યુસુફ બાબરીયા રહે. નબીપુર નાદલાવાળા સ્ટ્રીટ તા.જી.ભરૂચ (૪) હસનભાઈ અબ્દુલભાઈ દિવાન રહે. હાલ નબીપુર જીન વિસ્તારમાં તા.જી. ભરૂચ નાઓ હાજર હતા અને ચારેય ઈસમો નબીપુર ગામે જીન વિસ્તારમાં દિલાવરભાઈ કારભારી નાઓનાં પતરાના શેડમાં ગૌ વંશ નો વાછરડો આશરે ચારેક વર્ષનો કી.રૂ.૫,૦૦૦/-ની આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂ અને વેચાણ કરવાના ઈરાદે તેમજ ગૌ-માસ આરોગવા ના ઈરાદે ગાયના વાછરડાને હલાલ (કતલ) કરી મોત નિપજાવી આશરે ૧૦૦ કિલો વજનના ગૌ-માસ સાથે મળી આવી તેમજ એક જ ગાય કી.રૂ.૧૫,૦૦૦/- તથા એક વાછરડો કી.રૂ.૫૦૦૦/- ની કતલ કરવાના ઈરાદે લાવી હિંદુ ધર્મનાં સમાજના લોકોની લાગણી દુભાવી એકબીજાની મદદગારી કરી અને હાલમાં કોરોના વાયરસ અંગે ડી.એમ સા.શ્રી ભરૂચ નાઓના જાહેરનામાં નો ભંગ કરી ગુનો કરેલ હોય જેથી ઉપરોક્ત ચારેય ઈસમો સામે ઈ.પી.કો.કલમ-૨૯૫,૪૨૯,૧૮૮,૧૧૪ તથા પશુ સુધારા અધિનિયમ ૫૬(બી),૮,(૧)(૨)(૩)(૪), ૧૦ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસર મજબનો ગુનો દાખલ કરી. કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

સુરતમાં કાપડને કોરોના બેઇઝ એન્ટી બેક્ટેરિયલ પ્રોસેસ કરી પીપીઈ કીટ બનાવ્યાનો દાવો

સુરત

કાપડને કોરોના બેઇઝ એન્ટી બેક્ટેરિયલ પ્રોસેસ કરી કીટ બનાવ્યાનો દાવો કરવામાં આવ્યો છે. વોસેબલ અને રી યુઝ થતી આ કિટ ૧૦-૫૦ સેકન્ડમાં જ કપડાંને ટચ થયા બાદ કોરોના વાઇરસનો નાશ કરતી હોવાનો દાવો કર્યો છે. એટલું જ નહીં પણ વુવન ફેબ્રિક્સમાંથી બનેલી આ એન્ટી બેક્ટેરિયલ કિટ પર લેબોરેટરીમાં હાલ ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. જોકે હજી સુધી ચેન્નાઈની સરકાર માન્ય સીત્રા અને યુરોપની લેબના રિપોર્ટ આવ્યા બાદ આ કિટ બજારમાં વેચાણ માટે મુકાશે એવું સુરેશભાઈએ જણાવ્યું છે. મહિને દોઢ કરોડ માસ્ક બનાવતી આ સંસ્થા સુરત સહિત વડોદરા, અમદાવાદ, પુણે, મુંબઈ સહિત ના મોટા શહેરોમાંથી સારો સહકાર મળી રહ્યો છે જેથી હવે કોરોના વાઇરસને લાગતી તમામ સામગ્રીઓ એક જ સ્થળ પરથી રાહત દરે મળી રહે એ માટે આગામી દિવસોમાં સુરતમાં સ્ટોર ખોલવાનું પણ આયોજન કરી રહી હોવાનું જણાવ્યું છે.



સુરેશ ભાઈ ગોંડલીયા (માલિક, ટ્રુ ડ્રગ ફાર્મા પ્રા.લિ, સુરત)એ જણાવ્યું હતું કે માર્કેટમાં હાલ અનેક પીપીઈ વેચાય રહી છે જોકે વોશેબલ અને રી-યુઝ સાથે એન્ટી બેક્ટેરિયલ (કોવિડ-૧૯) કીટ માર્કેટમાં લાવનાર તેઓ પહેલા કારખાનેદારો હશે. આ કીટ પર લેબમાં અનેક પરીક્ષણ કરાયા બાદ બનાવવામાં આવી છે. આ કિટની ખાસિયત એ છે કે ૧૦-૫૦ સેકન્ડમાં જ કોરોના વાઇરસના જતું સંપર્કમાં આવ્યા બાદ નાશ થઈ જાય છે. વુવન ફેબ્રિક્સને સ્પેશિયલ ટ્રીટમેન્ટ કરાયા બાદ બ્લડ, ઓઇલ, પાણી જેવા પ્રવાહી આ પીપીઈ કિટમાંથી પસાર ન થઈ શકતા હોવાનું હાલ લેબોરેટરી ટેસ્ટમાં જાણી શકાયું છે.

એન્ટી બેક્ટેરિયલ કાપડ તૈયાર થયા બાદ ૩૦ હજાર મીટર કાપડનો મશીન પર લોડ કર્યા બાદ લગભગ ૮ કલાકમાં ૯૦૦૦ હજાર પીપીઈ કિટ મહિને ૨.૫ લાખનું કાપડ કટીંગ થઈ બહાર આવે છે. એક કિટમાં ૩ મીટર કાપડ વપરાતું હોય છે. ડિઝાઈન સાથે કટીંગ થયા બાદ કિટ સિલાઈ વિભાગમાં જતી હોય છે. જ્યાં સંપૂર્ણ સિલાઈ થયા બાદ માર્કેટમાં સીધી સપ્લાય કરતી આ એક માત્ર સંસ્થા કહી શકાય છે. ૧૫થી ૨૫ તકાના નફા પર કામ કરતી આ સંસ્થા આગામી દિવસોમાં ટ્રુ ડ્રગ ચેરીટેબલ ટ્રસ્ટ શરૂ કરવાનું પણ આયોજન કરી રહી છે. જ્યાં જરૂરિયાતમંદ ગરીબ લોકોને ફ્રીમાં કોરોના વાઈરસને લાગતી સામગ્રી આપી આ વાઈરસ સાથે લડવા પ્રોત્સાહિત કરાશે. આ સંસ્થા દ્વારા થતા દરેક ઉત્પાદન પર ક્વોલિટી ચેકિંગ હાથ ધરાઈ રહ્યું હોવાનું સુરેશભાઈએ વધુમાં ઉમેર્યું છે.

અડાજણમાં કોવિડ-૧૯ના દર્દીઓ માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

સુરત

અડાજણ વિસ્તારમાં રક્તદાન કેમ્પનું આયોજન થયું છે. સિલિકોન લક્ઝરીયા કોમ્પલેક્સમાં રક્તદાન કેમ્પ યોજાયો છે. જેમાં ૫૦થી વધુ બોટલ રક્ત એકત્ર થાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. આ.ઈ.એ મ.એ (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન) દ્વારા કોવિડ-૧૯ના દર્દીઓને રક્તની જરૂરી પડે તો પહોંચી વળવા આ આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં ડોક્ટર,વેપારી,એન્જિનિયર સહિતના પ્રોફેશન સાથે જોડાયેલા લોકોએ રક્તદાન કર્યું છે. લોકડાઉન બાદ પ્રથમ રક્તદાન કેમ્પ યોજ્યો હોવાનું બ્લડબેંક દ્વારા જણાવવામાં આવ્યું છે. કોરોના કાળમાં તમામ ગતિવિધિઓ બંધ થઈ જતાં બ્લડ બેંકમાં પણ લોહીની જરૂરીયાત ઉભી થઈ છે. તેવા સંજોગોમાં જરૂરીયાત મંદ લોકોને રક્ત મળી રહે તે માટે આઈએમએ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનારા તમામ દાતાઓને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. બ્લડ બેંક દ્વારા કહેવાયું હતું કે, દર વર્ષે ૨૦થી વધુ મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જો કે આ વખતે લોકડાઉન બાદ પ્રથમ વખત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મંગેતર સાથેના ઝઘડામાં ચપ્પુ મરાયું

સુરત

મંગેતર સાથે થયેલા ઝઘડાની અદાવતમાં ચપ્પુથી હુમલો કરાવાનો બનાવ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

ડીંડોલી પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ભાઠેના રજાનગરમાં રહેતા ઈબ્રાહીમ ઉર્ફે શાહરૂખ મોયુદ્દીન ઈસ્માઈલ શેખે આરોપી શોએબ ખાટકી તથા અન્ય બે જણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી શોએબ બાટલીનો તેની મંગેતર સાથે બોલાચાલી થઈ હતી . જે ઝઘડા અંગે ફરિયાદ ઉપર શંકા રાખીને ફરિયાદીને આરોપીઓએ ડિંડોલી ભેસ્તાન આવાસમાં પકડીને ઢીક્કા મુક્કીનો માર મારી પીઠના ભાગે ચપ્પુના ઘા ઝીંકયા હતા. ડીંડોલી પોલીસે ફરિયાદ નોંદી તપાસ હાથ ધરી છે.

નવસારી જિલ્લામાં ૧૩.૭૩ લાખ લોકોના સ્વાસ્થ્ય સંદર્ભે સર્વે

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૯/૦૫/૨૦૨૦ ના રોજ ૫૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૫, જલાલપોર-૦૯, ગણદેવી- ૦૯, ચીખલી- ૦૮, ખેરગામ-૦૫ વાંસદા-૦૮, અન્ય રાજય/જિલ્લાના ૦૪ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૨૮૮૬ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૮૦૪ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૩,૭૩,૯૪૯ વસ્તીને આવરી લેવામાં આવી છે. આજરોજ નવસારી જિલ્લામાંકોઈ નવો પોઝીટીવ કેસ નોંધાયો નથી.

હાલમાં સમીર ગાર્ડન ઈટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, કડોલી, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૨ વિસ્તારો કન્ટેઈનમેન્ટ હેઠળ છે. નવસારી જિલ્લામાં નોંધાયેલા ૨૫ દર્દીઓ જે પૈકી મુંબઈના -૧૦ સુરતના દર્દીઓ-૦૫, ઓખા-૦૧, વલસાડ (ડુંગરી)-૦૧ સંક્રમિત થયેલા છે. ૪ દર્દીઓ પોઝીટીવ કેસના સંપર્કમાં આવેલ છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરતના લિંબાયતમાં મેડિકલ સ્ટોર્સમાં ૪૨ હજારની ચોરી કરી તસ્કરો ફરાર

સુરત

લિંબાયત વિસ્તારમાં આવેલા સહજ કેમિસ્ટ એન્ડ જનરલ સ્ટોર્સની દુકાનને નીશાને બનાવી તસ્કરો દુકાનમાંથી રોકડા ૪૧ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.બનાવ સંદર્ભે દુકાન માલિકની ફરીયાદના આધારે લિંબાયત પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કોરોના મહામારી ચોથા લોકડાઉનમાં સરકાર દ્વારા થોડી છુટછાટ આપતા તસ્કરો પણ પોતાના કામે લાગી ગયા હોય તોવું લાગી રહ્યું છે.



સુરતના લિંબાયત વિસ્તારમાં ચોરીનો એક બનાવ સામે આવ્યો છે.મૂળ રાજસ્થાનના વતની અને હાલ સુરતના લિંબાયત સ્થિત જલારામનગરમાં રહેતા શેરસીંગ જોધારામ પટેલની મહાપ્રભુનગર સર્કલ પાસે સહજ કેમિસ્ટ એન્ડ જનરલ સ્ટોર્સ નામની દુકાન આવેલી છે.દરમિયાન તેમની દુકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી દુકાનના શટરને કોઈ સાધન વડે તોડી દુકાનમાંથી રોકડા ૪૧ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.બીજા દિવસે સવારે દુકાન ખોલતા દુકાન માલિકને ચોરી થઈ હોવાની જાણ થતા તેઓએ લિંબાયત પોલીસ મથકમાં અજાણ્યા વિરુધ્ધ ચોરની ફરીયાદ નોંધાવતા પોલીસે તેમની ફરીયાદના આધારે અજાણ્યા તસ્કરો વિરુધ્ધ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કોસમાડામાં મજુર સ્ત્રીને કોરોનાનો ચેપ લાગ્યો

સુરત

સુરત જીલ્લા કામરેજ તાલુકાના કોસમાડા ગામે રહેતા મજુરો પૈકી એક મજુર મહિલાનો કોરોના પોઝિટિવ કેસ આવતા આરોગ્ય વિભાગ દ્વારા મહિલાને સુરિત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કોસમાડા ગામમાં બ્લોક નંબર ૩૪૨માં રહેતા મજુરો પૈકી ભીખીળે મણીલાલ રાઠોડ રહે છે. બે દિવસ પહેલા શ્વાસ લેવામાં તકલીફ પડતા આરોગ્ય કેન્દ્ર ઉપર ગયા હતા. ત્યારે ડોકટરની તપાસમાં કોરોનાના લછણ જણાતા તેમને સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યા તેમનો રિપોર્ટ ગતરોજ પોઝિટિવ આવતા તેમને કોવિડ-૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય વિસ્તારમાં સર્વેની સાથે કોરોન્ટાઈન કરવાની કામગીરી કરાઈ હતી.

લોક ડાઉનમાં ઓનલાઈન શિક્ષણમાં ઈન્ટરનેની કનેક્ટીવીટીનું કમઠાણ

ગામડાના બાળકો નેટ મેળવવા ખુલ્લા મેદાનમાં બેસવા મજબૂર

સુરત

સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જગદીશ ભાઈ પટેલ મુખ્યમંત્રીને પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે કોવીડ-૧૯ (કોરોના વાયરસ) ને કારણે સમગ્ર દેશ અને રાજયમાં લોકડાઉન ચાલતું છે. સુરત જિલ્લામાં આવેલ ઘણી શૈક્ષણિક સંસ્થાઓએ હાલના દિવસોમાં ઓનલાઈ શૈક્ષણિક કાર્ય શરૂ કરેલ છે. પરંતુ જીલ્લાના ગામડાઓમાં જ્યારે ઓનલાઈન અભ્યાસ કરાવવાનો હોય તે પહેલા સરકાર તરફથી દરેક મોબાઈલ કંપનીઓને સુચના આપવામાં કે તેઓ ગ્રામિણ વિસ્તારમાં પોતાના ટાવર તાત્કાલિક ઉભા કરે જેથી ગ્રામિણ વિસ્તારના વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ પર ઓનલા શિક્ષણ લેતી વખતે નેટવર્કની તકલિફ ના પડે. જેથી વિદ્યાર્થીઓ સરળતાથી શૈક્ષણિક કાર્ય કરી શકે. હાલની પરિસ્થિતી એવી છે કે ગ્રામિણ વિસ્તારમાં વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ માટે ખુલ્લા ગ્રાઉન્ડમાં જયાં કનેક્ટીવીટી મળે ત્યાં તડકામાં આખો દિવસ બેસી રહે છે.

મહામારીને પગલે સરકાર દ્વારા છેલ્લા ૬૫ દિવસથી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે, સમગ્ર ધંધા-ઉદ્યોગ સંપૂર્ણપણે બંધ છે. ગરીબ અને મધ્યમવર્ગ માટે આજીવિકા બંધ થઈ ગઈ હોવાને કારણે આટલો લાંબો સમય નિર્વાહ કરવાનું કપરું બન્યું છે. પ્રજાજનો પાસે જે કંઈપણ આછીપાતળી બચત થતી તે પણ સંપૂર્ણપણે ખર્ચાઈ ગઈ છે. આ સંજોગોમાં ગરીબ - મધ્યમવર્ગના સામાન્ય પ્રજાજનોની હાલત અત્યંત કફોડી બની છે. તેવામાં શૈક્ષણીક સંસ્થાઓ ઓનલાઈન શૈક્ષણિક કાર્ય શરૂ કરી જો વાલીઓ પાસેથી સત્ર ફી ઉઘરાવશે તો તે યોગ્ય નહી ગણાશે. જેથી તમામ શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓની પ્રથમ સત્રની ફી માફ કરવા આદેશ કરશો એવી સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિની માગણી છે.

કેવડિયા કોલોની તરફના ગામોમાં એક સાથે ૩૦૦થી વધુ કોરોના લગતા સેમ્પલ લેવાતા અનેક અટકળો



આંદોલન દબાવવા સેમ્પલ લેવાયા ના આદિવાસી નેતાઓ દ્વારા આક્ષેપ જ્યારે આરોગ્ય અધિકારી જણાવે છે કે આ રેન્ડોમ સેમ્પલ ની પ્રક્રિયા છે

રાજપીપળા

નર્મદા ડેમ વિસ્તાર ના ગામો માં હાલ ચાલી રહેલ જમીન સર્વે અને ફેન્સીન્ગ કામગીરી બાબત ના વિરોધ આંદોલન ને હાલ ચારે તરફ થી ટેકો મળી રહ્યો છે તેવા સમયે આરોગ્ય વિભાગે ૩૦૦ થી વધુ કોરોના ટેસ્ટ સેમ્પલ લેવાની કામગીરી શરુ કરતા આ બાબતે અનેક ચર્ચાઓ સંભળાઈ રહી છે.

હાલ લોકડાઉન વચ્ચે નર્મદા ડેમ વિસ્તાર માં વહીવટી તંત્ર એ જમીન સર્વે અને ફેન્સીન્ગ ની કામગીરી શરુ કરતા ગ્રામજનો એ તેનો વિરોધ શરુ કરતા તેના ભાગ રૂપે મોટી સંખ્યા માં વિરોધ પ્રદર્શનો,કાર્યક્રમ આગામી ૩૧ તારીખે આપ્યા છે ત્યારે અચાનક આરોગ્ય વિભાગે કોરોના ને લગતા સેમ્પલિંગ ની કામગીરી શરુ કરતા આદિવાસી આગેવાનો આને તેમના આંદોલન ને દબાવવા અને ડર નો ફેલાવા સરકાર નું કાવતરું હોવાનું માને છે જોકે આજદિન સુધી આટલી મોટી માત્રા માં સેમ્પલ લેવાયા નથી તેમ પણ જાણવા મળ્યું છે.ત્યારે આદિવાસી નેતાઓ દ્વારા કરાયેલા આ આક્ષેપ સાચા હશે તો બીજી તરફ નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી કહે છે કે આ એક રેન્ડમ સેમ્પલિંગ ની પ્રક્રિયા છે,આ વિસ્તાર માં અગાઉ કોરોના પોઝિટિવ કેસ હોવાથી સંપર્ક સંક્રમિત ની સ્થિતિ જાણવા સેમ્પલ લેવાય છે અને અન્ય વિસ્તારો માં પણ આજ રીતે સેમ્પલ લેવાશે ત્યારે ૩૧ મેં નો વિરોધ કાર્યક્રમ સફળ થશે કે કેમ એ માટે અનેક અટકળો ચાલી છે સાથે અન્ય વિસ્તારો માં પણ આ રીતે મોટી સંખ્યા માં સેમ્પલ લેવાય છે કે કેમ તે જોવું રહ્યું.

નર્મદા જિલ્લા વહીવટી તંત્રના કેટલાય વિભાગોમાં કામ કરતા આઉટ સોર્સ કર્મચારીઓ ને અડધું જ વેતન ચુકવાતું હોવાની બુમ

નર્મદા ની સરકારી હોસ્પિટલો, દવાખાનાઓમાં કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટરો, સ્વીપર, સિક્યુરિટી, નર્સિંગ, પટાવાળા નું શોષણ કરાતું હોવાની બુમ

રાજપીપળા

નર્મદા જિલ્લામાં વિવિધ કચેરીઓ, હોસ્પિટલો, દવાખાનાઓ માં કામ કરતા આઉટ સોર્સ કર્મચારીઓ ને જેતે એજન્સીઓ દ્વારા પગાર ઓછો અપાતો હોવાની બુમ સંભળાઈ રહી છે જોકે ફરજ ઉપર થી છુટા કરવાના ડરે મજબૂરી માં કામ કરતાં કર્મચારીઓ આ બાબતે ફરિયાદ કરતા પણ ખચકાઈ રહ્યા છે.પરંતુ જાણવા મળ્યા મુજબ જેતે ખાતા ના અમુક અધિકારી ઓની એજન્સી સાથે સાંઠગાંઠ હોય પગાર ના બિલો કરતા અડધો જ પગાર કર્મચારીઓ ને ચુકવાઈ છે ત્યારે કેટલીક એજન્સી આ માટે લુલો બચાવ કરી ટેક્સ સહિત ની રકમ તેમણે ભરવાની હોવાના બહાના બતાવી તંત્ર ના અમુક ભ્રષ્ટ અધિકારી કે કર્મચારીઓ ના તગડા કમિશન કાઢવા અને આવનારા વર્ષો માં પણ આજ એજન્સીને કોન્ટ્રાક્ટ મળે તેનો રસ્તો કરતી હોવાની વાત સંભળાઈ રહી છે.ત્યારે શું જિલ્લા ના ઉચ્ચ અધિકારીઓ આ બાબતે અજાણ હશે કે તેમની પણ મિલીભગત હશે..??

કેવડીયા ફેન્સિંગ મામલે હાઈવે ઉપર ચક્કાજામ: ભારે સુત્રોચ્ચાર વચ્ચે અફરાતફરી સર્જાઈ

નાંદોદ ધારાસભ્ય પી ડી વસાવા સહીત અન્ય ૭ જેટલાં ધારાસભ્યો અને એક્ટીવીસ્ટો ની અટકાયત



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : છેલ્લા કેટલાક દિવસો થી કેવડીયા નર્મદા નિગમ દ્વારા ૬ જેટલાં ગામો ની અંદર લોકડાઉન હોવા છતાં તાર ની વાડ ઉભી કરવાનો કામ યુદ્ધ ના ધોરણે શરુ કરવામા આવેલો છે, જેની સામે સ્થાનિક આદિવાસીઓ ના એક મોટા સમુહ મા આ બાબતે ભારે અસંતોષ અને ઉગ્રતા ની લાગણી જન્મી છે.


લાગતી વળગતી ગ્રામપંચાયતો ને જાણ કર્યા વગર જ કે સરપંચો કે ગામ ના આગેવાનો ને વિશ્વાસ મા લીધાં વગર જ મનસ્વી રીતે આડેધડ તાર ની વાડ ઉભી કરવાની કામગીરી પોલીસ જાપ્તા સાથે કરવમાં આવતા, સ્થાનિક આદિવાસીઓ અને ખાસ કરી ને મહીલાઓ આ બાબત નો વિરોધ કરવા આગળ આવતાં તેમની ઉપર પોલીસ દ્વારા બળપ્રયોગ કરી અટકાયત કરવા ના સમાચારો વાયુવેગે સમગ્ર રાજ્ય ના આદિવાસીઓ મા પ્રસરી જતાં આદિવાસી સમાજ રોષે ભરાયો હતો.

આ બાબત ની ગંભીર નોંધ લઈ ને વાંસદા ના ધારાસભ્ય અનંત પટેલે ૩૧ મે ના રોજ ચાલો કેવડીયા ની હાકલ કરી હતી, જે અંગે નર્મદા જીલ્લા કલેક્ટર તરફ થી એમને પુછવામાં આવ્યુ હતુ કે તમો જે કેવડીયા જવા અંગે ની હાકલ કરી છે તે બાબત ની પુરેપુરી જાણકારી નર્મદા તંત્ર ને આપવી, જેથી વાંસદા ના ધારાસભ્ય અનંત પટેલ સહીત નાંદોદ ના ધારાસભ્ય પી ડી વસાવા,ભીલોડા ધારાસભ્ય ડો.અનીલ ભાઈ જોષીયારા,માંડવી ધારાસભ્ય આનંદભાઈ ચૌધરી,વ્યારા ધારાસભ્ય પુનાભાઈ ગામીત, ગરબાડા ધારાસભ્ય ચંદ્રીકાબેન,નિઝર ના ધારાસભ્ય સુનીલભાઈ ગામીત,પા.જેતપુર ધારાસભ્ય સુખરામભાઈ રાઠવા, તેમજ ઈડીજીનીયસ આર્મી ના વડા ડો.પ્રફુલભાઈ વસાવા, એક્ટીવિસ્ટ રાજુભાઈ વળવાઈ સંતરામપુર, ડો. સુરેશભાઈ ચૌધરી, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હરેશભાઈ વસાવા વિગેરે કલેકટર નર્મદા ને માહિતી આપ્યાં બાદ કેવડીયા તરફ પોતાના વાહનો લઈ જતા તેમની કારો ના કાફલા ને વડીયા જકાતનાકા ઉપર આવેલાં સર્કીટ હાઉસ પાસેજ રોકી લેવામા આવ્યા હતાં. જેથી ધારાસભ્યો અને એક્ટીવીસ્ટો પોતાનાં વાહનો હાઈવે ઉપર જ મુકીને પગપાળા કેવડીયા તરફ ચાલવા માંડતા પોલીસ માટે કફોડી હાલત મા મુકાઈ હતી આગળ પાછળ ચાલતાં પોલીસ અને એક્ટીવીસ્ટો ના ટોંળા ના દ્રશ્યો હાઈવે ઉપર સર્જાયા હતા.આખરે તમામ લોકો માર્ગ પર બેસી જતા ચક્કાજામ ના દ્રશ્યો જોવા મળ્યા હતા.

નર્મદા જીલ્લા પોલીસ દ્વારા મોટી સંખ્યામાં મા હાઈવે ઉપર કાફલો ખડકી દેવાયો હતો અને ધારાસભ્યો અને એક્ટીવીસ્ટો ને આગળ જતાં અટકાવી ડીટેઈન કરી જીતનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે અટકાયત કરી લઈ જવામાં આવ્યા હતા. આમ છેલ્લા કેટલાક સમયથી કેવડીયા આદિવાસીઓ ને નિગમ ના અધિકારીઓ ની કનડગત અને હેરાનગતિનો મુદ્દો આજે વધુ મોટા સ્વરુપે બહાર આવ્યો હતો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ફેન્સીંગ કામગીરી બાબતે સાંસદ મનસુખ વસાવા એ લખ્યો CM ને પત્ર





મનસુખભાઈ ધનજીભાઈ વસાવા

૨૬/૫/૨૦૨૦

પ્રતિ,
શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ
માનનીય મુખ્યમંત્રી
ગુજરાત રાજ્ય.

રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં હાલ તંત્ર દ્વારા ફેન્સીંગ કામગીરી ચાલી રહી છે,જેનો ગ્રામજનો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.એક તરફ ગ્રામજનો વિરોધ કરી રહ્યા છે, તો બીજી બાજુ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ પણ આ વિરોધ સાચો છે કે ખોટો? એ મામલે મૌન સેવ્યું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં લોકડાઉન દરમિયાન ફેન્સીંગના વિરોધના પડઘા છેક દિલ્હી સુધી પડ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ આ પ્રશ્ન ઉઠાવ્યો છે, એક તરફ વિવિધ આદિવાસી સંગઠનો પણ અસરગ્રસ્તોની વ્હારે આવી સાથ આપી રહ્યા છે, ત્યારે ભાજપ સાંસદ પણ હવે મેદાનમાં આવ્યા છે. ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને આ મામલે એક પત્ર લખ્યો છે.

તેમના આ પત્રમાં જણાવ્યા મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામના અસરગ્રસ્તો ,નિગમના અધિકારીઓ અને પોલીસ વચ્ચે છેલ્લા દસેક દિવસથી ફેન્સીંગ મામલે ઘર્ષણ થઈ રહ્યું છે. ગુજરાતના આદિવાસી સંગઠનો, રાજકીય પક્ષો અસરગ્રસ્તોના સમર્થનમાં આવી રહ્યા છે, જેથી ઘર્ષણનું વાતાવરણ બની રહ્યું છે.

BJP સાંસદે સીએમ ને લખ્યું છે કે, તમારી મધ્યસ્થતાથી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવે અને જ્યાં સુધી કોઈ કાયમી ઉકેલ ન આવે,ત્યાં સુધી આ વિસ્તારમાં તાર- ફેન્સીંગ ની કામગીરી સ્થગિત રાખવા આવે તેવી માંગ કરી છે.ત્યારે આ ઘર્ષણ બાબતે સીએમ હવે શુ નિર્ણય લે છે એ જોવું રહ્યું.

રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં જનની સુરક્ષા યોજનામાં પ્રસૂતા માતાઓ સાથે અન્યાય ની બુમ

સરકાર ના પરિપત્ર મુજબ નોર્મલ ડિલિવરી વાળી માતા ને એક કિલો અને સિઝર માતા ને બે કિલો સુખડી આપવી પણ પુરતી માત્ર નથી અપાતી જ્યારે કેટલીક પ્રસૂતા ના વિના મૂલ્યે બ્લડ પણ નથી અપાતું

રાજપીપળા

રાજ્ય સરકાર ની ભલભલી યોજનાઓ માં ખુદ સરકારી તંત્ર ના કર્મચારીઓ કે અધિકારીઓ પોતાના અંગત ફાયદા માટે લાભાર્થીઓ ને મળવાપાત્ર લાભ પુરા મળતા નથી જેમાં નર્મદા જિલ્લા ની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં પ્રસૂતા માતા ને મળતા લાભો માં પણ અન્યાય થતો હોવાની બુમ સંભળાઈ રહી છે.

જાણવા મળ્યા મુજબ સરકારી પરિપત્ર મુજબ જનની સુરક્ષા યોજના માં પ્રસૂતા માતાઓ ને જો નોર્મલ સુવાવડ થાય તો એક કિલો અને સીઝર થાય તો બે કિલો સુકોમેવો આપવો જોક સરકાર ભલે સુકોમેવો આપવા કહે પરંતુ સિવિલ માં આવતી પ્રસૂતા માતાઓને અપાય છે સુખડી તેમાં પણ પરિપત્ર મુજબની માત્રા કરતા ઘણી ઓછી માત્રા માં સુખડી અપાતી હોવાની વાત જાણવા મળી હોય ત્યારે એ બાબતે આ પ્રસુતાઓને યોગ્ય વસ્તુ અને યોગ્ય માત્રા અપાય તે માટે કોણ તપાસ કરી પગલાં લેશે.??

ઝઘડિયામા ૧૬૬૪૦૦ રૂપિયાના દારૂ ઝડપતી ઝગડીયા પોલીસ

ઈકો ગાડી માંથી ઝઘડિયા પોલીસે અલગ-અલગ બ્રાંડની નાની મોટી કુલ ૮૪ બોટલ તથા ઈકો ગાડી મળી કુલ ૧૬૬૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો

ઝઘડીયા



ઝઘડિયા પોલીસે બાતમીના આધારે તાલુકાના હરીપુરા પાટીયા ધારોલી પાસેથી એક ઈકો ગાડી માંથી અલગ અલગ બ્રાન્ડની ૮૪ બોટલો તથા ઈકોગાડી મળી કુલ ૧૬૬૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ઈકો ચાલકની ધરપકડ કરી છે.

ઝઘડિયા તાલુકામાં રોજેરોજ વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે.તાલુકાના રાજપારડી વિસ્તાર માંથી ૧૦ લાખથી વધુ ના વિદેશી દારૂ ઝડપાવાની ઘટનાની શાહી હજી સુકાઈ નથી ત્યાં વધુ વિદેશી દારૂનો જથ્થો તાલુકાના હરીપુરા પાટીયા પાસેથી ઝઘડિયા પોલીસે ઝડપી લીધો છે.ગતરોજ ઝઘડિયા પોલીસને બાતમી મળી હતી કે એક ઈકો ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈને નેત્રંગ બાજુથી ધારોલી થઈ વાલીયા તાલુકાના હીરાપુર ગામે જઈ રહી છે. ઝઘડિયા પોલીસે બાતમીના આધારે હરીપુરા પાટીયા પાસે વોચ ગોઠવી વાહનોની તપાસ હાથધરી હતી. વાહનોની તપાસ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીને ઉભી રાખી તપાસતા હતા તે ગાડી હરીપુરા પાટીયા થી ધારોલી તરફ ભાગવા લાગેલ. પોલીસે તેનો પીછો કરી ધારોલી ગામ આવતા ઈકો ગાડીનો ચાલક ગાડી મુકીને ભાગવાની કોશિશ કરતા તેને ઝડપી લીધો હતો. ઝઘડિયા પોલીસે ઈકોમાં તપાસ કરતા ૮૪ નંગ અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.પોલીસે જપ્ત કરેલા વિદેશી દારૂનો જથ્થો તથા ઈકો ગાડી મળી કુલ ૧૬૬૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ઈકો ચાલક અજીતભાઈ રમેશભાઈ બૈસાણી રહેવાસી હીરાપુર તાલુકો વાલીયા વિરુદ્ધ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

કેવડિયા વિવાદ મુદ્દે રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું નિવેદન : કોંગ્રેસ ઉપર કર્યા પ્રહારો

કોરોનાની મહામારી સામે એકબાજુ લોકડાઉન ચાલુ છે ત્યારે સહાયરૂપ થવાના બદલે લોકોને ભ્રમિત કરવાનું કામ અત્યંત નિંદનીય

આદિવાસીઓને ગેરમાર્ગે દોરીને કોંગ્રેસ રાજનીતિ કરવાનું બંધ કરે - ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા

રાજપીપળા



નામ.હાઈકોર્ટના ચૂકાદા મુજબ કેવડીયા ખાતેના આદિવાસીઓના વિકાસ માટે કામગીરી ચાલી રહી છે આદિવાસીઓને સહાયરૂપ થવા સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા તૈયાર કરાયેલ પેકેજ સત્વરે પૂરૂ પાડવા નિગમ તત્પર સરદાર સરોવર નર્મદા ડેમના અસરગ્રસ્ત આદિવાસીઓ પર અત્યાચારના બનાવો અંગેનું નિવેદન પાયાવિહોણું

ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, નર્મદા જિલ્લામાં વિશ્વની સૌથી ઉંચી સરદાર સાહેબની ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' પ્રોજેક્ટના વિસ્તારમાં વસતા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર હંમેશા ચિંતિત છે. રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પણ સતત મોનીટરીંગ કરીને આદિવાસી બંધુઓને સહેજ પણ નુકસાન ન જાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસે આદિવાસીઓને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવું જોઈએ. સમગ્ર વિશ્વ, દેશ અને રાજય જ્યારે ખભેખભો મિલાવીને કોરોનાની મહામારી સામે જીતવા માટે જંગ લડી રહ્યું છે. ત્યારે મદદરૂપ થવાને બદલે કોંગ્રેસ રાજનીતિ કરે છે તે અત્યંત નિંદનીય છે.

કઠોરમાં તાપી નદી કિનારે પૈસા પત્તાનો જુગાર રમતા સાત પકડાયા

પોલીસે છાપો મારતા એક જુગારી ભાગી છુટયો

સુરત

કામરેજના કઠોર ગામમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે કામરેજ પોલીસ સ્ટેફા દરોડો પાડી તાપી નદીના કિનારે પાના પત્તાનો જુગાર રમતા આઠ પૈકી સાત જુગારીઓની ધપકડ કરી દાવના રૂ. ૩૧૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે ભાગી જનાર એક જુગારીને વોન્ટેડ જાહેર કર્યો છે. પ્રાપ્ત ભાઈ રામજીભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે કઠોર ગામની સીમમાં પાના પત્તાનો જુગાર રમાતો છે જે બાતમીના આધારે પોલીસ સ્ટાફે ગામમાં દરોડો પાડયો હતો. ત્યારે કઠોર ગામે લોખાત હોસ્પિટલની પાછળ તાપી નદીના કિનારે ખુલ્લી જગ્યામાં પાના પત્તાનો જુગાર રમતા અદ્દુલ કાદીર બાદશાહ, ઈસ્યાસ ફારૂક આકુજી, ઝુબેર કાસીમ ભાઈ, ઈદ્રીસ યુસુફ કડવા, ઈમરાન ગની મહેતા, યાહ્યા ઉર્ફે બાબુ હારુન ભૈયાત, અબ્દુલ અબ્બાસ શેખ, તમામ રહે કઠોરનાઓ રંગે હાથ ઝડપાય ગયા હતા. પોલીસે દાવના રૂ. ૩૧૮૦નો મુદ્દામાલ જપ્ત કરી સાત જુગારીઓની ધરપકડ કરી છે દરમિયાન ભાગી ગયેલ ઈકબાલ (રહે કઠોર) ને વોન્ટેડ જાહેર કર્યો છે.